વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૫મું
ડિસેમ્બર - ૨૦૨૦
અંક - ૫૧૧
મંગલ મંદિર ● ડિસેમ્બર-૨૦૨૦ ● ૧
(કુલ પાના : ૫૨ )


# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## હાલ માસ્ક જ વેક્સીન છે





મુખ્ય કાર્યાલય :-

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**


૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060

Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kuthchijainahd.org



તંત્રી મંડળ :
પ્રતાપ નારાણજી દંડ - મુખ્ય તંત્રી
દિનેશ આર. મહેતા - સહતંત્રી


Create
with confidence!
YOUVA Drawing books,
for a creator in you.
Available in 36, 56 and 100 pages
Sizes: Mini, Small, Big, Square, A3 and 33.7cm x 24cm.
www.youvaworld.com
/youvaworld
youvaworld_
YouvaWorld_
youva
THINK. CREATE.

છેલ્લા ૪૪ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**સહ તંત્રી**

**દિનેશ આર. મહેતા**
**મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

● વૈશ્વિક રાજકીય અને આર્થિક ક્ષેત્રે નવી વ્યવસ્થા ........ ૫
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારોને જાહેર અપીલ ........ પ્રદીપ મહેતા - માનદ્ મંત્રી ........ ૬

**લેખ**

**બંધારણ**

● રાષ્ટ્રીય સંવિધાન દિવસ ........ ડૉ. મિહિર એમ. વોરા ........ ૭

**ગુલશન (નવી કોલમ)**

● દિલની જબાન : પ્રવીણચંદ્ર મહેતા 'અમર પાલનપુરી' ........ ચંદ્રવદન પટેલ 'સરલ' ..... ૧૨
સાહિત્યકાર

**પરમ સત્ય**

● ઈન્દ્રામણાં ........ એમ. ડી. સોલંકી ..... ૧૫

**કલ્યાણ**

● ક્રિસમસનો તહેવાર : ઉજવીએ ખુશીઓનો વહેવાર ........ જાગૃતિ તન્ના 'જાનકી' ..... ૧૭
● આ કિરિયા નહીં દીઠી જી ........ પુષ્પાબેન કનકસેન શાહ ..... ૧૮

**વ્યક્તિ / સંસ્થા વિશેષ**

● ૨૦૨૦ની કચ્છી શતાબ્દી પ્રતિભાઓ ........ ભરત'કુમાર' પ્રા. ઠાકર ..... ૨૦
● કળા ઉપાસક : ધરમશી મૂળજી શાહ ........ ભરત'કુમાર' પ્રા. ઠાકર ..... ૨૨

**સંભારણું**

● 'પ્યાર કા પહલા ખત લિખને મેં...' ........ મયૂર દેઢિયા ..... ૨૪

**શ્રદ્ધા**

● શિક્ષણની ભૂમિકામાં સ્ત્રી ........ ડૉ. પલ્લવી શાહ, 'વ્યાખ્યાતા' ..... ૨૫

**સંકલ્પ**

● વૃદ્ધત્વ : ક્યારે અનુભવાય ખમીર અને ખુમારી? ........ પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર ..... ૨૭
પૂર્વ નિયામક

**વાર્તા**

● હું છું ને! (मैं हूँ ना!) ........ બલવીરસિંહ જાડેજા ..... ૨૮
● આત્મસૌંદર્ય ........ સુનિતા એ. શાહ ..... ૩૧

**માહિતી**

● વિશ્વ માનક (Standard) દિવસ - ૨૦૨૦ ........ નિકિતકુમાર એચ. કંસારા ..... ૩૪

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## YOUTH CLUB

● Some Golden Rays ........ Presentation : Dinesh R. Mehta ....... ૩૫

## ગેમ્સ ગેલેરી

● ગેમ્સ - પઝલ - ક્વિઝ ........ **સંકલન : કિરણબેન પી. ઠક્કર** ..... ૩૬
● ગેમ : આવી... આવી... લગ્નની મોસમ આવી... ........ **ભાવના એ. ઝવેરી** ..... ૩૮

## વૈવિધ્ય

● આંજો કાગર ........ ૩૯
● સંસ્કૃત સાહિત્યમાં ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠ ઝલક ........ ૪૦
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૪૧
● વલોવતન ........ **સંકલન : દિનેશ આર. મહેતા** ..... ૪૨
● સાયન્સ : આગ ગરમ કેમ છે? ● કેટલીક વસ્તુઓ શા માટે તરે છે? ........ ૪૬
● વિશ્વમાં કેટલી ભાષા અને કેટલી ઈન્ટરનેટ પર પ્રચલિત? ● શબ્દોના અર્થ ........ ૪૬
● યાદેં – ગીતમાલા (૧૯૪૯થી ૧૯૮૩ સુધીના સદાબહાર ૩૨ ગાયનો) ........ ૪૭

## મનોરમ્ય

● ન લૈલા - ન હીર : **મણિલાલ ડી. રૂઘાણી** ● થાતી ગઈ : **પ્રો. જયંત કોરડિયા 'કેવલ'** ........ ૪૮
● વાણી જો વીરડો / પાણી : **હરિદાસ કે. ઠક્કર** ● બારણું થયું : **ચંદ્રકાંત પટેલ 'સરલ'** ........ ૪૮
● જીવન વસંતને માણો : **શંકર ન. ઠક્કર** ........ ૪૮
● સમરસતાનું ગીત : **ચંદ્રવદન જી. મહેતા 'સારસ'** ● Water Speaks ........ ૪૯
● માણસ મરવા લાગ્યો છે : **કિરીટકુમાર પી. જોશી** ● એ પાણી છે : **અતુલ ઉપાધ્યાય 'અતુલ'** ..... ૪૯

## નિયમિત વિભાગો

● બાલુડેં જ્યું ગાલિયું ........ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૫૦

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

● સમાજ દર્પણ ........ ૫૦

## જિંદગીનો અનુભવ

એક લુહાર ભાઈ એરણ ઉપર હથોડાથી કામ કરતા હતા. ત્યારે કોઈકે પૂછ્યું, 'ભાઈ, કેટલા વર્ષોથી લુહારી કામ કરો છો?' તો એમણે કહ્યું, 'અડધી જિંદગી આમાં જ કાઢી નાખી છે... ભાઈ!' એટલે લુહાર ભાઈને પાછો બીજો પ્રશ્ન કર્યો : 'આ કામમાં તમારી જિંદગીનો અનુભવ શું?'

ત્યારે પેલા લુહાર ભાઈ એક ખૂબ જ સુંદર જવાબ આપે છે : 'હથોડા તો ઘણા તોડ્યા પણ એરણ તો એની એ જ છે. આ જ મારો અનુભવ છે. કહેવાનો મતલબ એ છે કે... **ભાઈ 'ઘા' મારવાવાળા તૂટે છે પણ 'ઘા' સહન કરનારા કોઈ દિવસ નથી તૂટતાં. એ હંમેશાં અડીખમ રહે છે.'**

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# વૈશ્વિક રાજકીય અને આર્થિક ક્ષેત્રે નવી વ્યવસ્થા

બીજા વિશ્વયુદ્ધ બાદ જે રીતે વૈશ્વિક વ્યવસ્થા બદલાઈ ગઈ હતી એ જ રીતે કોરોના સામેના યુદ્ધ પછી પણ વિશ્વની વ્યવસ્થા આંશિક રીતે બદલાઈ રહી છે. યોગાનુયોગે એ સમયે સામ્યવાદી સોવિયેત સંઘ અને મૂડીવાદી અમેરિકાએ બે મોરચા ખોલ્યા હતા. આજે ચીન સામ્યવાદી છે અને મૂડીવાદી પણ છે. સાથે સાથે તેને વિસ્તારવાદી પણ ગણવામાં આવે છે. આજની નવી વૈશ્વિક વ્યવસ્થામાં ચીન એક તરફ અને ભારત સહિતના અન્ય દેશો બીજી તરફ થઈ રહ્યા છે. આ બંને મોરચા હજી બિલકુલ સ્પષ્ટ થયા નથી પરંતુ અત્યારે ચીન એકલું પડી જાય તેવા એંધાણ વર્તાય છે.

અમેરિકાની વાત કરીએ તો ત્યાં પ્રમુખપદ માટેની ચૂંટણી સંપન્ન થઈ છે. બિડેન અમેરિકાના ૪૬મા પ્રમુખ પદે આરુઢ થયા છે. અમેરિકાની આ વખતની પ્રમુખપદ માટેની ચૂંટણી, તેનાં પરિણામો અને તેને અનુલક્ષીને ત્યાં જે કાંઈ બન્યું તેની ચર્ચા અત્રે નહીં કરીએ પરંતુ એક વાત સ્પષ્ટ સ્વરૂપે ઉપસી આવેલ છે કે, બિડેન ત્યાંના પ્રમુખ બન્યા તો પણ ચીન પ્રત્યેની અમેરિકાની નીતિ યથાવત રહેશે.

અગાઉ થઈ ગયેલા બે વિશ્વયુદ્ધોમાં અલગ અલગ રાષ્ટ્રોનાં બે સમુહો સામસામે લડ્યાં હતાં. આજે વિશ્વના મોટાભાગના દેશો કોરોના વાયરસ સામે લાંબા સમયથી લડી રહ્યાં છે. કોરોના વાયરસ ચીનનું બાયોવેપન જેવું હોવાની શંકાઓ અગાઉ બહાર આવી ચૂકી છે. **તે સાથે ચીનની વિસ્તારવાદી શાસન પદ્ધતિ પણ વિશ્વ સમક્ષ એક મોટો પ્રશ્ન આજે બન્યો છે.** નોંધનીય છે કે હજુ કોરોનાએ દુનિયાનો પીછો છોડ્યો નથી ત્યાં ચીનમાંથી અન્ય મહામારી ફેલાવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી હતી અથવા તો કોરોનાનો બીજો રાઉન્ડ શરૂ થાય તો નવાઇ નહીં એવી આશંકા પણ દર્શાવવામાં આવી. **કોરોના પછી વિશ્વ પહેલાં જેવું રહ્યું નથી અને કદાચ રહેશે પણ નહીં.** એ વાત ધીરે ધીરે સ્પષ્ટ થતી જાય છે. નવા નવા તુક્કાઓ સાથે હવે ચીનની વિસ્તારવાદી નીતિ ખુલ્લી થતી જાય છે. આ વિષયના સંદર્ભમાં અમેરિકા જેવી મહાસત્તા આ નવી મહાસત્તાનો ઉદય થાય નહીં એ વાતની તકેદારી નવા શાસનમાં પણ રાખશે એમાં કોઈ શંકા નથી. ફરી એકવાર વિશ્વનો રાજકીય નકશો ધીરે ધીરે બદલાઈ રહ્યો છે.


ઉપરોક્ત પરિવર્તનના સંદર્ભમાં જાપાન અને યુરોપિયન યુનિયન હવે અનેક વસ્તુઓ માટે ચીન પરની નિર્ભરતા ઘટાડીને ભારત જેવા દેશ તરફ નજર કરી રહ્યા છે. **ચીન પોતાની વગ વધે એ રીતનું કોઈપણ રોકાણ કરે નહીં એવી નીતિ ભારત, જર્મની, ઓસ્ટ્રેલિયા વગેરે રાષ્ટ્રોએ અપનાવી છે.** બીજી તરફ ઓસ્ટ્રેલિયા અને તાઈવાન સાથેના ચીનના સંબંધો પણ તિરસ્કરણીય રહ્યા છે.

ચીને હોંગકોંગમાં પોતાનો નેશનલ સિક્યોરિટિ લૉ લાગુ કરતાં, ત્યાં પણ વિચિત્ર સ્થિતિનું નિર્માણ થયું હતું. વિશ્વમાં ટ્રેડિંગની દૃષ્ટિએ મહત્ત્વનું સ્થાન ધરાવતું હોંગકોંગ આગામી દિવસોમાં એ સ્થાન ગુમાવતું જણાશે. આ ઘટનાને લીધે બ્રિટન સાથેના તેના સંબંધો પણ વિસ્ફોટજનક બની રહ્યા છે. આ પરિસ્થિતિની વચ્ચે હોંગકોંગની જેમ બ્રિટનમાં નવું ટ્રેડિંગ સેન્ટર નિર્માણ પામે તો નવાઈ નહીં. થોડા સમય અગાઉ નેપાળ સાથે ભારતની કાંઈક અંશે જે પણ ચડભડ થઈ તેની પણ નોંધ લેવી ઘટે. ચીન અત્યાર સુધી બધી બાબત કોઈને ખબર ન પડે તે રીતે કરતું હતું અને ધીરે ધીરે પોતાનો વિસ્તાર વધારવાના પ્રયાસો કરી રહ્યું હતું. પરંતુ હવે કોરોના વાયરસના પગલે તેની બધી નીતિઓ ખુલ્લી પડી ગઈ છે અને વિશ્વમાં અનેક રાષ્ટ્રો દ્વારા તેનો વિરોધ થવા લાગ્યો છે. આ પ્રકારની પરિસ્થિતિ વચ્ચે તાજેતરમાં એશિયા પેસિફિક ક્ષેત્રના ૧૫ દેશોએ એક મુક્ત વેપારની સમજૂતિ કરી છે. જેના થકી તેમની વચ્ચેના વેપારને સરળ કરવાનો ઉદ્દેશ છે. આ જોગવાઈ હેઠળ તેમાં જોડાયેલા રાષ્ટ્રોના પરસ્પરના વેપારમાં ટેક્ષ તથા આર્થિક ક્ષેત્રે અનેક છૂટછાટ આપવાની નેમ છે. આ સમજૂતિમાં ૧૫ રાષ્ટ્રો પૈકી ૧૦ દેશો આસિયાન સમૂહના છે. તેઓએ વિશ્વની સૌથી મોટી વ્યાપારી સમજૂતિ ગણાતી રિજનલ કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ (આરસીઈપી) પર હસ્તાક્ષર કરીને તેને આખરી સ્વરૂપ આપ્યું છે. અગર ચીન તરફનો હસ્તક્ષેપ નહીં જણાય તો ભારત કદાચ આ સમજૂતિમાં જોડાઈ શકે છે. આ રીતે, વેપાર - આર્થિક ક્ષેત્રે એક નવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. આ રીતે આગામી દિવસોમાં નવી વૈશ્વિક રાજકીય અને આર્થિક વ્યવસ્થા તૈયાર થઇને સામે આવે તો જરાય આશ્ચર્યજનક નથી.

**વર્ષ ૨૦૨૦ દરમિયાન** કોરોના વાયરસના પ્રકોપે સમગ્ર માનવજાતની જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું છે. વિશ્વમાં આર્થિક મંદી, બેરોજગારી, બે રાષ્ટ્રો વચ્ચે પરસ્પરના રાજકીય સંબંધો વગેરે ક્ષેત્રે નવા સમીકરણો મૂકાઈ રહ્યા છે. આવી પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે આવતું નૂતન વર્ષ એટલે કે ૨૦૨૧માં માનવજાતનું સમગ્ર રીતે કલ્યાણ થાય તેવી પરિસ્થિતિનું વૈશ્વિક સ્તરે નિર્માણ થાય તેવું આપણે ઇચ્છીએ. ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારોને

## જાહેર અપીલ




હાલમાં ચાલી રહેલી વૈશ્વિક કોરોના મહામારી પ્રતિદિન ગંભીર બનતી જાય છે. આ કારણે સમગ્ર વિશ્વમાં પૂરતી સાવચેતી રાખવામાં આવી રહી છે. હકીકતમાં કોરોના સામે લડવા લોકજાગૃતિ ફક્ત એક જ મહત્ત્વનો ઇલાજ છે. લોકોએ સ્વજાગૃત થઈને આ ક્ષેત્રે કામગીરી કરવી પડશે. જેમાં મુખ્યત્વે જાહેર સ્થળોએ સોશિયલ ડિસ્ટન્સિંગ (દો ગજ દૂરી), માસ્ક પહેરવું ફરજિયાત, વારંવાર હાથ ધોવા કે સેનેટાઇઝ કરવા, કોઈ ખૂબ જ અગત્યના કામ વગર બહાર ન નીકળવું – વગેરેનું પાલન કરવું અગત્યનું છે. આ વૈશ્વિક મહામારીએ આર્થિક રીતે સંપન્ન એવા ઘણા બધા માંધાતાઓને પણ બાકી નથી રાખ્યા જેવા કે, કોંગ્રેસના જાણીતા અગ્રીમ હરોળના શ્રી અહેમદ પટેલ, અમદાવાદના શ્રી બદરૂદ્દીન શેખ, વિખ્યાત ગુજરાતી અભિનેતા શ્રી નરેશ કનોડિયા કે જેઓ પાસે ટ્રીટમેન્ટના ખર્ચ વિ. માટેની કોઈ કમી આવે તેમ ન હતી, છતાં પણ તેઓ આ મહામારીનો ભોગ બની ગયેલ છે. જેથી આવા ઉદાહરણો જોતાં સામાન્ય પરિસ્થિતિ ધરાવતા નાગરિકો તથા તેમના પરિવારજનોની સુરક્ષા હવે ખુદ તેમના પર જ નિર્ભર કરે છે. રોજબરોજના સંક્રમિતોની સંખ્યા તથા રીકવરી રેટને ધ્યાને ન લેતાં, આ સંક્રમણ જેમ બને તેમ ઓછું થાય તે જ આપણો એક ઉદ્દેશ હોવો જોઈએ. વારંવાર સરકારશ્રી તરફથી જાહેર થતાં દિશા નિર્દેશોનું ચુસ્તપણે પાલન કરીએ. આ વૈશ્વિક મહામારી કાયમ માટે દુનિયા બદલાવી નાખે એવું આપણે ના વિચારીએ તેના માટે એક નવા, બદલાયેલા અને શિસ્તથી ભરપૂર અને સ્વસ્થ દેશ અને દુનિયાના ભવિષ્ય અને સમાજ માટે માનવજાતે તૈયાર થવું જ પડશે.

**"હાલ માસ્ક જ વેક્સિન છે."**

*પ્રદીપ સૂરજલાલ મહેતા,*
*માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

બંધારણ

# રાષ્ટ્રીય સંવિધાન દિવસ



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, આ વર્ષે ભારત પોતાના ૭૧મા સંવિધાન દિવસની ઉજવણી કરી રહ્યું છે, જેને રાષ્ટ્રીય કાયદા દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આવો તેનો ઇતિહાસ જોઈએ.

દુનિયાનું સૌથી મોટું બંધારણ ભારતનું છે. તે કોઇ પ્રિન્ટ કે ટાઈપ રાઈટર દ્વારા નહીં પણ હાથેથી લખવામાં આવ્યું હતું. **તેને લખતા ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસ થયા હતા અને ૨૮૪ લોકો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.** દર વર્ષે ૨૬ નવેમ્બરના રોજ ભારતના બંધારણને દત્તક લેવા માટે ભારતમાં ઉજવવામાં આવે છે. **૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ ભારતનું બંધારણ સ્વીકાર્યું અને તે ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ અમલમાં આવ્યું.** ભારત સરકારે ગેઝેટ સૂચના દ્વારા ૧૯ નવેમ્બર, ૨૦૧૫ના રોજ ૨૬ નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઘોષિત કરી હતી. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૧ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ મુંબઈમાં ઇંદુ મિલ્સ કમ્પાઉન્ડમાં બી. આર. આંબેડકરના સ્ટેચ્યુ ઓફ ઇક્વાલિટી સ્મારકનો શિલાન્યાસ કરતી વખતે આ ઘોષણા કરી હતી. વર્ષ ૨૦૧૫, એ ડૉ. આંબેડકરની (૧૪ એપ્રિલ ૧૮૯૧ – ૬ ડિસેમ્બર ૧૯૫૬) ૧૨૫મી જન્મજયંતી હતી. આંબેડકરજીના સન્માનમાં ૧૨૫ જન્મ જયંતી નિમિત્તે ભારત સરકારે ૨૦૧૫માં ૧૦ રૂપિયા અને ૧૨૫ રૂપિયાના સિક્કા જારી કર્યા હતા. જે ભારતીય બંધારણના ડ્રાફ્ટ તરીકે ઓળખાય છે. જેમણે બંધારણ સભાની મુસદ્દાની સમિતિના અધ્યક્ષ સ્થાને અને બંધારણના ઘડતરમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. બંધારણના મહત્ત્વને ફેલાવવા અને આંબેડકરજીના વિચારો ફેલાવવા ૨૬ નવેમ્બરની પસંદગી કરવામાં આવી હતી. બંધારણનો દિવસ જાહેર રજા નથી. ભારત સરકારના વિવિધ વિભાગોએ પ્રથમ બંધારણ દિવસની ઉજવણી કરી. શિક્ષણ અને સાક્ષરતા વિભાગ મુજબ, બંધારણની પ્રસ્તાવના તમામ વિદ્યાર્થીઓ દ્વારા તમામ શાળાઓમાં વાંચી હતી. આ ઉપરાંત ભારતના બંધારણના વિષય પર ઓનલાઇન અને ઑફલાઇન બંને વચ્ચે ક્વિઝ અને નિબંધ સ્પર્ધાઓ યોજાઈ હતી. દરેક શાળામાં બંધારણની મુખ્ય લાક્ષણિકતાઓ વિશેનું પ્રવચન હતું. ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ યુનિવર્સિટીઓને કોલેજોમાં સંસદીય ચર્ચાઓ ગોઠવવા વિનંતી કરવામાં આવી હતી અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ.જી.સી.)એ લખનૌની આંબેકર યુનિવર્સિટીમાં એક અખિલ ભારતીય ક્વિઝ સ્પર્ધા યોજી હતી. જેમાં તમામ રાજ્યોના ક્વિઝ વિજેતાઓએ ભાગ લીધો હતો. વિદેશ મંત્રાલયે તમામ વિદેશી ભારતીય શાળાઓને ૨૬ નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાનો નિર્દેશ આપ્યો હતો અને દૂતાવાસોને નિર્દેશ આપ્યો હતો કે બંધારણને તે રાષ્ટ્રની સ્થાનિક ભાષામાં અનુવાદિત કરવામાં આવે અને તેને વિવિધ એકેડેમી, ગ્રંથાલયો અને ભારતીય વિદ્યાશાખામાં વહેંચવામાં આવે. ભારતીય બંધારણને અરબીમાં અનુવાદિત કરવાનું કામ પૂર્ણ થઈ ગયું છે. ડિપાર્ટમેન્ટ ઓફ સ્પોર્ટ દ્વારા "રન ફોર ઇક્વાલિટી"ની ગોઠવણ કરવામાં આવી છે. બંધારણ અને આંબેડકરને શ્રદ્ધાંજલિ આપવા ૨૬ નવેમ્બર, ૨૦૧૫ના રોજ ભારતીય સંસદનું વિશેષ સત્ર હતું. આ પ્રસંગે સંસદ ભવન સંકુલને પણ સુશોભિત કરવામાં આવ્યું હતું. **ભારત દેશ ધર્મ નિરપેક્ષ, પ્રજાસત્તાક, સંસદીય પ્રણાલી ધરાવનાર ગણરાજ્ય છે. જેનું સંચાલન, દિશા નિર્દેશન, તમામ કાયદાઓનો સંગ્રહ કે સર્વોચ્ચ કાયદો એ ભારતનું બંધારણ છે.** ભારત ગણરાજ્યમાં ભારતના બંધારણ મુજબ શાસન વ્યવસ્થા ચાલે છે. ૨૬ જાન્યુઆરીનો દિવસ ભારતમાં પ્રજાસત્તાક પર્વ તરીકે ઉજવવામાં આવે છે. મૂળ અપનાવાયેલા બંધારણમાં ૨૨ ભાગો, ૩૯૫ અનુચ્છેદ અને ૮ અનુસૂચિઓ હતા. જેમાં બંધારણીય સુધારા થતાં વખતોવખત ફેરફાર કરવામાં આવ્યા.

ભારતનું બંધારણ કલમ ૩૭૦ મુજબ જમ્મુ અને કાશ્મીરમાં લાગુ પડતું ન હતું. જેમાં ૨૦૨૦માં સુધારો કરતા, તે હવે સમગ્ર ભારતમાં લાગુ પડે છે. **ભારતનું બંધારણ વિશ્વના તમામ લોકતાંત્રિક દેશોના બંધારણ કરતાં સૌથી મોટું લેખિત બંધારણ છે.** તેમાં વખતો વખતના સુધારાના કારણે અત્યારે ૪૬૫ અનુચ્છેદ અને ૧૨ અનુસૂચિઓ છે. તે કુલ ૨૫ ભાગોમાં વિભાજીત છે. બંધારણમાં ભારત સરકારના સંસદીય સ્વરૂપનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે. જેનું સ્વરૂપ કેટલાક અપવાદોને બાદ કરતા સંઘીય પ્રણાલી આધારિત છે. કેન્દ્રની સર્વોચ્ચ સરકારના કાર્યકારી બંધારણીય પ્રમુખ રાષ્ટ્રપતિ છે. ભારતના બંધારણની કલમ ૭૯ અનુસાર કેન્દ્રની સંસદીય પરિષદમાં

રાષ્ટ્રપતિ તથા બે સભાઓ છે. જેમાં લોકો દ્વારા સીધા ચૂંટાયેલા સાંસદોની સભા લોકસભા અને રાજ્યો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓની સભા રાજ્ય સભા છે. **બંધારણની કલમ ૭૪(૧)માં એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે રાષ્ટ્રપતિની સહાયતા તથા તેને સલાહ આપવા માટે એક મંત્રીમંડળ હશે, જેના પ્રમુખ વડાપ્રધાન હશે.** રાષ્ટ્રપતિ આ મંત્રીમંડળની સલાહ મુજબ કાર્ય કરે છે.

ભારતના દરેક રાજ્યમાં એક વિધાનસભા અથવા ધારાસભા પણ હોય છે, જે લોકસભા હેઠળ કાર્ય કરે છે. જમ્મુ કાશ્મીર, ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં ઉપરી સભા પણ છે જેને વિધાન પરિષદના નામે ઓળખવામાં આવે છે. રાજ્યપાલ એ દરેક રાજ્યના વડા છે, જ્યારે મુખ્યમંત્રી એ મંત્રીમંડળના વડા છે. મંત્રીમંડળ સામુહિક રીતે ધારાસભા કે વિધાનસભા દ્વારા નક્કી થાય છે અને એ સભામાં જે ઠરાવો થાય તે મુજબ કાર્ય કરે છે અને એ મંત્રીઓ પણ એ સભાનો જ એક ભાગ છે. સભાની બેઠકના અધ્યક્ષ અલગથી નિમવામાં આવે છે જેની જવાબદારી વિધાનસભાની બેઠકનું સંચાલન કરવાની છે અને તે કોઈ કારણોસર કોઈપણ ધારાસભ્યને ચોક્કસ સમય સુધી વિધાનસભા / ધારાસભાની બેઠકમાં પ્રતિબંધિત પણ કરી શકે છે.

બંધારણના સાતમા અનુચ્છેદમાં સંસદસભ્યો અને ધારાસભ્યોના અધિકારોનું વર્ણન કરવામાં આવ્યું છે. કેન્દ્રશાસિત પ્રદેશો સીધા જ કેન્દ્ર સરકાર હેઠળ કેન્દ્રના દિશા નિર્દેશન મુજબ કાર્ય કરે છે. ઈ.સ. ૧૬૦૦માં એલિઝાબેથ પ્રથમના ચાર્ટર એક્ટ દ્વારા ભારતમાં અંગ્રેજોની 'ઈસ્ટ ઈન્ડિયા કંપની'ને વ્યાપાર કરવાનો પરવાનો પ્રાપ્ત થયો. **૧૭૬૫માં કંપનીને બંગાળ, બિહાર અને ઉડિસામાં દીવાની સત્તા પ્રાપ્ત થઈ અને આ સાથે જ અંગ્રેજોના અપ્રત્યક્ષ શાસનનો પ્રારંભ થયો. વિભિન્ન અધિનિયમોના ક્રમિક સુધારા દ્વારા બંધારણ નિર્માણની પ્રક્રિયા શરૂ થવા પામી. ૧૯૪૬માં બંધારણ સભાની રચનાથી તેની ઠોસ શરૂઆત થઈ. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ બંધારણ અમલમાં આવ્યું અને ભારત એક પૂર્ણ સંસદીય પ્રજાસત્તાક બન્યું.**

- **રેગ્યુલેટિંગ એક્ટ, ૧૭૭૩ :**

ભારતમાં અંગ્રેજો દ્વારા પસાર કરવામાં આવેલ. આ પહેલો એક્ટ હતો, જે અંતર્ગત ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા સંસદીય નિયંત્રણની શરૂઆત થઈ. આ ધારો ભારતમાં અંગ્રેજોના શાસનને દ્રઢ કરવામાં અને વહીવટી કેન્દ્રિકરણની દિશામાં પહેલો કદમ હતો. **આ કાયદા દ્વારા ૧૭૭૪માં બંગાળમાં એક સર્વોચ્ચ ન્યાયાલયની સ્થાપના કરવામાં આવી હતી** તથા બંગાળના ગવર્નરને અંગ્રેજી આધિપત્ય ધરાવતા તમામ ક્ષેત્રોના ગવર્નર નિયુક્ત કરાયા હતા.

- **પીટનો ઇન્ડિયા ધારો, ૧૭૮૪ :**

આ ધારા અન્વયે કંપનીને માત્ર વ્યાપાર અને વાણિજ્યની જવાબદારી સોંપવામાં આવી તથા રાજકીય બાબતો બ્રિટન સરકાર હસ્તગત લેવામાં આવી.

- **ચાર્ટર અધિનિયમ, ૧૭૯૩ :**

આ ધારા અન્વયે ૨૦ વર્ષની અવધિ માટે કંપનીનો વ્યાપારી પરવાનો તાજો કરવામાં આવ્યો.

- **ચાર્ટર અધિનિયમ, ૧૮૧૩ :**

આ અધિનિયમ અન્વયે કંપનીનો વ્યાપારી પરવાનાનો એકાધિકાર સમાપ્ત કરવામાં આવ્યો તથા તમામ બ્રિટીશ નાગરિકો માટે ભારતીય બજારને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. તેમજ ધર્મ પ્રચારકોને ભારતમાં પ્રચારની છૂટ આપવામાં આવી હતી. મદ્રાસ, મુંબઈ અને કલકત્તાની કાઉન્સિલોની સત્તા વધારવામાં આવી.

- **ચાર્ટર અધિનિયમ, ૧૮૩૩ :**

બંગાળના ગવર્નર જનરલને ભારતના ગવર્નર જનરલ બનાવવામાં આવ્યા. જે અંતર્ગત **લોર્ડ વિલિયમ બેન્ટિક** ભારતના સૌપ્રથમ ગવર્નર જનરલ નિયુક્ત થયા હતા. આ અધિનિયમ દ્વારા ઈસ્ટ ઈન્ડિયા કંપનીની તમામ વ્યાપારી ગતિવિધિઓને બંધ કરવામાં આવી હતી. ભારતમાં દાસપ્રથાને ગેરકાનૂની જાહેર કરાઈ.

- **ચાર્ટર અધિનિયમ, ૧૮૫૩ :**

ચાર્ટર અધિનિયમો પૈકીના અંતિમ અધિનિયમ અંતર્ગત ભારતમાં સિવિલ સેવાનો પ્રારંભ થયો. વિધાન પરિષદની રચના કરવામાં આવી. ગવર્નર જનરલની પરિષદના વૈધાનિક અને કાર્યકારી કાર્યોને પૃથક કરવામાં આવ્યા હતા.

- **ભારત શાસન અધિનિયમ, ૧૮૫૮ :**

૧૮૫૭ના વિપ્લવના પ્રત્યાઘાતરૂપે બ્રિટીશ સંસદ દ્વારા 'ધ એક્ટ ફોર ધ ગુડ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા' ધારો ૧૮૫૮ પસાર કરવામાં આવ્યો. જે અંતર્ગત બોર્ડ ઓફ કન્ટ્રોલ અને બોર્ડ ઓફ ડાયરેક્ટરને સમાપ્ત કરી સમગ્ર ભારતને બ્રિટીશ સંસદના સીધા શાસન હેઠળ મૂકવામાં આવ્યું તથા લોર્ડ કેનિંગ ભારતના પ્રથમ વાઈસરોય બન્યા.

- **ભારતીય પરિષદ અધિનિયમ, ૧૮૬૧ :**

આ કાયદા અન્વયે નીતિવિષયક સુધારા અમલમાં આવ્યા. આ એક્ટ ભારતના બંધારણમાં એક સીમાચિહ્ન છે. કાઉન્સિલમાં હિંદના લોકોને પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવાની છૂટ મળી.

ગવર્નર જનરલની વૈધાનિક સત્તાઓનું વિકેન્દ્રીકરણ થયું. કેન્દ્ર તથા અન્ય પ્રાંતોમાં વિધાન પરિષદોની સ્થાપના કરવામાં આવી.

- **ભારતીય પરિષદ અધિનિયમ, ૧૮૯૨ :**

કેન્દ્રીય તથા પ્રાંતીય પરિષદોના આકાર અને કાર્યક્ષેત્રમાં વધારો કરવામાં આવ્યો. કાઉન્સિલોને અમુક નિયમો, શરતો તથા મર્યાદામાં રહીને અંદાજપત્ર તથા વાર્ષિક નાણાંકીય નિવેદન કરવાની છૂટ મળી. **પરિષદના સભ્યોને પ્રશ્ન પૂછવાનો અધિકાર મળ્યો.**

- **ભારતીય પરિષદ અધિનિયમ, ૧૯૦૯ :**

આ અધિનિયમ **મોર્લે-મિન્ટો** સુધારા તરીકે પણ ઓળખવામાં આવે છે. જે અંતર્ગત કાઉન્સિલોનું વિસ્તરણ કરવામાં આવ્યું. ઇન્ડિયન લેજિસ્લેટિવ કાઉન્સિલની સભ્ય સંખ્યા ૧૬થી વધારીને ૬૦ કરવામાં આવી. આ ધારા હેઠળ સૌ પ્રથમવાર ચૂંટણી વ્યવસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો. **જે અંતર્ગત મુસ્લિમો માટે અલગ પ્રતિનિધિત્વની જોગવાઈ કરવામાં આવી.**

- **ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૧૯ :**

આ અધિનિયમ મોન્ટેગ્યુ-ચેમ્સફોર્ડ સુધારા તરીકે ઓળખાય છે. 'જવાબદાર સરકાર અને સ્વશાસનલક્ષી સંસ્થાઓનો વિકાસ'ના પાયા પર આધારિત આ એક્ટ દ્વારા બંધારણીય પ્રથામાં અગત્યના ફેરફારો થયા. જેમાં ઇન્ડિયન લેજિસ્લેટિવ કાઉન્સિલના સ્થાને ઉપલું ગૃહ અને નીચલું ગૃહ ધરાવતું દ્વિગૃહી વિધાનમંડળ અસ્તિત્વમાં આવ્યું. આંગ્લ-ભારતીય, શીખ તથા યુરોપીય અને ઇસાઈઓને અલગ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું. ક્ષેત્રીય વિષયોને બે ભાગમાં વિભાજિત કરવામાં આવ્યા : આરક્ષિત અને હસ્તાંતરીત. આરક્ષિત વિષયો ગવર્નર પાસે રહેતા જ્યારે હસ્તાંતરીત વિષયો ભારતીય મંત્રી પાસે રહેતા.

- **ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ :**

આ એક્ટને ભારતીય સંવૈધાનિક વિકાસના અંતિમ ચરણ તરીકે જોવામાં આવે છે. જેમાં બ્રિટીશ હકુમત હેઠળના પ્રદેશો તથા દેશી રજવાડાના બનેલા ભારતીય મહાસંઘ અથવા અખિલ ભારતની સંકલ્પના રજૂ કરવામાં આવી. આ અધિનિયમ અંતર્ગત પ્રાંતોમાં દ્વિ-શાસનનો અંત કરવામાં આવ્યો તથા પ્રાંતીય સ્વાયત્તતાની શરૂઆત કરવામાં આવી. કેન્દ્રીય અદાલતની સ્થાપના કરવામાં આવી તથા આ અદાલતના નિર્ણય વિરુદ્ધ લંડનની પ્રિવી કાઉન્સિલમાં અપીલ કરવાની જોગવાઈ કરવામાં આવી.

રાષ્ટ્રીય આંદોલન અને બંધારણ વિકાસ ૧૯૩૫ના અધિનિયમ બાદ રાષ્ટ્રીય આંદોલનોની સાથે જ બંધારણ વિકાસની પ્રક્રિયા અપ્રત્યક્ષરૂપે આગળ વધતી રહી. ૧૯૨૩માં દિલ્હી ખાતે આયોજિત સર્વદલિય સંમેલનમાં 'કોમનવેલ્થ ઑફ ઇન્ડિયા બીલ' દ્વારા બંધારણના આવશ્યક તત્ત્વોની રૂપરેખા પ્રસ્તુત કરવામાં આવી. આ પહેલો સંગઠિત પ્રયાસ હતો. ૧૯૩૪માં કોંગ્રેસે શ્વેતપત્ર દ્વારા વયસ્ક મતાધિકાર અને બંધારણ સભાની રચનાની માંગ કરી. ૧૯૪૦માં ઓગસ્ટ પ્રસ્તાવ દ્વારા તત્કાલીન વાઇસરોય લોર્ડ લિનલિથગોએ વિશ્વયુદ્ધ બાદ બંધારણ સભાના નિર્માણની ખાતરી આપી. ૧૯૪૨માં કેબિનેટ મંત્રી સર સ્ટેફોર્ડ ક્રિપ્સની અધ્યક્ષતામાં ક્રિપ્સ મિશન ભારત મોકલવામાં આવ્યું પરંતુ બધા જ રાજકીય પક્ષોએ તેની દરખાસ્તોને જુદા જુદા કારણોસર ફગાવી દીધી. કોંગ્રેસને દેશના ભાગલા પડી જવાની શક્યતા જણાતા આ દરખાસ્તને 'પાછલી તારીખનો ચેક' કહી વખોડી કાઢી હતી. ૧૯૪૫માં તત્કાલિન વાઇસરોય લોર્ડ વેવેલ એ ૨૫ જૂનના રોજ સીમલા ખાતેના સંમેલનમાં હિંદવાસીઓ પોતાનું બંધારણ જાતે ઘડે ત્યાં સુધી કામચલાઉ વ્યવસ્થા તરીકે હિંદુઓ અને મુસ્લિમોની સમાનતાના ધોરણે એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં સમાવેશ કરવાની 'વેવેલ યોજના'નો પ્રસ્તાવ રજૂ કર્યો. કોંગ્રેસની અખંડ હિંદુસ્તાનની માંગ અને મુસ્લિમ લીગની પૃથક પાકિસ્તાનની માંગણીને કારણે આ વાટાઘાટો પણ નિષ્ફળ ગઈ. વેવેલ યોજનાની નિષ્ફળતા બાદ ૧૯૪૬માં ભારતના રાજનૈતિક ગતિરોધને દૂર કરવા કેબિનેટ મિશનને ભારત મોકલવામાં આવ્યું. પૈથિક લોરેન્સ, સર સ્ટેફોર્ડ ક્રિપ્સ અને એ.વી. એલેકઝાન્ડરની સદસ્યતાવાળા આ મિશને બંધારણ સભાના ગઠનની ખાતરી આપી. બ્રિટીશ ભારત અને દેશી રાજ્યોના સંગઠનથી ભારતીય કિસાન સંઘ બનાવવો. વિદેશી બાબતો, સંરક્ષણ, સંચાર જેવા વિષયો સંબંધિત સત્તા આપવી. કેન્દ્રીય કારોબારી તંત્ર અને વિધાનમંડળની રચના કરવી જેમાં બ્રિટીશ ભારત અને દેશી રજવાડાંને પ્રતિનિધિત્વ આપવું. વચગાળાની સરકારની રચના કરવી વગેરે કમિશનની મુખ્ય ભલામણો હતી. **૨૪ ઓગસ્ટ, ૧૯૪૬ના રોજ વચગાળાની સરકારની જાહેરાત કરવામાં આવી. જવાહરલાલ નહેરુના નેતૃત્વમાં ૧૧ સહયોગી સદસ્યોની સાથે ૨ સપ્ટેમ્બર, ૧૯૪૬ના દિવસે સરકાર રચાઈ. ડિસેમ્બર ૧૯૪૬માં ડો. રાજેન્દ્રપ્રસાદની અધ્યક્ષતામાં બંધારણ સભાનું ગઠન કરવામાં આવ્યું. મુસ્લિમ લીગ દ્વારા બંધારણ સભાની રચનાનો વિરોધ કરાયો અને અલગ પાકિસ્તાનની માંગ કરવામાં આવી.** રાજકીય ગતિરોધના કારણે સત્તાનું હસ્તાંતરણ ગૂંચવાડાભર્યું બન્યું. દેશમાં પ્રવર્તી રહેલા આંતરવિગ્રહ, અરાજકતા અને અંધાધૂંધીને કારણે કોંગ્રેસ દેશના ભાગલાના વિકલ્પને અનિવાર્યપણે સ્વીકારવા તૈયાર થઈ. ૧૯૪૭માં તત્કાલિન વાઇસરોય લોર્ડ માઉન્ટબેટન દ્વારા વિભાજનની રૂપરેખા ઘડવામાં આવી. માઉન્ટબેટન યોજના પર સહમતિ બાદ બ્રિટીશ સંસદ દ્વારા ભારતીય સ્વતંત્રતા અધિનિયમ, ૧૯૪૭ (ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ એક્ટ, ૧૯૪૭)

પારિત કરવામાં આવ્યો. ૧૮ જુલાઈ, ૧૯૪૭ના રોજ આ અધિનિયમને બ્રિટનની મહારાણીએ સ્વીકૃતિ પ્રદાન કરી. જેના પરિણામરૂપે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે ભારત અને પાકિસ્તાન નામના બે ડોમેનિયમ સ્ટેટ્સની સ્થાપના કરવાનું નક્કી કરાયું.

બંધારણ ઘડવા માટે રચાયેલી ચૂંટાયેલા પ્રતિનિધિઓની સમિતિને 'બંધારણ સભા' કહે છે. આ સભાની કુલ સભ્ય સંખ્યા ૩૮૯ હતી. જે પૈકી ૨૯૨ પ્રતિનિધિઓ બ્રિટીશ હિંદના ૧૧ પ્રાંતોની વિધાનસભાઓથી, ૯૩ પ્રતિનિધિઓ દેશી રજવાડાંના તથા ૪ પ્રતિનિધિઓ ચીફ કમિશનરોના ચાર પ્રાંત દિલ્હી, અજમેર-મારવાડ, કૂર્ગ અને બ્રિટીશ બલુચિસ્તાન માટે આરક્ષિત રાખવામાં આવ્યા હતા. પ્રત્યેક ૧૦ લાખની જનસંખ્યા પર એક પ્રતિનિધિના ધોરણે દરેક પ્રાંતને બેઠકોની ફાળવણી કરવામાં આવી હતી. જુલાઈ ૧૯૪૬માં બંધારણ સભાની રચના માટે યોજાયેલી ચૂંટણીઓમાં કુલ ૩૮૯ સ્થાન પૈકી ૨૯૬ બેઠકો માટે ચૂંટણી યોજાઈ. **જેમાં મુખ્ય પક્ષ કોંગ્રેસને ૨૦૮ બેઠકો મળી હતી જ્યારે મુસ્લિમ લીગના ફાળે ૭૩ બેઠકો આવી હતી.** સ્વતંત્ર ભારતના બંધારણના ઘડતર માટે ૨૩ સમિતિઓની રચના કરવામાં આવી. જેમાં ૧૨ કાનૂની બાબતોની સમિતિઓ અને ૧૧ પ્રક્રિયા સંબંધીઓની રચના કરવામાં આવી હતી. **બંધારણ સભાના અધ્યક્ષ ડો. રાજેન્દ્રપ્રસાદ હતા પરંતુ બંધારણનો મુસદ્દો ઘડવાની જવાબદારી પ્રારૂપ સમિતિના અધ્યક્ષ ડો. બી.આર. આંબેડકર પર હતી.**

- **કાયદા સંબંધિત સમિતિઓ :**

૧. પ્રારૂપ સમિતિ : ૭ સભ્યોની બનેલી આ સમિતિના અધ્યક્ષ ડૉ. બાબાસાહેબ આંબેડકર હતા. અન્ય સભ્યોમાં મો. સાદુલ્લા, કે. એમ. મુન્શી, એ.કે.એસ. ઐયર, બી.એલ. મિત્તર, એન. ગોપાલાસ્વામી આયંગર તથા ડી.પી. ખેતાનનો સમાવેશ થાય છે.

૨. કેન્દ્ર શક્તિ સમિતિ : ૯ સભ્યોની બનેલી આ સમિતિના અધ્યક્ષ જવાહરલાલ નહેરુ હતા.

૩. રાજ્ય વાર્તા સમિતિ : અધ્યક્ષ ડૉ. રાજેન્દ્રપ્રસાદ.

૪. મુખ્ય કમિશ્નરી પ્રાંતો સંબંધિત સમિતિ

૫. સર્વોચ્ચ ન્યાયાલય સંબંધિત સમિતિ

૬. સંઘ બંધારણ સમિતિ : ૧૫ સભ્યોની બનેલી આ સમિતિના અધ્યક્ષ જવાહરલાલ નહેરુ હતા.

૭. મૂળભૂત અધિકાર અને અલ્પસંખ્યક સમિતિ : ૫૪ સભ્યોની બનેલી આ સમિતિના અધ્યક્ષ સરદાર પટેલ હતા.

૮. ક્ષેત્રીય બંધારણ સમિતિ : ૨૫ સભ્યોની બનેલી આ સમિતિના અધ્યક્ષ સરદાર પટેલ હતા.

૯. બંધારણ, પ્રારૂપ અને નિરીક્ષણ સમિતિ : અધ્યક્ષ એ.કે.એસ. નૈયર.

૧૦. ભાષાકીય પ્રાંત સમિતિ

૧૧. રાષ્ટ્રધ્વજ સમિતિ

૧૨. આર્થિક વિષયો સંબંધિત વિશેષજ્ઞ સમિતિ

- **પ્રક્રિયા સંબંધિત સમિતિઓ :**

૧. સંચાલન સમિતિ : અધ્યક્ષ ડૉ. રાજેન્દ્રપ્રસાદ.

૨. કાર્ય સંચાલન સમિતિ : ૩ સભ્યોની બનેલી આ સમિતિના અધ્યક્ષ કનૈયાલાલ મુન્શી હતા. અન્ય સભ્યોમાં ગોપાલસ્વામી આયંગર અને વિશ્વનાથ દાસનો સમાવેશ થયેલ.

૩. હિંદી અનુવાદ સમિતિ

૪. સભા સમિતિ

૫. નાણાં તેમજ અધિકરણ સમિતિ

૬. ઉર્દુ અનુવાદ સમિતિ

૭. કાર્ય આદેશ સમિતિ

૮. પ્રેસ દીર્ઘા સમિતિ

૯. ભારતીય સ્વતંત્રતા અધિનિયન આકલન સમિતિ

૧૦. ક્રેડેન્શિયલ સમિતિ

૧૧. ઝંડા સમિતિ : અધ્યક્ષ ડૉ. રાજેન્દ્રપ્રસાદ.

**બંધારણ સભાની પ્રથમ બેઠક ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ સંસદ ભવનમાં મળી હતી.** ડૉ. સચ્ચિદાનંદ સિન્હાને સર્વ સંમતિથી બંધારણ સભાના અસ્થાયી અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. સભાની દ્વિતીય બેઠક ૧૧ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ મળી હતી. જેમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદની સ્થાયી અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી. બંધારણ સભાની તૃતીય બેઠક ૧૩ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ મળી હતી. સભાનો ઉદ્દેશ્ય પ્રસ્તાવ જવાહરલાલ નહેરુએ રજૂ કર્યો હતો. જેના પર ૧૯ ડિસેમ્બર સુધી વિશદ ચર્ચા - વિચારણા કરવામાં આવી અને **અંતે ૨૨ જાન્યુઆરી, ૧૯૪૭ના રોજ તેને સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યો. ભારતીય બંધારણની પ્રથમ આવૃત્તિ ફેબ્રુઆરી ૧૯૪૮માં પ્રકાશિત કરવામાં આવી હતી.** ઓક્ટોબર ૧૯૪૮માં તેની બીજી સંવર્ધિત આવૃત્તિ બહાર પાડવામાં આવી હતી. જેમાં બંધારણ સભાના કુલ ૨૯૯ સભ્યો પૈકી હાજર ૨૮૪ સભ્યોએ હસ્તાક્ષર કર્યા હતા. બંધારણ ઘડવા માટે આશરે રૂપિયા ૬૪ લાખનો ખર્ચ થયો હતો. બંધારણ નિર્માણનું કાર્ય કુલ ૧૧ અધિવેશનોમાં કરવામાં આવ્યું હતું. આ કાર્ય માટે ૬૦ જેટલા દેશોના બંધારણનો અભ્યાસ કરવામાં

આવ્યો હતો. પૂર્ણ રીતે બંધારણ ઘડવા માટે ૨ વર્ષ ૧૧ માસ અને ૧૮ દિવસનો સમય લાગ્યો હતો. આમ, ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારત એક પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું હતું.

*"અમે ભારતના લોકો, ભારતને એક સાર્વભૌમ, સમાજવાદી, પંથ નિરપેક્ષ, લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરી તેના સમસ્ત નાગરિકો માટે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, પ્રતિષ્ઠા અને અવસરની સમાન પ્રાપ્તિ માટે તથા તેમાં નિહિત વ્યક્તિની ગરીમા અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સુનિશ્ચિત કરનાર ભ્રાતૃભાવ વિકસાવવાનો નિષ્ઠાપૂર્વક સંકલ્પ વ્યક્ત કરી આ બંધારણ સભામાં આજે તા. ૨૬-૧૧-૧૯૪૯ના રોજ અંગીકૃત કરીએ છીએ."*

પ્રસ્તાવના, એ ભારતીય બંધારણના સૌથી મહત્ત્વપૂર્ણ અંગ પૈકીનું એક અંગ છે. તે બંધારણના ઉદ્દેશ્ય તથા લક્ષ્યને નિર્ધારીત કરે છે. શરૂઆતમાં પ્રસ્તાવનાને બંધારણનો ભાગ ગણવામાં - માનવામાં આવતો ન હતો તથા તેમાં સંશોધન માટે કોઈ જોગવાઈ રાખવામાં આવેલ ન હતી. જ્યાં બંધારણની ભાષા સંદિગ્ધ હોય ત્યાં પ્રસ્તાવનાની મદદ લેવામાં આવે છે. કેશવાનંદ ભારતી વિ. કેરળ રાજ્ય (૧૯૭૩) સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદા બાદ પ્રસ્તાવનાને બંધારણનો ભાગ ગણવો કે કેમ? તથા તેમાં સંશોધન કરી શકાય કે કેમ? તે વિવાદનો ઉકેલ આવી ગયો છે. **૪૨મા બંધારણીય સુધારા દ્વારા પ્રસ્તાવનામાં "સમાજવાદી", "બિનસાંપ્રદાયિક" અને "અખંડિત" શબ્દ જોડવામાં આવ્યા છે.** પ્રસ્તાવના, એ બંધારણને સમજવા તથા તેના સ્પષ્ટીકરણ માટેની અગત્યની ચાવી છે. આથી તેને બંધારણનો આત્મા પણ કહેવામાં આવે છે. તેની પ્રાથમિક ઉપયોગીતા એ છે કે બંધારણની જોગવાઈઓની અસ્પષ્ટતાની સ્થિતિમાં ન્યાયપાલિકાને માર્ગદર્શક સ્વરૂપે સહાયતા કરે છે. ભારતીય બંધારણ પર વિવિધ દેશોના બંધારણની પ્રત્યક્ષ કે પરોક્ષ અસરો જોવા મળે છે. જોકે આ બંધારણનો સૌથી મોટો સ્રોત ભારત સરકાર અધિનિયમ, ૧૯૩૫ છે. ભારતીય બંધારણના કુલ ૩૯૫ અનુચ્છેદ પૈકી ૨૫૦ અનુચ્છેદ આ જ અધિનિયમમાંથી લેવામાં આવેલ છે.

રાષ્ટ્રીય કાયદા દિવસ તેમજ બંધારણ દિવસ નિમિત્તે આપણે સૌ શપથ લઈએ કે, આપણે હંમેશાં કાયદાનું પાલન કરીશું અને આપણા ગૌરવશાળી સર્વોચ્ચ બંધારણનું સન્માન કરીશું.

*સંદર્ભ : વિકીપીડિયા અને તમામ અખબારી અહેવાલો અને વિવિધ બ્લોગના વિચારો*

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

## લગ્નને કેટલા વર્ષ થયા...? ☺

***(શાદી કે બાદ પત્ની કૈસી બદલતી હૈ, જરા ગૌર કીજિએ)***

***લગ્ન બાદ પત્ની કેવી બદલાઈ જાય છે... તે તરફ ધ્યાન આપશો...***

પ્રથમ વર્ષે : હું કહું છું કે જલ્દી જમી લો, લાંબા સમયથી તમે કાંઈ ખાધું નથી.

બીજા વર્ષે : જી, જમવાનું તૈયાર છે... રાખું કે...

ત્રીજા વર્ષે : જમવાનું થઈ ગયું છે... જ્યારે જમવાની ઈચ્છા હોય ત્યારે કહી દેજો.

ચોથા વર્ષે : જમવાનું તૈયાર કરીને રાખી દીધું છે. હું માર્કેટ જઈ રહી છું. તમે જાતે જ બધું કાઢીને જમી લેજો.

પાંચમા વર્ષે : હું કહું છું કે આજે મારાથી રાંધી શકાશે નહીં... હોટલથી લઈ આવો...

છઠ્ઠા વર્ષે : જ્યારે જુઓ ત્યારે જમવાનું... જમવાનું... અને જમવાનું... હજી હમણાં સવારના તો ખાધું હતું!

***હવે બતાવો, આપના લગ્નને કેટલા વર્ષ થયા છે?***

## હવે રોગ પકડાયો....! ☺

રાજુકાકાના નાકનું એક ટેરવું થોડું લીલું પડી ગયું.

ડોક્ટરને બતાવવા ગયા.

ડોક્ટરે કહ્યું, તમને ઝેર ફેલાતું હોય એવું લાગે છે. ઑપરેશન કરીને તુરત જ આ ટેરવું કાપી નાખવું પડશે.

રાજુકાકાએ ઑપરેશન કરાવી લીધું અને ટેરવું કપાઈ ગયું.

બે દિવસ પછી કાકાના નાકનું બીજું ટેરવું પણ લીલું થઈ ગયું.

ફરી ડોક્ટરે ઑપરેશન કરવાનું કહ્યું. અને એમનું બીજું ટેરવું પણ કાપી નાખ્યું.

બે દિવસ પછી નાક ટોચથી જ લીલું થઈ ગયું. હવે કાકા ગભરાયા. ડોક્ટર પાસે ઑપરેશન કરાવી આખું નાક જ કપાવી નાખ્યું અને પ્લાસ્ટિકનું નાક બેસાડી દીધું.

હદ તો ત્યારે થઈ જ્યારે એ પ્લાસ્ટિકનું નાક પણ લીલું પડી ગયું. કાકા તરત જ દોડ્યા ડોક્ટર પાસે.

ડોક્ટરે તપાસીને કહ્યું, 'હવે રોગ પકડાયો... આ તો તમારા માસ્કનો લીલો કલર ઉતરે છે.'

## ઇશ્વરને શોધ!

*દુનિયામાં એને શોધ, મંદિરમાં ગયા વગર.*
*ફરતો રહે છે ઈશ્વર, સરનામું આપ્યા વગર.*

*– મરીઝ*

નવી કૉલમ ગુલશન

# "દિલની જબાન"

## પ્રવીણચંદ્ર મહેતા 'અમર પાલનપુરી' : મણકો-૧



ચંદ્રકાંત પટેલ 'સરલ'

*'મંગલ મંદિર'ના વાચકોની સાહિત્યિક રૂચિ સંતોષવા આ અંકથી અમે 'દિલની જબાન' નામે નવી કૉલમ ચાલુ કરી રહ્યા છીએ. માણાવદરના પીઢ સાહિત્યકાર - કવિ ચંદ્રકાંત પટેલ 'સરલ' 'મંગલ મંદિર'ના દરેક અંકમાં જુદા જુદા નામી - પ્રતિષ્ઠિત કવિઓનાં ગઝલ-કાવ્યનાં આસ્વાદન, કવિના પરિચય સાથે કરાવશે. ડિસેમ્બર-૨૦૨૦ના આ અંકમાં પ્રવીણચંદ્ર મહેતા 'અમર પાલનપુરી'નો પરિચય આપી શ્રેણી ચાલુ કરેલ છે.*

*જે કોઈ કવિમિત્રો આ શ્રેણીમાં પોતાનો પરિચય કરાવવા ઈચ્છતા હોય, તેમણે ગઝલની પરિપાટીના છંદોબધ્ધ ૮થી ૧૦ શે'ર અને પોતાના જન્મ અંગેની વિગત દર્શાવતો ટૂંકો પરિચય પોતાના ફોટા સાથે નીચેના સરનામે મોકલવા. પરિચય અનુકૂળ આવ્યે, તેને 'મંગલ મંદિર'માં પ્રગટ કરાશે.*

*C/o. 'સંસ્કૃતિ દર્શન' કાર્યાલય,*
*ચંદ્રકાંત પટેલ 'સરલ', રતનપરા શેરી-૦૧,*
*બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦. (જિ. જૂનાગઢ)*
*ફોન : (૦૨૮૭૪) ૨૨૨૩૬૩ મો. ૮૭૩૫૯૦૨૪૨૪*

### લેખકનો પરિચય

*લેખક ચંદ્રકાંત પટેલ 'સરલ' ગુજરાતમાંથી પ્રગટ થતાં 'કવિલોક', 'કુમાર', 'કવિતા', 'બુધ્ધિ પ્રકાશ', 'અખંડ આનંદ', 'શબ્દ સૃષ્ટિ', 'પદ્યપર્વ', 'તાદર્થ્ય', 'નવચેતન', 'છાલક', 'શબ્દસર', 'અંતરંગ', 'ગઝલ', 'વિ', 'અભિષેક', 'ધબક', 'સમણું', 'ગુલમહોર', 'સત્સંગ', 'વિવેકગ્રામ', 'ગ્રામસેતુ' અને એવાં બીજાં મોટાં ગજાના ૬૪ જેટલા વિવિધ સામયિકોમાં વાર્તા, કવિતા-ગઝલ, લોકકથાઓ, સંશોધનાત્મક લેખો, વિવેચનો વગેરે લખે છે તેમજ કવિતા - ગઝલોનો આસ્વાદ કરાવી રહ્યા છે.*

*૧૯૭૫થી લેખન પ્રવૃત્તિ શરૂ કર્યા પછી હજી પણ લેખનકાર્ય કરી રહ્યા છે. અમૃત 'ઘાયલ', શ્યામ સાધુ, મનોજ ખંડેરિયા, 'મરીઝ', રમેશ પારેખ, હિંમત ખાટસુરિયા અને કવિ નાથાલાલ દવે વગેરે તેમની કવિતાસર્જન પાછળ આદર્શ રહ્યા છે. 'મંગલ મંદિર' તથા અન્ય મેગેઝિનોમાં પણ તેમના સામાજિક લેખો અને કાવ્યો પ્રગટ થઈ રહ્યા છે.*

***– તંત્રી મંડળ***



**પ્રવીણચંદ્ર મહેતા 'અમર પાલનપુરી'**

પાલનપુરની ધરતીએ સાહિત્ય જગતમાં જે ચાર અણમોલ સાહિત્યરત્ન આપ્યા છે તેમાં અલીખાન ઉસ્માનખાન બલુચ 'શૂન્ય પાલનપુરી', બીજા છે સૈફુદીન ખારાવાલા 'સૈફ પાલનપુરી', ત્રીજા છે મોટામિયાં અલીમિયાં સૈયદ 'ઓજસ પાલનપુરી' અને ચોથા છે લબ્ધ પ્રતિષ્ઠિત પ્રવીણચંદ્ર મણિલાલ મહેતા 'અમર પાલનપુરી.'

બનાસકાંઠા તાબાના પાલનપુરમાં ૧લી સપ્ટેમ્બર, ૧૯૩૫માં જન્મેલા પ્રવીણચંદ્ર મણિલાલ મહેતાએ મેટ્રિક (જૂની એસ.એસ.સી.)ની પરીક્ષા પાસ કર્યા પછી અવેતન રંગભૂમિની દુનિયામાં ઝંપલાવી કીર્તિ સંપાદન કરી અને સફળ નાટ્ય કલાકારનું બિરૂદ હાંસલ કર્યું.

આઈ.એન.ટી.નાં એ સમયે ખૂબ સફળ નીવડેલાં નાટકો જેવાં કે **'મસ્તરામ', 'નેતા - અભિનેતા', 'ગુનેગાર' અને 'સમર્પણ'**માં મુખ્ય નાયક તરીકે પ્રવીણચંદ્ર મહેતાએ અદાકારી કરી હતી.

ગમે તે કારણોસર તેમણે રંગભૂમિને અલવિદા કરી હીરા - ઝવેરાતના ધંધામાં ઝંપલાવ્યું. ૧૯૭૧માં તેઓ આ ધંધામાં કરોડપતિ બની ગયા. છત્રીસ વર્ષની ઉંમર એટલે કે યુવાની જ ગણાય. આવડી નાની વયમાં જો કોઈએ કરોડપતિની પદવી પ્રાપ્ત કરી હોય તો તે મહેતાના ફાળે જાય છે.

મારા કવિ મિત્રો નાથાલાલ દવે, હિંમત ખાટસુરિયા અને શ્યામ સાધુ વગેરે સાથે ભાવનગરના એક રાજ્ય યુવા મહોત્સવમાં પ્રવીણચંદ્ર મણિલાલ મહેતા એટલે 'અમર પાલનપુરી'ની સાથે મારી

મુલાકાત થઈ હતી. તે અરસામાં મારી એક ગઝલ 'ચાંચ મારી ઊડી ગયું' ચર્ચાનો વિષય બની હતી. મહેતાએ આ ગઝલની ત્યારે મને યાદ અપાવી હતી અને કહ્યું હતું કે – 'આપણે બંને એક જ સીધી લીટીમાં ઊભા છીએ.'

રજઝ છંદમાં લખાયેલી તે ગઝલની યાદ પ્રવીણચંદ્રજીનો આ લેખ લખવા સમયે તાજી થઈ ઉઠી છે. ગઝલ કંઈક આવી હતી :

*"એક આવ્યું પંખી ઉડી આંગણામાં*
*શાંત દિલને ચાંચ મારીને ગયું ઉડી..."*

નાટ્યનો સફળ કલાકાર અને હીરા-ઝવેરાતનો કરોડપતિ વેપારી પ્રેમમાં ઠોકર ખાઈ ગયો અને મહાન શાયર બની ગયો. તે પોતે પ્રેમમાં મળેલી ગહન ઠોકરનું દર્શન પોતાના એક શે'રમાં કરતાં લખે છે :

*"હીરાનો પારખું હું 'અમર' જિંદગી મહીં,*
*પથ્થરથી ખાધી થાપ - મને એનો રંજ છે...'*

મજારિઅ છંદ - ગાગાલગા, લગાલલગા, ગાલગાલ, ગા માં લખાયેલી તેમની આ ગઝલ પ્રેમની નિષ્ફળતા દર્શાવી રહી છે.

તેમના છંદોબદ્ધ મુક્તકો અને ગઝલો તપાસતાં રચનાની શૈલીનું રહસ્ય અને તેનું સૌંદર્ય આંખને સ્થિર કરી રાખે છે. તેમની પ્રત્યેક સુખનવર - રચના કશિશ ઊભું કરી રહી છે અને સર્વરૂપે તે કામિલ થતી જણાઈ આવી છે.

અમર પાલનપુરી એટલે આપણા લબ્ધપ્રતિષ્ઠિત શાયર પ્રવીણચંદ્ર મહેતાએ કોમળ ગણાતી ગઝલમાં ગઝલ ભાર ઝીલી શકે તેવા જ શબ્દોનો ઉપયોગ કર્યો છે. વજનદાર શબ્દો ક્યાંય વાપર્યા નથી. આ મોટી વાત કહેવાય. આજે લખાતી ગઝલો ભાર ખમી ન શકે તેવા શબ્દોવાળી વધારે જોવા મળે છે. છંદશાસ્ત્રની દષ્ટિએ તે દોષ ગણાય છે.

મહેતાની ગઝલો બેતુકી - નિરર્થક નથી લખાઈ. પ્રત્યેક શે'રોમાં આગવી વિશિષ્ટતા અને નિકહત છુપાઈ છે. દરેક શે'રો રુત્બા ઊભો કરી રહ્યા છે. **શાયર લખવા ખાતર નથી લખતા, પણ તેમાંથી પ્રગટતા અર્થો સમાજને કાંઈક શીખવાડે તેવા ઉદ્દેશથી જ લખી રહ્યા છે.**

સાહિત્યકારો અને વાચકોમાં ઊંચા સ્થાને બેઠેલી તેમની એક ગઝલ, કે જે મને પણ બહુ ગમી છે ને 'મરિઝે' પણ વખાણેલી છે તે જોઈએ :

*રોનક છે એટલે કે બધે તારું સ્થાન છે*
*નહિંતર આ ચૌદે લોક તો સૂનાં મકાન છે.*
*દીવાનગીએ હદ કરી તારા ગયા પછી;*
*પૂછું છું હર મકાન પર કોનું મકાન છે?*
*દિલ જેવી બીજે ક્યાંય પણ સગવડ નૈં મળે,*
*આવી શકે તો આવ આ ખાલી મકાન છે.*

'મજારિઅ' છંદમાં લખાયેલી ઉપરોક્ત ગઝલમાં પ્રેમની જ વાત અને ગઝલ એ પ્રશસ્તિ કાવ્ય પ્રકાર છે, કસીદા છે. આ ગઝલમાં માશુકાની સીધી પ્રશંસા કરાઈ હોવાથી આ કસીદો 'ખિતાબિયા'માં કન્વર્ઝન થયો છે. કસીદામાં તેની પંક્તિઓમાં પ્રેમ - વિરહ - મિલન વગેરેનું વર્ણન છંદબદ્ધ રીતે થયેલું હોય છે.

**મકાન અને ઘર એ બંનેમાં તફાવત છે.** ઈંટ - ચૂના - પથ્થરોથી જે બંધાય તે મકાન અને પ્રેમથી જે ચણાય તે ઘર. પણ મકાનમાં જ્યારે સંવેદના, લાગણી અને પ્રેમ વગેરે પ્રવેશે છે ત્યારે તે ઘર બની જાય છે. અહીં કવિએ પ્રેમના ઘરને મકાન કહ્યું છે અને માશુકાને તેમાં પધારવા વિનંતી કરી છે.

શાયર 'અમર' મહેમાન વિશે લખતા કહે છે :

*મિલન બાદ વસમી જુદાઈ છે ઓ દિલ*
*મને કોઈના ઘરનો મહેમાન કર મા*

મુતકારિબ છંદ - લગાગા - લગાગા - લગાગા - લગાગા છંદમાં લખાયેલી આ ગઝલમાં 'મહેમાન'ની વાત સાંકેતિક ભાષામાં કરાઈ છે. મહેમાન એટલે જેમનું મે (વરસાદ) જેટલું માન હોય તે. મહેમાન કાયમ રોકાતા નથી. અહીં કવિએ પ્રેમિકાના દિલના ઘરની વાત કરી છે. મિલન પછી છુટા પડવાની દશાને વર્ણવી છે.

તેમની ગઝલોની રસમે - રવાની ભાવકને જકડી રાખે છે ને એક પ્રકારની કશિશ જન્માવે છે. હૃદયમાં સાત સાત રંગે નિખરી ઉરુજ પ્રગટાવતો શમ્સ - આફતાબ એટલે 'અમર પાલનપુરી' મહેતાની હૃદયંગમ કવિતાઓ. કે જે દિલમાં સુરખી પાથરી દે છે. પ્રત્યેક તામીર જિસ્મો - દિમાગને તરોતાજા બનાવવામાં કામિયાબ નીવડી છે. જોઈએ 'હજઝ' છંદમાં લખાયેલી ગઝલનો વધારે એક શે'ર :

*'અમર' એવા લડાવો લાડ ના દિલને જવાનીમાં,*
*જીવન હળવું બની જાયે ને મૃત્યુનું વજન લાગે.*

આવા ઉત્કૃષ્ટ અને ઉત્તુંગ શે'ર ઠોકર ખાધેલ કવિ જ લખી શકે. એ વિના કવિતા ઉદ્દીપન ન થાય. પ્રેમમાં ઉદ્વિગ્ન થયા વિના સફળ કવિતા બનાવી શકાતી નથી.

'અમર'ની ગઝલો સતત ને મુસલસલ વાગોળવાનું મન થાય તેવી છે કારણકે તે બોલકી - પુરજુબાં ન હોવા છતાં ભીતરમાં પડઘો પાડી રહી છે, રણકી રહી છે. તેમની રચનાઓ વાંચતા ક્યાંય મહેરુમી જણાતી નથી. ચારેતરફ નિકહત ફેલાવી રહી છે. તેનો વધારે એક શે'ર જોઈએ :

*નક્કી સમજજો એ જ હશે આપનો 'અમર',*
*દિલ હો ફકીરનું જો કોઈ બાદશાહમાં.*

કવિએ મોટાભાગની ગઝલો 'મજારિઅ' કે 'મઝારિઅ' છંદમાં લખી છે અને આજે પણ મોટાભાગના કવિઓ આ છંદમાં જ ગઝલો લખી રહ્યા દેખાય છે - મુસત ફઈલુન, મફાઈલતુન, ફાઈલાન, ફઅ એ તેના 'અરકાન' છે અને સરળ છંદ છે. તેના પર ઝડપથી હાથ બેસી જાય છે.

અવિચ્છિન્ન ઉછળતી સમુદ્રની લહરી જેવી વાણીનો પ્રવાહ તેમની ગઝલોમાં વહેતો દેખાય છે. મરીઝ, ઘાયલ, શૂન્ય પાલનપુરી, બરકત વિરાણી, મનોજ ખંડેરિયા, શ્યામ સાધુ, રાજેશ વ્યાસ 'મિસ્કીન' વગેરે જેવા થોડા જ કવિઓ હોય છે કે જેમની વાણી સુહૃદય - બરાબર હૃદયંગમ થઈ પ્રાસાદિક હોય છે. પ્રસાદ અને માધુર્ય ગુણ વિનાનાં કાવ્યો નિષ્પ્રયોજક છે. હૃદયંગમ કાવ્ય થાય એવાં કાવ્ય કંઈ બધા બનાવી શકતા નથી.

ગઝલ પ્રેમગોષ્ઠિની વાહક છે. સંબોધન અને સાયુજ્યનું પ્રણયકાવ્ય છે. અમર પાલનપુરીની ગઝલમાં આ પ્રેમની, મહોબતની કવિતા - ગઝલને કમનીય બનાવતી દૃષ્ટિગોચર થાય છે. જે નીચેના શે'ર પરથી ફલિત થતું જણાય છે.

*દુનિયાની સર્વ રાહને વાળું હું આ તરફ,*
*નીકળો જો આવવાને તમે મારા ઘર સુધી;*
*તું જો નહીં મળે તો કયામત થઈ જશે,*
*એથી ડરું છું આવતાં હું તારા ઘર સુધી.*

પ્રવીણચંદ્ર મહેતા 'અમર પાલનપુરી'ની અંદર રહેલા ગઝલકાર કરતાં એનો કવિ પ્રબળ છે. અર્થલાઘવ, ગતિ અને સંકેત — એ ગઝલકલાની જ નહીં, આધુનિક કવિતાની ખૂબીઓ છે. આ કવિની ગઝલ ક્યાંય અર્થવ્યયમાં સ્થગિત થતી નથી.

આજે ગઝલે પોતાનો દૃષ્ટિકોણ બદલ્યો છે અને પરલક્ષી વિચારો સાથે તે વિહરી રહી છે. પ્રેમગોષ્ઠિને એક કોરાણે મૂકી નવા ઉડાન સાથે તે ઉડી રહી ભલે હોય, પરંતુ ગઝલનું સાચું સ્વરૂપ આત્મલક્ષી જ છે. **જ્યાં સુધી કોઈ વિચારને કવિ પોતાની જાત સાથે સાંકળી ન લે ત્યાં સુધી ગઝલમાં સારું સર્જન સંભવ નથી. ગઝલમાં ત્રણ વિષયો પ્રધાન રહ્યા છે — પ્રેમ, તસવ્વુફ અને કવિનો અંગત ગમ. સંકેત, સંક્ષેપ અને સૂક્ષ્મ ભાવ. આ ત્રણ વાનાં ગઝલને સાચા અર્થમાં ગઝલ બનાવે છે.**

આ કવિની ગઝલોમાં એ બધું દૃષ્ટિગોચર થઈ રહ્યું છે કારણકે કવિ પોતે ઠોકર ખાઈ ગયેલ હૃદયભગ્ન દિલ છે. તેથી તેમની કવિતા ગઝલોએ ઊંચાઈ પ્રાપ્ત કરી છે. હૃદય પર જખ્મો થયા વિના સફળ સર્જન શક્ય જ નથી.

એક જગ્યાએ આ કવિ પોતાની વેદના ઠાલવતાં લખે છે:

*ઊંડા ઘા તો કૈંક સહ્યા પણ,*
*જાન ગયો છે એક ઉઝરડે!*

**ગઝલ કાનથી નહીં પણ દિલથી સાંભળવાની કવિતા છે.** ગઝલમાં પ્રેમની સફળતાં કરતાં વિશેષ તો વિફળતાની વાત વધારે નિખાર પામે છે અને આવા શે'રો લોકચાહના પામે છે.

પ્રવીણચંદ્ર મહેતાની કલમમાં સતત દર્દ છલકાતું દેખાય છે. શરીર પર એક ઉઝરડો પડે અને જીવ નીકળી જાય એવી સાંકેતિક ભાષામાં અને સંક્ષેપ વાત કરી કવિએ પોતાનામાં રહેલ પ્રબળ કવિનું દર્શન કરાવ્યું છે. જોઈએ વધુ એક શે'ર :

*ડૂબ્યો નથી, 'અમર'ને ડુબાડ્યો છે કોઈએ,*
*નહિતર કાં એની લાશને તરવાનું મન થયું?*

આ કવિએ છંદ, લય અને માત્રા વગેરેને નિભાવ્યા છે. છંદભંગ દેખાતો નથી. **આજે લખાતાં કેટલાંક કાવ્યોમાં છંદના ઠેકાણાં હોતાં નથી, વૃત્તભંગ કે યતિભંગના દોષો જોવા મળે છે.** તો કેટલાકમાં વૃત્તોનું મિશ્રણ ને ખંડન દેખાય છે. તેમાં નથી હોતી શબ્દચમત્કૃતિ કે નથી હોતી અર્થ-ચમત્કૃતિ. કેટલાકમાં વિચિત્ર કલ્પનાઓ હોય છે, જે લખનાર સિવાય કોઈથી કળાતી નથી! આવાં કાવ્યો ન રચાય એ જ બહેતર છે.

'અમર પાલનપુરી'ના દરેક કાવ્યો - ગઝલોમાં ગજબની અર્થલાઘવતા, શબ્દચમત્કૃતિ અને લયનાં લઢણ સાથે ગાંભીર્યભાવ ભરેલા દેખાય છે. ઊંડાઈ, ઊંચાઈ અને સાદગી સાથેના શે'રો ભીતરથી કંઈક વગાડી રહ્યા છે. તેમની પાસે છંદનું જ્ઞાન છે. છંદની જ્યાં છૂટ લેવાઈ છે ત્યાંય ગઝલને હાનિ નથી થતી. લઘુ માટે જ્યાં છૂટ લેવાની જરૂર જણાઈ છે ત્યાં બે ગુરુ પછીના અક્ષરને લઘુ ગણ્યો છે, જે સ્વીકાર્ય છે.

બે પંક્તિઓ વચ્ચેની ચમત્કૃતિ કે શેરીયત એ ગઝલનો આધાર છે. પણ તેની લલિતકલાજન્ય સર્જનની ભૂમિકા કેવી બાંધવી તેનો આધાર તો કવિને પોતાનો હોય છે. જોઈએ વધુ એક શે'ર :

*જીવનના ભેદને પામી 'અમર' હમણાં જ સૂતો છે,*
*કોઈને સ્વપ્નમાં માગી 'અમર' હમણાં જ સૂતો છે.*

આવી અર્થગંભીર પંક્તિઓવાળી 'અમર'ની ગઝલ હંમેશ અમર જ રહેવાની છે.

આજથી વરસો પહેલાં લખાયેલી મારી ગઝલ 'શોધવો પડશે'. આ ગઝલ અમર પાલનપુરીને ખૂબ ગમી હતી. મને યાદ છે ત્યાં સુધી કહું તો કવિએ આ ગઝલ વિશે મને પત્ર પણ લખ્યો હતો. એ વાતને દસકાઓ વીતી ગયા છે. એ ગઝલના શે'ર આ પ્રમાણેના હતા :

***આપણી સઘળી સમજદારી નપુંસક થૈ ગઈ દોસ્તો,***
***ક્યાંકથી નરસિંહ, મીરાં ને કબીરો શોધવો પડશે;***
***તું કહે તો કાન ઝાલી નરસિંહને હમણાં કરું હાજર,***
***પણ પ્રથમ ગીરો પડ્યો રાગ કેદારો શોધવો પડશે.***

જેને ફનાનું પૂર ડૂબાડી નથી શક્યું એ કવિ પ્રવીણચંદ્ર મહેતા 'અમર પાલનપુરી'ને લાખ લાખ વંદન હો....

***C/o. "સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,***
***રતનપરા શેરી નં.-૧, બાગ દરવાજા,***
***માણાવદર-૩૬૨ ૬૩.૦ (જિ. જુનાગઢ) મો. ૮૭૩૫૯૦૨૪૨૪***

## લંચ - ડીનર

પત્ની : (બપોરના સમયે) એ, હાલો ડીનર લઈ લ્યો....

પતિ : ડોબી, અત્યારે લંચ કહેવાય, રાત્રિના ભોજનને ડીનર કહેવાય.

પત્ની : ડોબા તો તમે છો. આ કંઈ અત્યારનું ભોજન નથી, ગઈકાલ રાતનું જ છે... પાછા મને શીખવાડે છે લે....

પરમ સત્ય

# ઇન્દ્રામણાં



એમ. ડી. સોલંકી

*<u>નોંધ</u> : લેખકશ્રી સોલંકીની અત્રે પ્રસ્તુત લેખન સામગ્રી દરેક વાચકોએ ખાસ વાંચવા યોગ્ય છે.*

*– તંત્રી મંડળ*

વિપુલ, આજે સવારે નવરંગપુરાના બસ સ્ટોપ પર તમે અચાનક નેહાને જોઈ ત્યારે સૌ પ્રથમ તો તમને પોતાને જ વિશ્વાસ નહોતો આવતો અને એટલે જ તો તમારા મનમાં સ્વાભાવિક પ્રશ્ન થઈ આવેલો : ના, ના, એ કદાચ નેહા ન પણ હોય! મારી આંખોએ કદાચ ભૂલ ખાધી હશે. નેહા જેવો ચહેરો ધરાવતી કોઈ અજાણી સ્ત્રીને મેં નેહા માની લીધી હોય એવું પણ બને.

તમારા મનમાં દોડતા વિચારોના ઘોડા થંભે ના થંભે ત્યાં તો ખુદ નેહાએ સામે ચાલીને હાથ ઊંચો કરીને તમને કહ્યું : હાય...! વિપુલ...! અને પછી તો તમારી નવાઈનો પાર જ ના રહ્યો. હવે તો તમને સો ટકા ખાતરી થઈ ગઈ કે નક્કી એ નેહા જ છે. આમ અચાનક, અકસ્માતે નેહા તમને બસ સ્ટોપ પર અણધારી જ મળી જશે એવી કલ્પના તમે સ્વપ્નમાંય નહોતી કરી, બરાબરને વિપુલ?

નેહાને આમ અચાનક જોયા પછી વિપુલ, તમે થોડાં અસ્વસ્થ બની ગયા. ઉતાવળથી તમે નેહા સાથે વાતનું સર-સંધાન કરો ના કરો એ પહેલાં જ નેહા 'બાય વિપુલ...!' કહીને બસ સ્ટોપ પર આવીને સહેજ ધીમી પડેલી સીટી બસમાં ઝડપથી ચડી ગઈ. અને પછી તો વિપુલ તમે નેહાને લઈને ચાલી જતી બસને બસ, જોઈ જ રહ્યા! નાના બાળકના હાથમાંથી કોઈ એનું મનગમતું રમકડું ઝુંટવી લે અને પછી એ બાળકની જેવી મનોદશા થઈ જાય એવી જ મનોસ્થિતિ બસ વિપુલ, તમારી પણ થઈ ગઈ! નેહા માત્ર ચાલી જ ના ગઈ, પણ તમારા સમગ્ર ચિત્તતંત્રને એ ડહોળાવી ગઈ. **તળાવના શાંત જળમાં ક્યાંકથી નાનકડી કાંકરી પડે અને તળાવના આખાય જળમાં પાર વગરના તરંગો સર્જાય, તેમ નેહાનું આમ અલપઝલપ આવવું અને જતા રહેવું એ ઘટના વિપુલ, તમારા મનમાં ધરબાઈ ગયેલા અતીતને જાણે કે સજીવન કરતી ગઈ.**

ગાંધીનગર સચિવાલયમાં સરકારી ફરજ બજાવવા જતાં નવરંગપુરાના બસ સ્ટોપે ઘટેલી આ ઘટનાએ જાણે કે તમારા દિલો-દિમાગ પર એવો કબજો જમાવી દીધો કે વિપુલ, તમે આખોય દિવસ બસ મુડલેસ જ રહ્યા. એટલું જ નહીં, સાંજે સાત વાગે તમે તમારા ઘેર 'ગુલમહોર' પહોંચ્યા ત્યારે પણ નેહાના વિચારોનું 'પોટલું' તમારી સાથે હતું!

બે દિવસની રજાનો મેળ કરીને સુજાતા નાની શ્રદ્ધાને લઈને એના પિયર ગઈ હતી. આજે વિપુલ, તમે ઘરમાં એકલા જ હતા. ફ્રેશ થયા પછી તમે તમારા બેડરૂમમાં સહેજ આડા પડ્યા ત્યાં તો ભૂતકાળના એ દિવસો કોઈ ચિત્રપટની જેમ તમારી નજર સમક્ષ તરવર્યા....

....કોલેજકાળથી જ નાજુક અને નમણી નેહા તમારા મનપ્રદેશમાં વસી ગઈ હતી. નેહા સાથે જીવન જોડીને જિંદગીને મેઘધનુષ્યના સપ્તરંગોથી ભરી દેવાની તમને તમન્ના હતી વિપુલ. નેહા સાથે જિંદગી જીવવાના તમે અનેકરંગી શમણાં જોયા હતા. તમે મનોમન વિચારતા હતા – એક નેહા મળી જાય તો પછી જીવનમાં કોઈ વાતની અધૂરપ નહીં રહે! પણ અફસોસ! વિપુલ, તમારા એ ઓરતાં અધૂરા જ રહ્યા! **જિંદગીને આપણે આપણી ધારણા મુજબ વળાંક નથી જ આપી શકતા** અને એટલે જ નાજુક અને નમણી નેહાને પામવાની તમારી ઈચ્છા ફળીભૂત ન જ થઈ. નેહા કોઈ શ્રીમંત નબીરા સાથે ગોઠવાઈ ગઈ અને વિપુલ, તમને સુજાતા સાંપડી!

નેહા જેવી સ્માર્ટ અને સોહામણી પત્ની ન મળ્યાનો વસવસો આજેય પગરખામાં ખૂંચતી કાંકરીની જેમ તમારા દિલો-દિમાગમાં સતત ખૂંચ્યા કરે છે. નેહા ન મળવાથી જિંદગીમાં કંઈક ગુમાવી દીધાનો અફસોસ તમને રહ્યા કરે છે અને એટલે જ તો તમારા મનમાં અવારનવાર નેહા અને સુજાતાની સરખામણી થયા જ કરે છે. અને આવી સરખામણીમાં દરેક વખતે નેહાની સામે તમને તમારી પત્ની સુજાતા ખાંડ વગરની ચા જેવી ફિક્કી લાગે છે.

પરંતુ વિપુલ, ઘડીભર શાંત થઈને તમે મારી એક વાત સાંભળશો? માનવ જીવનમાં મનગમતી વસ્તુ ન મળ્યાનો અફસોસ દરેક માનવીને થયા કરે એ સ્વાભાવિક વાત છે. પરંતુ અફસોસ થવાની એ ઘટનાનો 'ભીતરનો ભેદ' પામી જવાય તો જરૂર એ અફસોસ ગરમી મળતાં જ બરફનું ચોસલું ઓગળવા માંડે તેમ આપણા મનમાંથી અફસોસ અદૃશ્ય થઈ જાય છે. આવો, તમે

જે કંઈ જાણતા નથી એ 'ભીતરનો ભેદ' તમને જણાવું....

વિપુલ, આપણે સૌ માત્ર બાહ્ય રૂપરંગથી જ આકર્ષાવા ટેવાયેલા છીએ અને એટલે જ તો 'ભીતરનો ભેદ' આપણે ક્યારેય પામી શકતા નથી. સુજાતા ભલે નેહા જેવી નાજુક અને નમણી ના હોય છતાંય એ દેખાવમાં કાંઈ કમ નથી. આજે અઠ્યાવીસ વર્ષની ઉંમરે પણ એ એકવીસ વર્ષની લાગે છે! એના હસમુખા અને મિલનસાર સ્વભાવને કારણે તમારાં પ્રત્યેક સ્વજન સાથે સુજાતા દૂધમાં સાકરની જેમ ભળી ગઈ છે. તમારા મમ્મી-પપ્પા અને ભાઈ-બહેન સાથેનું એનું વર્તન હંમેશાં વિવેકપૂર્ણ અને ઉષ્માભર્યું રહ્યું છે. શહેરના શાંત અને રમણિય વિસ્તારમાં બેઠાં ઘાટના તમારા મકાન 'ગુલમહોર'ને એણે સાચા અર્થમાં 'ઘર' બનાવ્યું છે. જ્યાં તમે સૌ સંયુક્ત પરિવારમાં વહાલના દરિયા જેવી નાનકડી શ્રદ્ધા સાથે આનંદભેર જીવન વ્યતીત કરી રહ્યા છો.

શ્રીમંત નબીરા સાથે પરણ્યા પછી નેહા સાવ બદલાઈ ગઈ છે. માત્ર ક્લબો - પાર્ટીઓમાં જ ફર્યા કરતી નેહાનો સ્વભાવ સાવ બરડ બની ગયો છે. એના વાણી, વર્તન અને વ્યવહારથી જ એનું લગ્નજીવન ભંગાણને આરે આવી ઊભું છે. વિપુલ ઉજળું એટલું દૂધ હોય, એવું માની લેવાય નહીં. રૂપના અહમે નેહાને સાવ સ્વચ્છંદી બનાવી દીધી છે. માત્ર રૂપ જોઈને જ નેહા સાથે લગ્ન કરનાર એના પતિની માનસિક હાલત નેહાને કારણે જ સાવ બગડી ગઈ છે. આજે સવારે તમને 'બાય વિપુલ...' કહીને સિટિ બસમાં ચાલી ગયેલી નેહા ડિવૉર્સના પેપર તૈયાર કરાવવા વકીલ પાસે જ જઈ રહી હતી.

આમ તો વિપુલ તમે ગ્રામ્યજીવન સાથે સંકળાયેલા છો. તમારા બાપદાદા આજેય ગામડે ખેતી કરે છે. ભલે, આજે તમારું રહેવાનું શહેરમાં હોય પણ તમારો ઉછેર અને ઘડતર ગ્રામ્ય સંસ્કૃતિમાં જ થયેલું છે અને એટલે જ આજેય તમને ગ્રામ્યજીવન સાથે લગાવ છે. તમારા શ્વાસમાંય આજે પણ ગામડું જ ધબકે છે. જ્યારે સમય મળે છે ત્યારે તમે ગામડે જઇને ગ્રામ્ય વાતાવરણમાંથી રિચાર્જ થઇ આવો છો.

તમને યાદ છે વિપુલ? ગયા ઉનાળાની શરૂઆતમાં જ તમે ત્રણેક દિવસની રજાનો મેળ કરી સુજાતા, શ્રદ્ધા સાથે તમારા વતનના ગામડે પહોંચી ગયા હતા. બીજા દિવસે સવારે નદી કિનારાના ભાઠાવાળા ખેતરે આંબા, ચીકુ, નાળિયેરી, ઘેઘૂર લીમડાં અને કોયલના મીઠાં કલશોર વાતાવરણને જીવંત બનાવી રહ્યા હતા. ઢાળિયામાં થઇને વહેતાં નિર્મળ જળને જોતાં તમે ધરાતા જ નહોતા. ખેતરના શેઢે ફરતાં ફરતાં તમારી નજર નજીકની પડતર જમીનમાં ફેલાયેલાં લીલાંછમ વેલા પર પડી હતી. કુતુહલતાથી તમે એ વેલાની પાસે પહોંચ્યા ત્યારે તમારી નવાઈનો પાર નહોતો રહ્યો. વિપુલ, એ લીલાંછમ વેલાની સાથે પીળાં ધમરખ ફળ હતા. નારંગી આકારના એ ફળો જોઈને તમે એકાદ ફળને એના વેલાથી તોડવાનો પ્રયત્ન કરો એ પહેલાં જ તમારા ખેતીના ભાગીદાર સોમાભાઈએ દૂરથી જ તમને બૂમ પાડીને કહેલું, 'વિપુલભાઈ, જો જો, એ ફળને પકડતા નહીં!' અને એ પીળાં ધમરખ ફળને તોડવા તૈયાર થયેલા તમારા હાથ થંભી ગયેલા. અને પછી તો ઉતાવળે તમારી પાસે આવેલા સોમાભાઈએ કહેલું....

....'વિપુલભાઈ, **આડા-વગડે અડાયા છાણાંની જેમ જ્યાં ત્યાં આપમેળે ઉગી નીકળતાં અને વિષમ પરિસ્થિતિનોય સામનો કરી આડેધડ વિકાસ કરતા આ વેલાના ફળને ઇન્દ્રામણાં કહેવાય.** ઈન્દ્રામણાંના ફળ રૂપે-રંગે પીળા ધમરખ, ઘણાંય આકર્ષક હોય છે. આવું રૂપાળું ફળ જોઈને અજાણ્યો માણસ એ ફળ ખાવા લલચાય છે. પરંતુ એ ફળ ખાવાની વાત તો બાજુ પર રહી, પણ એ રૂડા-રૂપાળા પીળા ધમરખ ફળને સહેજ ચાખનાર પણ પેટભરીને પસ્તાય છે. કારણ? ઈન્દ્રામણાંનું એ ફળ માત્ર દેખાવમાં જ રૂડું-રૂપાળું હોય છે. બાકી સ્વાદમાં તો એ કડવું વખ હોય છે!'

વિપુલ, તે દિવસે ખેતરમાં સોમાભાઈએ કહેલી ઈન્દ્રામણાંની વાતમાં જ જિંદગીનું એક પરમ સત્ય છૂપાયેલું છે એવું તમને નથી લાગતું?

તમારી સાથે વાત કરતા ઘણો સમય વ્યતીત થઈ ગયો છે. વિપુલ, હવે તમે કિચનમાં જાવ, તમારી મનપસંદ રસોઇ સુજાતા બનાવીને ગઈ છે. બાય, વિપુલ!

*૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, મુ. કલિકુંડ,*
*તા. ધોળકા, જિ. અમદાવાદ. મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### 'મંગલ મંદિર'ના વિવિધ વિભાગો અંગે...

કોરોના વાયરસના સંક્રમણથી ઉભી થયેલી પરિસ્થિતિના કારણે સરકારશ્રીએ જાહેર કરેલા કેટલાંક નીતિ-નિયમોને અનુસરવાનું હોતાં જાહેર કાર્યક્રમો અને પ્રવૃત્તિઓના આયોજન કરવા માટે મર્યાદિત ધોરણે પ્રતિબંધ છે. તેનાં અંતર્ગત સ્વાભાવિક છે કે સમાજના વિવિધ સમાચારોનું સંકલન કરવાનું અથવા પ્રકાશિત કરવાનું ખાસ રહેતું નથી. આ સંબંધી સમાજ દ્વારા એક ટૂંક નોંધ 'મંગલ મંદિર'ના અગાઉના અંકમાં પ્રકાશિત કરવામાં આવી છે. તેવી રીતે, હાલની સ્થિતિમાં અન્ય સ્થળોના સમાચારપત્રો સમયસર મળતા નથી. તેનાં પરિણામે વર્તમાનપત્રોમાં પ્રકાશિત થતા સમાચારો પર આધારીત વતનની ગતિવિધિ વગેરે કોલમ 'મંગલ મંદિર'માં નિયમિત ધોરણે પ્રસિદ્ધ કરવાનું હાલના તબક્કે શક્ય નથી, જેની નોંધ લેશો.

કલ્યાણ

# ક્રિસમસનો તહેવાર : ઉજવીએ ખુશીઓનો વહેવાર



જાગૃતિ તન્ના "જાનકી"

*__નોંધ__ : ધર્મ ભલે અલગ હોય, તહેવારના સ્વરુપ અને નામ ભલે અલગ હોય પણ ઈશ્વર તો એક જ છે. આપણે ઈશ્વરને અલગ-અલગ સ્વરુપમાં પૂજીએ છીએ પરંતુ ઈશ્વરને મન તો માનવધર્મ જ સર્વશ્રેષ્ઠ છે. આ પ્રકારની ઉત્કૃષ્ટ વિગત સમજવા આ લેખ જરૂર વાંચશો. – તંત્રી મંડળ*

*હોય ભલે કોઈપણ ધર્મનો તહેવાર*
*ઉજવીએ સૌ ખુશીઓનો વહેવાર.*
*હોય ભલે દરેક ધર્મના અલગ રંગ,*
*ખુશીઓનો ક્યાં હોય છે કોઈ રંગ?*
*ઈશને ત્યાં નથી હોતા ધર્મના ભેદ,*
*ઈશને મન તો માનવધર્મ સર્વશ્રેષ્ઠ.*
*– "જાનકી"*



આપણી રોજબરોજની જિંદગીમાં કંઈક નવીનતા લાવતા હોય, તો એ છે તહેવાર. તહેવાર ભલે કોઈપણ હોય પણ અંતે તેનો હેતુ ખુશીઓ અને પ્રેમ મેળવવાનો અને વહેંચવાનો જ હોય છે. ને એમાં પણ આપણો ભારત દેશ એટલે વિવિધતામાં એકતા ધરાવતો દેશ. એટલે જ કદાચ આપણા દેશને ભારત માતાની ઉપમા અપાય છે. જ્યાં વિવિધ ધર્મના લોકોનો કોઈપણ ભેદભાવ વગર સમાવેશ થાય છે. ક્રિસમસ - નાતાલ, જે આમ તો ખ્રિસ્તીઓનો તહેવાર છે, પણ સર્વ ધર્મ સમભાવની ભાવના ધરાવતા અનેક લોકો દ્વારા ઉત્સાહભેર તેની ઉજવણી કરવામાં આવે છે અને કરવી પણ જોઈએ. કેમકે, ધર્મ ભલે અલગ હોય, તહેવારના સ્વરૂપ અને નામ ભલે અલગ હોય પણ ઈશ્વર તો એક જ છે ને! આપણે ઈશ્વરને અલગ અલગ સ્વરૂપમાં પૂજીએ છીએ પણ ઈશ્વરને મન તો માનવધર્મ જ સર્વશ્રેષ્ઠ છે. ઈશ્વર બહુ સહજ છે. **તમે ક્રિસમસની ઉજવણી ચર્ચમાં જઇને મિણબત્તી પ્રગટાવીને કદાચ ન કરી શકો પણ મંદિરમાં જઇને દીવો પ્રગટાવીને કરો તો પણ પ્રાર્થના કબૂલ થતી હોય છે. શરત બસ એટલી કે મન સાચું હોવું જોઇએ. ઇશ્વરને મન તો આપણા મનનો ભાવ જ મહત્ત્વનો હોય છે.** માટે દરેક તહેવારની ઉજવણી આપણી રીતે કરતા રહેવી જોઈએ. ખુશ રહેવું જોઈએ, ખુશીઓ વહેંચવી જોઈએ, ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરવી જોઈએ. ઈશ્વરનો આભાર માનવો જોઈએ કેમકે, દરેક ધર્મના રંગ ભલે અલગ હોય પણ ખુશીઓનો ક્યાં કોઈ રંગ હોય છે? પ્રાર્થનાના પ્રકાર ભલે અલગ હોય પણ ઈશ્વર પ્રત્યેનો ભક્તિભાવ તો એક જ હોય છે.

હવે વાત કરીએ ક્રિસમસના તહેવાર વિશે તો ૨૫ ડિસેમ્બરના દિવસને ઇસુ ખ્રિસ્તના જન્મ દિવસનું પ્રતીક માનવામાં આવે છે. ક્રિસમસનો મહિમા ધાર્મિક પ્રણાલિકા પ્રમાણે એમ મનાય છે કે, ઇસુ ખ્રિસ્ત, દેવત્વનો અવતાર છે. જ્યારે પૃથ્વી પર અજ્ઞાનતા, અંધશ્રદ્ધા, લોભ, તિરસ્કાર, પાખંડ અને અન્ય સમસ્યાઓ વધી ત્યારે ઇસુ ખ્રિસ્તનો કુમારિકા મેરી થકી જન્મ થયો. ઇસુ ખ્રિસ્તે વિશ્વભરમાં મનુષ્યોનું પરિવર્તન કર્યું.

ક્રિસમસના તહેવારમાં ક્રિસમસ ટ્રી અને સાન્તા ક્લોઝ બહુ પ્રચલિત છે. સાન્તા ક્લોઝનું નામ લેતાં જ આપણા મનમાં સફેદ દાઢી, લાલ ડ્રેસ, માથા પર ટોપી, ચહેરા પર સ્મિત અને ખભા પર ગિફ્ટનો થેલો લટકાવેલ વ્યક્તિનું ચિત્ર ઊભું થાય અને એમાં પણ સાન્તા બાળકોમાં તો ખૂબ જ પ્રિય. ક્રિસમસના દિવસે તમામ બાળકો સાન્તા ક્લોઝની અધીરાઈપૂર્વક રાહ જોઈ રહ્યા હોય છે. સાન્તાની ઉત્પત્તિ વિશે કોઇને કંઈ ખબર નથી. લોકો એમ માને છે કે સેન્ટ નિકોલસ જ સાન્તાનું અસલી રૂપ છે. જે એક પાદરી હતા અને બાળકોને ખૂબ જ પસંદ કરતા અને ભેટ આપતા હતા.

સાન્તા ક્લોઝ પાસેથી આપણને બે વસ્તુઓ શીખવા મળે છે : **એક કે ખુશીઓનો કોઈ ધર્મ હોતો નથી. સાન્તા દરેક બાળકોની ઇચ્છા (વિશ) પૂરી કરતા હોય છે અને બીજું, કે કોઇને કંઇક આપવાથી, વહેંચવાથી ખુશી બમણી થતી હોય છે.**

હવે વાત કરીએ ક્રિસમસ ટ્રીની. તો ક્રિસમસના દિવસે તેને અલગ અલગ રીતે સજાવીને ઘરમાં રાખવામાં આવે છે. જેમાં ગિફ્ટ લટકાવવામાં આવે છે. ક્રિસમસ ટ્રીની સજાવટ પાછળ એક બીમાર બાળક જોનાથનની વિશ જોડાયેલી છે. વર્ષ ૧૯૧૨માં જ્યારે જોનાથન ખૂબ બીમાર પડ્યો હતો ત્યારે તેને પિતા પાસે ક્રિસમસ ટ્રી ને સજાવવાની વિનંતી કરી. પુત્રની ઇચ્છા પૂરી કરવા માટે તેમણે ક્રિસમસ ટ્રી ને ફૂલો, પાંદડા, રંગબેરંગી કાગળ અને ફળ સાથે સજાવ્યું. ત્યારથી વિશ્વભરમાં ક્રિસમસ ટ્રી ની અલગ અલગ રીતે સજાવટ કરવાની પ્રથા ચાલી આવી છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૯ ઉપર)

કલ્યાણ

# આ કિરિયા નહીં દીઠી જી....



પુષ્પાબેન કનકસેન શાહ

*સામાયિક માનવ જીવનના ઉત્થાનની ઉચ્ચ કોટીની સાધના છે. ધર્મ ક્ષેત્રને વિશે જે કંઈ અન્ય સાધનાઓ છે તે સર્વેનું મૂળ સામાયિક છે. માટે જ **છ આવશ્યકમાં પણ સામાયિકનું સર્વ પ્રથમ સ્થાન છે. સામાયિક આત્મધર્મ છે.** સામાયિકની સાધના દ્વારા જ અનંત શાશ્વત અને અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થઈ શકે છે.*

(હરિ ગીત)

*ભાવથી સામાયિક કરતાં સમત્વને સધાય છે,*
*પુદ્‌ગલ સ્વરૂપને સમજતાં મમત્વ દૂર થાય છે,*
*બાહ્યદૃષ્ટિ ત્યાગીને સમભાવની પ્રેક્ટિસ કરતાં,*
*નિજ સ્વરૂપ સમજી કરી સંપૂર્ણ શાંતિ પામતા.*

'સ્વાધ્યાય શિક્ષા' નામના હિંદી સામયિકમાં વાંચેલી એક કથા યાદ આવે છે.

મીઠીબાઈ નામે એક બાઈ હતા. બાઈ જૈન પરિવારમાં જન્મેલા. સામાયિક, પ્રતિક્રમણ તો કરવા જ જોઈએ. એમાં એમનું પદ વધ્યું. પ્રમોશન મળ્યું. ઘેર વહુ આવી. સાસુ બન્યા. સાસુ બન્યા પછી ઘરકામમાંથી નિવૃત્તિ લેવી જોઈએ. નિવૃત્તિ મોભાવાળી ત્યારે ગણાય કે પોતે ધાર્મિક ક્રિયાઓમાં જોડાઈ જાય. એટલે મીઠીબાઈ રોજ સવારે વહેલા ઉઠીને સામાયિક કરે.

સામાયિક લઈ મીઠીબાઈ ઉંબર વચ્ચે દરવાજામાં બેસે. ઘરનું ધ્યાન તો રાખવું પડે. એક દિવસ તેઓ સામાયિકમાં બેઠા. હવે બન્યું એવું કે સવારનો પહોર. આજુબાજુ શાંતિ, ઠંડો પવન. તેથી મીઠીબાઈને ઝોકું આવી ગયું. જરાવાર આંખ બંધ થઈ ગઈ. એ દરમિયાન લાગ મળ્યો છે એવું જાણી એક કૂતરો મીઠીબાઈની ચોકી વટાવી ઘરમાં ઘૂસી ગયો.

ઝોકું તો કેટલીવાર રહે? મીઠીબાઈ જાગ્યા. ઘરમાં વાસણનો ખખડાટ થયો. મીઠીબાઈ જાગ્યા. જોયું તો તો કૂતરો ઘૂસી આવ્યો છે. દહીં, દૂધ બધાના વાસણ પડ્યા છે. હવે કરવું શું? સામાયિક છે, રોજ મૌન રહેવાનો નિયમ છે. કૂતરાને કાઢવો કેમ? વહુ હજી નીચે ઉતરી નથી. આ કૂતરો તો હમણાં નુકસાન કરી નાખશે.

એમણે રસ્તો કાઢ્યો. એમને થયું કે મૌન હોય ત્યારે પ્રભુ સ્તુતિ બોલવામાં બાધ ન આવે. એટલે એમણે પ્રભુની સ્તુતિ ને વહુને સંદેશ બે કામ ભેગા થાય એમ બોલવા માંડ્યું. પહેલી ગાથા બોલ્યા :

*लंबड पूछो, लंका पेटो घरमें घूसियो जान जी ।*
*म्हारो तो बस शरणो है, अरिहंताणो जान जी ॥*

વહુએ સાંભળ્યું. એને થયું કે વાહ, આજ તો બાઈજી બહુ આનંદમાં છે. જોડ બનાવે છે ને ગાય છે. પેલી બાજુ કૂતરાએ કામ કર્યું. દૂધ પી લીધું. પછી ગયો દહીંના માટ તરફ. મીઠીબાઈએ વહુને સમજાવવા જરા જોરથી બીજી ગાથા લલકારી.

*दूध दहींना चाडा फौड्या, औरा मांहि घूसियो जी ।*
*म्हारो तो बस शरणो है तो सिद्ध प्रभुरो लीधोजी ॥*

આમ મીઠીબાઈ રચના કરે, વહુ સાંભળ્યું ન સાંભળ્યું કરે ને કૂતરો એનું કામ કરે. દહીં ચાટી લીધું પછી ગયો ઘી ગોળના વાસણ તરફ. એટલે મીઠીબાઈ બોલ્યા :

*उज्जवल दंता, घी, गुड खन्ता वहुअर नीचे आओजी ।*
*आयरियाणं पद है तीजो गुण सघला ही गावोजी ॥*

વહુને થયું કે હવે નક્કી નીચે જવું પડશે. સાસુજી કંઈક કહે છે. નીચે આવીને બે હાથ જોડી સાસુને પૂછ્યું, 'બાઈજી, તમે મને કંઈ કહ્યું?' મીઠીબાઈએ હાથથી ઈશારો કર્યો. મૌન છે એટલે મોઢેથી તો બોલાય નહીં. વહુએ જોઈ લીધું. એને લંબડપૂછાના પરાક્રમ અને સાસુજીની તકલીફ સમજાઈ ગયાં. એ પણ મીઠીબાઈની વહુ હતી. એને થયું, લાવ, જરા સાસુજી સામાયિકમાં સમતા ભાવમાં છે કે નહીં તે જોઉં. એટલે બોલી કે, 'મને તો એમ કે તમે જોડ ફરમાવો છો. ખબર નહીં કે આ કૂતરાને કાઢવા કહેતા હશો. નહિંતર તરત જ નીચે આવત.' આટલું સાંભળતા મીઠીબાઈને ગુસ્સો આવ્યો. વાતો કરવાનું રહેવા દે અને આનું કંઈ કર.

*उखल भारे मुसल पडियो ले इने धमकावोजी ।*
*उपाध्यायजी किरपा भारी काम बध्यो सवायोजी ॥*

મીઠીબાઈના મનમાં તો ઘણું ઘૂંટાતું હતું, "ઊભી ઊભી વાતો કરે છે તે પહેલાં બારણા પાછળથી સાંબેલું ઉપાડ ને આને ભગાડ. આ કૂતરાએ તો કામ વધારી નાખ્યું છે." પણ બોલાય નહીં ને! મૌન છે.

વહુએ કૂતરાને તો કાઢ્યો. પણ એણે બાઈજીનું અધૂરું કામ પૂરું કર્યું. બાઈજીએ ચાર ગાથા જોડી હતી. પાંચ પદની પાંચ ગાથા તો થવી જોઈએને! એમ વિચારી પાંચમી ગાથા જોડી દીધી.

*सामायिक तो पीरे करता, आ किरिया नहीं दीठीजी ।*
*शरणा ले बस संत सतीरो, शिक्षा अद्भुत सीखीजी ॥*

આવા હતા મીઠીબાઈ, ને આવી એમની વાર્તા. આમાં સામાયિક ક્યાં? સમભાવ ક્યાં? પરમાંથી ખસીને સ્વમાં જવાનો પ્રયત્ન ક્યાં? તાટસ્થ્ય ક્યાં? ઓછી સમજવાળો આત્મા આવા સામાયિકના થોકે થોક કર્યા કરે છે પણ હાલત તો અખા ભગત કહે છે એવી જ રહી "અખા તો યે ન આવ્યું બ્રહ્મજ્ઞાન."

આ એક મીઠીબાઈની વાત નથી. કરૂણા તો એ બાબતની છે કે ઉપાશ્રયમાં જૈન અનુયાયીઓમાં આવા અનેક મીઠીબાઈ અને મીઠુભાઈ જોવા મળે છે. એમને જોઈ જ્ઞાનીજનોને કહેવાનું મન થાય કે, "માનુષિ જન્મ તો સાવ એળે ગયો, જયમ માવઠાની વૃષ્ટિ વૂઠી." માવઠાનો વરસાદ કોઈ કામનો નહીં, એળે જાય. તેમ આ ક્રિયા કાંઈ કામની નહીં, એળે જાય છે.

સામાયિકને બે પ્રકારમાં વહેંચી શકીએ : **એક દ્રવ્ય સામાયિક, એક ભાવ સામાયિક.** માળા, પૂંજણી વગેરે લઈ બે ઘડી બેસી રહીએ, ચાર ઘડી બેસીએ એટલે સામાયિક કર્યાનો સંતોષ લઇ લેવો! ના, એથી વિશેષ કંઈ છે. **સામાયિક દરમિયાન પાપ પ્રવૃત્તિથી નિવૃત્તિ લઇ પુદ્‌ગલના સ્વરૂપને સમજી તેના પરથી મમત્વ હટાવી સમત્વ સાધવું તે સામાયિક છે.** આ શરીર પણ મારું નથી. તો બીજું તો શું મારું હોય? હું તો આત્મા છું, અનંત જ્ઞાન, અનંત શક્તિનો સ્વામી. આમ વિચારી બાહ્ય દૃષ્ટિ છોડી, અંતર્દષ્ટિ કરી સમભાવમાં સ્થિર થવાનું છે. એ રીતે ભાવ સામાયિકની પ્રેક્ટિસ થશે. દ્રવ્ય સામાયિકના અભ્યાસ સાથે વૈરાગ્ય ભાવના મળશે ત્યારે સામાયિક, ભાવ સામાયિકમાં ફેરવાશે. આવું જ્યાં સુધી નહીં બને ત્યાં સુધી મીઠીબાઈ બેઠા માળા ફેરવશે. એનો અંત નહીં આવે.

પારાની જેમ સરકી જતા મનને કાબૂમાં રાખીને જ્યાં સુધી સામાયિક વ્રતની અખંડધારા ચાલુ રહે છે, ત્યાં સુધી અશુભ કર્મ નાશ પામતા રહે છે. ભદ્રબાહુ સ્વામી આવશ્યક નિવૃત્તિમાં કહે છે, "જે કોઈ ભૂતકાળમાં મોક્ષે ગયા છે, વર્તમાનકાળમાં જઈ રહ્યા છે ને ભવિષ્યમાં જશે તે સામાયિકના પ્રભાવે જાણ."

સામાયિક એક એકાંત પાપરહિત સાધના છે. પાપ રહિત એટલે કેવી રીતે? પાપનું કારણ રાગ અને દ્વેષ. **સામાયિકનું પ્રથમ લક્ષણ છે સમભાવ. આ સમભાવ એટલે સુખ-દુઃખના વિષમ ભાવો વચ્ચે મનને સમ સ્થિતિમાં રાખવું.** સમસ્થિતિમાં રહેવું તે આત્માનો સ્વભાવ છે. મનની વિષમ સ્થિતિ કર્મને આધીન છે. જીવની લગામ કર્મના હાથમાં છે. અનાદિકાળથી એ કર્મનો દોર્યો દોરાય છે. એ સ્વભાવ પડેલો છે. એ સ્વભાવ દૂર કરી સ્વ સ્વભાવનો પરિચય આત્માને કરાવવો તે સામાયિકનું પ્રથમ લક્ષણ છે.

***Practice makes man perfect.*** સંગીતકારને રોજ વહેલી સવારે રિયાઝ કરવી પડે છે. રમતવીરે સિદ્ધિ મેળવવા રોજ અભ્યાસ કરવો પડે છે. વાઢકાપ કરનાર સર્જન ડૉક્ટર મહાવરો વધતાં કાબેલ બને છે. આમ અભ્યાસમાં પણ મહાન શક્તિ છે. રોજબરોજના અભ્યાસથી દુર્લભ વસ્તુ સુલભ બને છે. 'સામાયિક'ના મર્મને સમજી એને જ કેન્દ્રમાં મૂકી સાધના કરવાથી માનસિક શાંતિ મળે છે. **માનસિક શાંતિ વિના સામાયિક અપૂર્ણ છે.**

મનમાં ઉચાટ ભર્યો હોય તો શાંતિ ન મળે. જગ્યા ખાલી થાય તો શાંતિને સ્થાન મળે. કોઈ આવ્યું, કોઈ ગયું, કોઇના ઘરમાં ઝઘડો થયો, કોઈ કંઈ નવું ખરીદી લાવ્યા, કોઈની સગાઈ થઈ, કોઈના લગ્ન! આ બધી વાતોથી નિવર્તવું જોઈએ. આવી વાતો અને ચર્ચા સામાયિકમાં ચાલતી હોય. પરિણામે સ્વાધ્યાય બાજુએ રહી જાય. પોતાનું ડહોળાય અને બીજાનું પણ ડહોળાઈ જાય. સામાયિકમાં અંદરની શાંતિ મેળવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

સાધક આ પ્રમાણે વર્તે તો એક દિવસ અપૂર્ણમાંથી સંપૂર્ણ બની શકે. ખાસ કરીને ઇન્દ્રિયના જે વિષયનું જોર હોય તે વિષયને અને તે અનુસારની વૃત્તિને સદ્‌વૃત્તિની ચોટ મારવી. માન કષાય મજબૂત હોય તો નમ્રતા અને વિનયના લાભ વિચારવા. ક્રોધના પરિણામનો વિચાર કરી શાંતિનો મહિમા ગાવો. માયા જોર કરતી હોય તો કૂતરા, ભૂંડ, બિલાડા વગેરે તિર્યંચ પંચેન્દ્રિયના જીવનને જોઈ એમનાં દુઃખો યાદ કરવા. આ રીતે અભ્યાસ કરવાથી જીવન સ્વચ્છ અને શાંત બનશે.

**આત્મા માટે કશું જ અશક્ય નથી. માત્ર દૃષ્ટિ બદલવી જોઈએ. ભૌતિક બાબતોમાં સાચું સુખ નથી. આત્મશાંતિ એ જ સાચા સુખનો રસ્તો છે.** આ વિચારે સામાયિક માટેની અપૂર્વ ઝંખના જાગે. કદાચ એમાં ઉત્કૃષ્ટ રસ આવી જાય તો બે ઘડીમાં જ તીર્થંકર ગોત્ર નામકરણ બાંધી શકે. સામાયિકની શક્તિ જાણી મીઠીબાઈ નહીં પણ મોક્ષગામી થવા પ્રયાણ કરવું જોઈએ.

*ધન્વંતરી ચિકિત્સાલય,*
*શ્રીજી નગર, મુંદ્રા, કચ્છ.*

## ક્રિસમસનો તહેવાર

**(અનુસંધાન : પાના નં. – ૧૭ ઉપરથી ચાલુ)**


તો ચાલો, આગામી ૨૫ ડિસેમ્બરના રોજ ક્રિસમસનો તહેવાર ઉજવીએ, ખુશીઓનો વહેવાર ઉજવીએ. ક્રિસમસના દિવસે ભલે સાન્તા ક્લોઝની જેમ અનેકના ચહેરા પર સ્મિત ન લાવી શકીએ, પણ કોઈ એકના ચહેરા પર સ્મિત લાવી શકીએ તો પણ ક્રિસમસની ઉજવણી સાર્થક થઈ ગણાય. ક્રિસમસનો તહેવાર દરેકના જીવનમાં અપાર ખુશીઓ લઇને આવે એવી ભાવના સહ અંતમાં એટલું જ કહીશ કે,

*સૌના દુઃખ હરે ઈશ્વર, અલ્લાહ, જિજસ*
*ને આપે ખુશીઓ, પ્રેમ, સુખ-શાંતિ અનંત*
*'જાનકી' પાઠવે શુભેચ્છાઓ 'મેરી ક્રિસમસ'*
*ન આવે કોઈના જીવનમાં ખુશીઓનો અંત.*

*માધાપર, શેરી નંબર-૧, મોરબી-૩૬૩ ૬૪૧. મો. ૯૯૨૪૨ ૧૫૦૪૦*

વ્યક્તિ / સંસ્થા વિશેષ

# ૨૦૨૦ની કચ્છી શતાબ્દી પ્રતિભાઓ



ભરત'કુમાર' પ્રા. ઠાકર

૨૦૨૦નું વર્ષ વિદાય લઈ રહ્યું છે. ચાલુ વર્ષમાં વિવિધ ક્ષેત્રની નવ જેટલી કચ્છી પ્રતિભાઓની જન્મ શતાબ્દી મનાવાઈ રહી છે. વિદાય લેતા વર્ષના આ અંતિમ મહિને અહીં કેટલાક કચ્છી શતાબ્દી વ્યક્તિ વિશેષોની મિતાક્ષરી ઝલક ઉપસાવી છે...

## જાહેર જીવનના મૂલ્યનિષ્ઠ પ્રહરી<br>કુંદનલાલ ધોળકિયા (૧૯૨૦ – ૨૦૧૧)

કચ્છના જાહેર જીવનના અગ્રણી, મૂલ્યોના પ્રહરી, પ્રખર ગાંધીવાદી નેતા, સંસદીય પ્રણાલીના જ્ઞાતા, રાજનીતિજ્ઞ, સફળ ધારાશાસ્ત્રી અને ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ એવા કુંદનલાલ જશવંતલાલ ધોળકિયાનો જન્મ ૧૦મી ઓગસ્ટ, ૧૯૨૦ના રોજ કલકત્તામાં થયો હતો. કચ્છી પ્રજાકીય પરિષદના સક્રિય સભ્ય રહી સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ યોગદાન આપેલું. ત્યારબાદ ભુજ સુધરાઈના પ્રમુખ (૧૯૫૩-૧૯૫૪), મુંબઈ વિધાનસભા (૧૯૫૭-૧૯૬૦) અને ગુજરાત વિધાનસભા (૧૯૬૦-૧૯૬૨ અને ૧૯૭૫-૧૯૮૦)ના સભ્ય તથા વિધાનસભાના પ્રથમ કચ્છી અધ્યક્ષ (૧૯૭૫-૧૯૮૦) પણ બન્યા હતા.

તે દરમિયાન કચ્છ વકીલ મંડળના પ્રમુખ, કચ્છ કોંગ્રેસના પ્રમુખ, ગુજરાત ખનીજ વિકાસ નિગમના નિયામક અને સંસ્થા કોંગ્રેસના વિવિધ ઉચ્ચ હોદ્દે રહી, જાહેર જીવનને ઘડ્યું હતું. કુંદનભાઈએ સ્પીકર તરીકે નિષ્પક્ષ અને મક્કમ કામગીરી કરીને પદની ગરિમા વધારી હતી. સંયમિત અને ગરિમાપૂર્ણ જીવન તથા કેટલીક વિલક્ષણતા અને ક્ષમતાને લીધે તેઓ મુઠ્ઠી ઊંચેરા રાજકીય અગ્રણી લેખાયા હતા.

એક વિચારશીલ લેખક તરીકે એમણે રાજકીય ઇતિહાસને લગતાં છ પુસ્તકો પણ લખ્યા છે : શ્રુતિ અને સ્મૃતિ – કચ્છ (૧૯૮૦), સમયને સથવારે ગુજરાત (૧૯૯૧), કચ્છના અંતરંગો (૧૯૯૬), સ્પીકર : પદ અને પરીક્ષણ (૨૦૦૦), ભુજ : ત્રણ સંભારણાં (૨૦૦૪) અને વિચારપંથ (૨૦૦૬). અન્ય દસેક જેટલાં પુસ્તકોના પ્રેરક પણ બન્યા હતા. ગુજરાત સમાચાર, અખંડ આનંદમાં સાંપ્રત લેખો લખી વિચારગોષ્ઠિને વેગ આપ્યો હતો.

ત્વરીત નિર્ણયશક્તિ, સ્પષ્ટ વક્તાપણું, વિદ્યાવ્યસંગ, ઉદ્યમશીલતા, વિશાળ વાંચન, ભાષા પ્રભુત્વ, અભ્યાસુ દૃષ્ટિને કારણે થોડાં વર્ષોમાં ઘણું કાર્ય કર્યું હતું. તેઓ સખત મહેનતુ (હાર્ડ ટાસ્ક માસ્ટર) અને વિગતોના માણસ (ધ મેન ઑફ ડીટેઈલ્સ) હતા. **એમણે સ્વાતંત્ર્ય સેનાની, સ્પીકર કે ધારાસભ્ય તરીકેના કોઈ પણ નિવૃત્તિલાભો કે સન્માનોનો અસ્વીકાર કરી આદર્શવાદી લોકસેવકની છાપ ઉપસાવી હતી.**

'ફોરમ'ની સ્થાપના (૧૯૮૨) દ્વારા કચ્છને સ્વસ્થ જાહેર ચર્ચાનો મંચ પૂરો પાડ્યો હતો. ધરતીકંપ પછી શહેરી આયોજન – પુનર્વસન મુદ્દે ૨૦૦૨-૦૩ દરમિયાન નવ દિવસના ઉપવાસ પર ઉતર્યા હતા. ગુજરાતના શીલવંત અને આદરણીય રાજપુરુષ કુંદનલાલ ધોળકિયાનું ૭મી માર્ચ, ૨૦૧૧ના રોજ ભુજ ખાતે અવસાન થયું. ભુજમાં મોટા બંધ પાસે એમની સ્મારક પ્રતિમા (૨૦૧૩) પણ મૂકાઈ છે.

## ગાંધીયુગના સમર્પિત સર્વોદય કાર્યકર<br>દયારામ કેવરિયા (૧૯૨૦ – ૨૦૦૮)

ગાંધીયુગના કર્મઠ રચનાત્મક કાર્યકર, સ્વાતંત્ર્ય સેનાની અને વાગડ પ્રદેશના પીડિતો માટે ઘસાઈને ઉજળા થનાર સેવાભાવી દયારામભાઈ રામદાસ કેવરિયાનો જન્મ ૩જી સપ્ટેમ્બર, ૧૯૨૦ના ભુજ ખાતે પુષ્કર્ણા બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. આઝાદીની લડત સમયે કચ્છના રાજાશાહી યુગમાં રખાલ સત્યાગ્રહ (૧૯૩૮), જવાબદાર રાજતંત્ર લડત (૧૯૩૯), દારૂપીઠાં વિરુદ્ધ દેખાવો (૧૯૩૯), ક્રાંતિકારીઓના ગુપ્તનિવાસો, ચળવળ સાહિત્યનો પ્રસાર, ભૂગર્ભ સાથીઓના સંપર્કો વગેરેમાં ભાગ લીધેલો.

સૌરાષ્ટ્રમાં બાબા પૃથ્વીસિંહ આઝાદ (૧૮૯૨-૧૯૮૯) પાસેથી વ્યાયામ પ્રવૃત્તિઓની (૧૯૩૯) અને સેવાગ્રામ (વર્ધા)માં બુનિયાદી તાલીમ મેળવી હતી અને અન્યોને તે શીખવી હતી. ગઢશીશા (તા. માંડવી)માં માવજી ધરમશી વેદ (૧૯૦૭-૧૯૪૫)ની ચરખામઢીમાં થોડો સમય કામ કર્યા પછી મણિલાલ ન્યાલચંદ સંઘવી (૧૯૨૧-૨૦૦૮)ના આગ્રહથી એમણે વાગડની

વાટ પકડી. ત્યાં ગાંધીજીની પ્રેરણાથી અંતરિયાળ ગામ લીલપુર (તા. રાપર)ને આજીવન કર્મભૂમિ બનાવી ૧૦મી મે, ૧૯૪૭થી સર્વોદય પ્રવૃત્તિનાં મંડાણ કર્યા હતા.

પછાત રાપર પંથકના શોષિત સમુદાયના ઉત્થાન માટે જિંદગી ખર્ચી નાખનાર દયારામભાઈએ ત્યાં સર્વોદય આશ્રમના નેજા તળે ભરતકામ, ખાદી, વણાટ, ચરખા, ગૃહઉદ્યોગો જેવી પ્રવૃત્તિઓ દ્વારા અનેક ઘરોને પૂરક રોજગારી અપાવી હતી. જતે દિવસે એમની જાત મહેનતથી લીલપુરને 'નિર્મળ ગામડું' બનાવ્યું. આશ્રમશાળામાં આસપાસની વાંઢોના કોળી બાળકોનું ભણતર - ઘડતર કર્યું. લીલપુરનું આભલા ભરતનું કામ પણ દેશભરમાં જાણીતું થયું.

આમ, તેઓ ખરે જ આજીવન ભેખધારી અને વંચિતોના વાણોતર હતા. એમની પ્રલંબ સમાજસેવાઓ બદલ કચ્છ ડેવલપમેન્ટ ટ્રસ્ટ અને ભીમાણી ખાદી ગ્રામોદ્યોગ મંડળ - કચ્છ (૧૯૭૯), પ્રેમજી ભવાનજી ઠક્કર મેમો. ચેરિ. ટ્રસ્ટ (૧૯૮૨) અને કચ્છ જિલ્લા પંચાયત (૧૯૮૫) દ્વારા એમનું ઉચિત સન્માન થયેલું. આવા કર્મયોગી દયારામભાઈનું ૧૩મી ઓક્ટોબર, ૨૦૦૮ના રોજ ભુજ મુકામે અવસાન થયું હતું.

## જૂની પેઢીના સંનિષ્ઠ કેળવણીકાર બચુભાઈ ધોળકિયા (૧૯૨૦ – ૨૦૧૧)

જૂની પેઢીના આદર્શ શિક્ષક બચુભાઈ લક્ષ્મીશંકર ધોળકિયાનો જન્મ ૧૯૨૦માં વડનગરા નાગર પરિવારમાં ભુજ ખાતે થયો હતો. શૈક્ષણિક કારકિર્દી અપનાવી તે પહેલાં તેઓએ મુંબઈના સાંધ્ય દૈનિકમાં પત્રકાર તરીકે કામ કરેલું અને તે પછી ફૂલશંકર હિંમતરામ પટ્ટણી (૧૯૦૬ – ૧૯૯૨)ના 'જય કચ્છ' સાપ્તાહિકમાં પણ સહયોગી રહ્યા હતા. તે પછી બચુભાઈ માંડવીની પ્રતિષ્ઠિત ગોકુલદાસ તેજપાલ (જી.ટી.) હાઈસ્કૂલમાં જોડાયા હતા.

દાયકાઓ લગી આ એક જ શાળામાં ફરજ બજાવી ૧૯૭૮માં સેવાનિવૃત્ત થયેલા. તે દરમિયાન કેળવણી ક્ષેત્રે નામના મેળવી વિદ્યાર્થીપ્રિય પણ રહ્યા હતા. નિવૃત્તિ પછી બાર વર્ષ (૧૯૭૯-૧૯૯૦) મસ્કત ખાતે ભારતીય મંડળ સંચાલિત વિદ્યાલયમાં આચાર્ય તરીકે સેવા આપી હતી. ઉપરાંત, મસ્કત ગુજરાતી સમાજના અગ્રેસર પણ રહ્યા હતા. ૧૯૯૦માં પૂર્ણ નિવૃત્તિ પછી છેલ્લે કેટલાક સમયથી મુંબઈ રહેતા હતા, જ્યાં એમનું ૧૦મી ઓગસ્ટ, ૨૦૦૧ના રોજ અવસાન થયું.

## ભુજના સામાજિક - વેપારી આગેવાન રામજીભાઈ ઠક્કર (૧૯૨૦ – ૨૦૧૨)

કચ્છના સહકારી ક્ષેત્ર, ભુજના વેપારી સમાજ અને સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા રામજીભાઈ નરશી રાઘવજી ઠક્કર **'રામભા'ના હુલામણા નામે ઓળખાતા. ભુજ શહેરની વેપારી આલમના તેઓ સર્વમાન્ય નેતા અને સમગ્ર કચ્છના વેપારી સંગઠનના માર્ગદર્શક પણ હતા.** ધરતીકંપ પહેલાની ભીડ બજારમાં વેપારીઓનું જે મોટું સંગઠન હતું તે ભુજ ગ્રેઈન એન્ડ સીડ્સ મર્ચન્ટ એસોસિએશનના વર્ષો પર્યંત પ્રમુખ રહ્યા હતા. ભુજ કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્કના તેઓ આદ્ય સ્થાપક હતા.

ડૉ. મહિપતરાય મૂળશંકર મહેતા (૧૯૧૬ – ૧૯૯૪)ની ભુજ - ગાંધીધામ બ્રોડગેજ રૂપાંતરણ લડતમાં રામભા સક્રિયપણે જોડાયેલા રહ્યા હતા. ચાર-પાંચ દાયકા પહેલાં રાજકીય અગ્રણીઓ સાથે સંબંધો કેળવીને વેપારી આલમના ઘણા પ્રશ્નોનું નિરાકરણ પણ તેઓ લાવ્યા હતા. ભુજ શહેરની સમસ્યાઓ અંગે જાગરૂક હતા, પણ સ્થાનિક રાજકારણમાં પડ્યા ન હતા. ભુજના કર્મશીલ આગેવાન, વેપારી સમુદાયના મોભી અને લોહાણા સમાજના અગ્રણી એવા રામજીભાઈ ઠક્કરનું ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ ભુજ ખાતે અવસાન થયું.

ઉક્ત ચાર કચ્છી પ્રતિભાઓ ઉપરાંત મૂળે રાપર ગઢવાળી (તા. અબડાસા)ના વતની અને મુંબઈ સ્થિત કચ્છી નાટ્યલેખક - કલાકાર **ચાંપશી ભારમલ નાગડા** (૧૯૨૦ – ૨૦૦૨), ગાંધીધામ સંકુલના ઉદ્યોગપતિ - શિપિંગ ક્ષેત્રના અગ્રણી **જશભાઈ ગુલાબશંકર વૈદ્ય** (૧૯૨૦ – ૨૦૦૨), ભુજના લેખક-પત્રકાર **ભાસ્કરરાય વિજયશંકર પંડ્યા** (૧૯૨૦ – ૨૦૦૯), મૂળ જખૌ (તા. અબડાસા)ના વતની અને મુંબઈ સ્થિત ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રના કર્મશીલ **ડૉ. માધવદાસ કે. ઠાકરશી** (૧૯૨૦ – ૨૦૧૦) તથા મૂળ માંડવીના વતની અને ભાવનગર સ્થિત જાણીતા શાસ્ત્રીય નૃત્યગુરુ **ધરમશી મૂળજી શાહ** (૧૯૨૦ – ૨૦૧૭)ની પણ આ વર્ષે જન્મ શતાબ્દી આવે છે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## ધ્યાન રાખજો...!

એક બેન કોમામાં જતા રહ્યા. બધાને એમ કે ગુજરી ગયા. સ્મશાન યાત્રા કાઢી. રસ્તામાં નનામી થાંભલા સાથે ભટકાણી... બેન જીવતા થઈ ગયા.


એક વર્ષ પછી બેન સાચે ગુજરી ગયા. સ્મશાનયાત્રા લઈને જતા હતા. બધા શ્લોક બોલતા હતા.

પતિ બોલતો હતો : 'થાંભલાનું ધ્યાન રાખજો... થાંભલાનું ધ્યાન રાખજો...'

વ્યક્તિ / સંસ્થા વિશેષ

## માંડવી (કચ્છ)ના વતની અને ગુજરાતના નૃત્યમહર્ષિ

# કળા ઉપાસક : ધરમશી મૂળજી શાહ



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*જન્મ : ૫મી એપ્રિલ, ૧૯૨૦*

*નિધન : ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૭*

કોઈ વ્યક્તિ જીવનના નવ દાયકા વિતાવ્યા પછી પણ પોતાના ક્ષેત્રમાં અને તે પણ 'નૃત્ય' જેવા કળાના ક્ષેત્રમાં સક્રિય હોય એ થોડું નવાઈ પામવા જેવું કહેવાય! વળી, વેપારવણજ સાથે વિશેષ નિસબત ધરાવતી વણિક વ્યક્તિ કળાક્ષેત્રે અને તેમાં પણ નૃત્ય ક્ષેત્રે કાઠું કાઢે એ પાછી બીજી નવાઈ! આવી આગવી પ્રતિભાના સ્વામી એટલે મૂળે કચ્છ-માંડવીના વતની અને સંસ્કારનગરી ભાવનગર વસેલા નૃત્યમહર્ષિ ધરમશીભાઈ મૂળજીભાઈ શાહ! એમના જન્મ શતાબ્દી વર્ષે એમને યાદ કરીએ....

- **જીવનનો નિર્ણાયક મોડ :**

કચ્છમાં તો એ કંઈક અંશે અલ્પખ્યાત રહ્યા, પણ ભાવનગરમાં અને ગુજરાતના કળા જગતમાં એમના નામ અને કામથી સૌ જાણકાર છે. એમણે ભારતની વિવિધ નૃત્યશૈલીઓની તાલીમ લીધેલી. નૃત્યના પહેલા પાઠ શાંતિ નિકેતનમાં અને પછી અલમોડામાં શીખ્યા તથા ભાવનગરમાં કળા વિદ્યાલય પણ સ્થાપી, તેનું દાયકાઓ પર્યંત સંચાલન કર્યું. યુવાનીનો થનગનાટ અને ઉત્સાહ એમણે જૈફવયે પણ જાળવ્યા. આદર્શ કલાગુરુ અને આદર્શ વ્યક્તિ સાથે ગૌરવવંતા ગુજરાતી તરીકે પણ નામના કમાયા.

૫મી એપ્રિલ, ૧૯૨૦ના માંડવી (જિ. કચ્છ) ખાતે વણિક પરિવારમાં જન્મેલા ધરમશીભાઈ બાળપણથી જ માતા-પિતાથી વંચિત રહેલા. પણ તેની ખોટ મોટા ભાઈ વાડીલાલભાઈએ પૂરી દીધેલી. એમની સાથે રંગુન (બ્રહ્મદેશ) પ્રયાણ ધરમશીભાઈના જીવનનું વળાંકબિંદુ બની રહ્યું. ત્યાં ભંડોળ માટે આવેલા દક્ષિણામૂર્તિ (ભાવનગર)ના સ્થાપક નૃસિંહપ્રસાદ કાળીદાસ ઉર્ફે નાનાભાઈ ભટ્ટ (૧૮૮૦-૧૯૬૧) સાથે મુલાકાત થતાં બાળ ધરમશીને સારા ભણતર માટે તેમાં દાખલ કરવાની વ્યવસ્થા ગોઠવી.

- **'નૃત્યકાર' થવાનો નિશ્ચય :**

આમ, ૧૯૪૧માં તેઓ કળાનગરી ભાવનગર આવ્યા અને જાણીતા કેળવણીકાર મૂળશંકર મોહનલાલ ભટ્ટ (૧૯૦૭-૧૯૮૪) પાસે શિક્ષિત - દીક્ષિત થયા. દરમિયાન, ૧૯૩૫માં મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલે (૧૯૧૨-૧૯૬૫) ભાવનગરમાં પ્રસિદ્ધ શાસ્ત્રીય નૃત્યકાર પંડિત ઉદયશંકર (૧૯૦૦-૧૯૭૭)નો કાર્યક્રમ ગોઠવ્યો હતો. તેમાં ગયેલા વિદ્યાર્થી ધરમશીએ એમની પ્રભાવક નૃત્યશૈલી જોઈ એમણે મનોમન 'નૃત્યકાર' થવાનો સંકલ્પ કરી લીધો!

તેથી મેટ્રિક (ત્યાંની વિનીત) થયા પછી ૧૯૩૯માં તેઓ રવીન્દ્રનાથ ટાગોર (૧૮૬૧ - ૧૯૪૧)ની વિખ્યાત કલાસંસ્થા શાંતિ નિકેતન (બોલપુર)માં ગયા. ત્યાં એમને ગુરુદેવને સંગાથે મનભાવન નૃત્ય અને સંગીતનું વાતાવરણ મળ્યું. ત્યાં ગાયેલાં વર્ષામંગલના ગીતો જ આગળ જતાં ગુજરાતી કવિઓનાં વર્ષાગીતોની નૃત્ય સંરચના કરવા માટે પ્રેરણા બન્યા. દરમિયાન ૧૯૪૧માં વડીલબંધુ વાડીભાઈનું અવસાન થતાં અને એમની મળતી આર્થિક મદદ બંધ થતાં તેઓ ત્યાં પોણા બે વર્ષ જ રહી શક્યા અને ભાવનગર પાછા આવ્યા.

અહીં મૂળશંકર ભટ્ટ અને એમના પત્ની હંસાબહેને એમને પુત્રવત્ ગણી સાચવ્યા. ફરી રસની તક સામે આવી. ૧૯૪૩માં ઉદયશંકરજીએ પોતાના 'ભારતીય સંસ્કૃતિ કલાકેન્દ્ર' (અલમોડા, ઉત્તરાખંડ)માં નૃત્ય શિબિર રાખેલી. પણ તેના ખર્ચનું કેમ કરવું? ત્યારે મૂળશંકરભાઈએ જ તેની ગોઠવણ કરી આપી. આમ, ધરમશીભાઈ ઉદયસંકરના સીધા માર્ગદર્શન હેઠળ દોઢ વર્ષ નૃત્યની તાલીમ મેળવવા ભાગ્યશાળી થયા.

- **પાંચ નર્તનશૈલીના જ્ઞાતા :**

અલમોડાની તાલીમ પછી ઘરશાળા સંસ્થામાં એમને ઈતિહાસ શિક્ષક તરીકે નિમણૂંક મળી. અલમોડામાં કવિ કૃષ્ણલાલ શ્રીધરાણી (૧૯૧૧-૧૯૬૦) તથા ભાવનગરમાં પ્રહલાદ પારેખ (૧૯૧૧-૧૯૬૨)નાં ઋતુગીતોના નૃત્ય સંસ્કરણનું કાર્ય એમણે સુપેરે પાર પાડ્યું. તેઓ પોતાના સમગ્ર જીવનને આકારિત કરવાનું પૂર્ણ શ્રેય એમના જીવન પથદર્શક રહેલા મૂળશંકરભાઈને આપે છે.

૧૯૪૭માં ધરમશીભાઈનાં લગ્ન પણ ભટ્ટ દંપતીએ ગાંધી પદ્ધતિ મુજબ સાદાઈથી ઝવેરબહેન સાથે કરાવી આપ્યા. પાટણ

ગયેલી જાનમાં માત્ર ચાર જાનૈયા હતા : વરરાજા, મૂળશંકરભાઈ, હંસાબહેન અને એમનો પુત્ર બકુલ! કન્યાને ભેટમાં એકમાત્ર બ્લાઉઝ પીસ! લગ્ન પછી ઝવેરબહેને માધ્યમિક શાળામાં નોકરી કરીને પતિને કમાવવાની ચિંતામાંથી મુક્ત કરી નૃત્ય સમર્પિત થવા મોકળાશ કરી આપી.

બહુધા નૃત્યકાર કોઈ એક શૈલીમાં પારંગત હોય. **પરંતુ ધરમશીભાઈ તો પાંચ શાસ્ત્રીય નૃત્યો (કથક, કથકલી, ભરત નાટ્યમ, ઓડિસી, મણિપુરી)ના જ્ઞાતા બન્યા!** આ બધા પ્રકારોની તાલીમ એમણે વિવિધ સ્થળોના વિવિધ વિશારદો પાસેથી મેળવેલી. તેઓ ઓડિસી શીખીને આવ્યા ત્યાં સુધી ગુજરાતમાં કોઈએ તે નૃત્ય જોયું ન હતું.

જાણીતા નૃત્યાંગના મૃણાલિની સારાભાઈ (૧૯૧૮-૨૦૧૬)ને પહેલીવાર ધરમશીભાઈએ ઓડિસી દર્શાવ્યું હતું! એમનાં શાસ્ત્રીય નૃત્યોમાં લોકનૃત્યો અને વિદેશી નૃત્યોની વિવિધ પદ્ધતિઓનું સંમિશ્રણ જોવા મળતું. નૃત્યજ્ઞ સાથે તેઓ સંગીતજ્ઞ પણ હતા અને તંતુવાદ્ય 'દિલરૂબા' વગાડવામાં પ્રવીણ હતા.

● **'કલાક્ષેત્ર' સંસ્થાની સ્થાપના :**

મૂળશંકરભાઈની પ્રેરણા અને અદમ્ય ઇચ્છાથી ધરમશીભાઈ શાહે ભાવનગરમાં 'કલાક્ષેત્ર' નામે એક કળાસંસ્થા ગાયન-વાદન-નર્તન મહાવિદ્યાલય (૧૯૫૯)ની સ્થાપના કરી. એ રીતે પોતાને મળેલી તાલીમ, અનુભવ અને જ્ઞાનનો લાભ એમણે સમાજને આપ્યો.

ગુજરાતમાં વિધિવત્ કળાશિક્ષણ માટે એક જ વિદ્યાર્થિનીથી શરૂ થયેલી આ સંસ્થામાં આજે પણ ત્રણસો જેટલા સાધકો સંગીત-નૃત્યની તાલીમ મેળવે છે. અલંકાર, શિક્ષા વિશારદ અને વિશારદમાં કુલ બે હજાર ઉપરાંત કળા ઉપાસકોએ 'કલાક્ષેત્ર' દ્વારા નિપુણતા પ્રાપ્ત કરી છે. જીવનના નેવુના દાયકામાં પણ ધરમશીભાઈ સંસ્થામાં તાલીમગુરુ તરીકે હાજર રહેતા.

એમનું સમગ્ર અસ્તિત્વ નૃત્યમય - સંગીતમય હતું. પોતાની બહુમુખી કલા પ્રતિભા, કલ્પનાશક્તિ અને સર્જકશીલતાથી નૃત્યકળાનો એમણે વ્યાપક પ્રચાર કર્યો. વર્ષામંગલ, મેઘલીલા, પ્રેમળ જ્યોતિ જેવી એમની નૃત્ય નાટિકાઓ ખૂબ પ્રસિદ્ધ થયેલી. ભાવનગરમાં કલાક્ષેત્રે જાગૃતિ અને લગાવ લાવવા માટે એમણે 'વાર્ષિક રંગમંચ પ્રદર્શન' કાર્યક્રમનો આરંભ કરેલો. નૃત્યના અનેક પ્રયોગો કરવા સાથે નર્તન દર્શન, ડિક્શનરી ઑફ ડાન્સ જેવાં નૃત્ય વિષયક પુસ્તકો પણ લખ્યા.

● **સંઘર્ષ ખેડી વિકાસ સાધ્યો :**

નૃત્યકળા ક્ષેત્રે એમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ ૧૯૮૬માં ભાવનગરની કદરદાન જનતાએ મોરારીબાપુના હસ્તે સન્માન કરી એમને માનધન અર્પણ કર્યું. તો, એમણે તેમાં પોતાના તરફથી રકમ ઉમેરી મહાનગરમાં એક સુંદર કલાભવન માટે સમર્પિત કરી દીધી! આવા બહુમુખી કલાવંતની જીવનશૈલી પણ કેવી...? ગાંધી જેવી સાદગી, ખાદીનાં વસ્ત્રો અને શક્ય એટલી પદયાત્રા!

અનેકવિધ પુરસ્કારોથી એમની નૃત્યકળા સન્માનિત પણ થઈ છે. તેમાં ભાવનગરની જનતા દ્વારા નાગરિક સન્માન (૧૯૮૬), ગુજરાત રાજ્ય સંગીત, નૃત્ય, નાટ્યકલા અકાદમીનો ગૌરવ પુરસ્કાર (૧૯૮૮-૮૯), અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડલ (મુંબઇ) દ્વારા 'મહામહોપાધ્યાય' પદવી (૨૦૦૫), વી.આર.ટી.આઈ. સંસ્થા (માંડવી) દ્વારા સન્માન (૨૦૦૯), ભાવનગર કચ્છી સમાજ દ્વારા સન્માન (૨૦૧૫), લીમ્કા રેકોર્ડ બુકમાં વિશિષ્ટ સ્થાન (૨૦૧૬), સંસ્કાર ઍવોર્ડ (૨૦૧૭), પંડિત ઓમકારનાથ ઠાકુર પારિતોષિક, ત્રિવેણી પુરસ્કાર વગેરેનો સમાવેશ થાય છે.

નૃત્યની સાધના કે કારકિર્દી એમના માટે સતત સંઘર્ષનો માર્ગ બની હતી. પરંતુ એક કચ્છી વાણિયાના દીકરાએ પોતાની સંઘર્ષયાત્રાને કેવી રીતે વિકાસયાત્રા બનાવી (સાંપ્રત સમયાનુરૂપ કહીએ તો આફતને અવસરમાં પલટાવી) તેની પ્રતીતિ એમની જીવનયાત્રા પરથી મળે છે. પોતાના કળાક્ષેત્રમાં ૭૦ વર્ષ લગી સતત કાર્યરત રહેવું એ પણ વિશેષ પ્રકારનું તપ જ છે. આ અર્થમાં નિ:સ્પૃહી ધરમશીભાઈ 'નૃત્યઋષિ' હતા.

આવા જ્ઞાનવૃદ્ધ, કલાવૃદ્ધ અને નૃત્યવૃદ્ધ ધરમશીભાઈ શાહનું જીવનના ૯૮મા વર્ષે ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૭ના ભાવનગર ખાતે અવસાન થયું. એમના શતાબ્દી વર્ષ નિમિત્તે માંડવીમાં જન્મસ્થળ પાસેના રસ્તાને સ્થાનિક સુધરાઈ દ્વારા ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના 'કલાગુરુ ધરમશીભાઈ માર્ગ' નામકરણ થતાં એમની કાયમી સ્મૃતિ જાળવી રખાઈ છે. જન્મ શતાબ્દી વર્ષે આપણી હાર્દિક સ્મરણાંજલિ....

***'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,***
***વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.***
***ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦***

## પત્નીની તાકાત

એકવાર મારા મિત્રનો એક પગ ભાંગી ગયેલો એટલે હું તેને દવાખાને લઈ ગયો! ત્યાં એણે એક ભાઈને જોયા, જેમના બંને પગ ભાંગી ગયા હતા.

મિત્રથી ના રહેવાયું અને ઉત્સુકતાથી પૂછ્યું : 'શું ભાઈ, તમારે બે પત્નીઓ છે?'

પેલા ભાઈએ ગળગળા થઈને કહ્યું, 'છે તો એક જ. પણ બે પત્ની ભેગી કરો એટલી તાકાત છે એનામાં!!'

સંભારણું

# 'પ્યાર કા પહેલા ખત લિખને મેં...'

મયૂર દેઢિયા

વાત આશરે ૧૭-૧૮ વર્ષો પૂર્વેની છે. મારા નાના પુત્રને ટાઈફોઈડ થઈ ગયો. અમને તેની આ બીમારી અને તેના પરિણામોની ચિંતા હતી. એ સમયે મારા સાસુમા અમારી મદદ માટે, અમારી સાથે રહેવા આવ્યા. ઈશ્વરકૃપાથી સૌ સારા વાના થયા. પછી સાસુમાનો આભાર વ્યક્ત કરવા મેં એક ખાસ પત્ર લખ્યો. (એ સમયે પત્રવ્યવહાર લગભગ મૃતઃપ્રાય થવાના આરે જ હતો. મોબાઈલ ફોન આવી જવાથી વાતચીત સરળ થઈ ચૂકી હતી. વીડિયો કોલિંગની સુવિધા હજી આવવાની બાકી હતી.) મુશ્કેલ અને ચિંતાની એ પરિસ્થિતિમાંથી બહાર નીકળ્યા બાદ મેં અનુભવ્યું કે સંયુક્ત કુટુંબના ભંગાણથી આપણે શું ગુમાવ્યું છે!! ખેર! આજે એ વિષય પર વાત નથી કરવી. પરંતુ મારો લખેલો એ પત્ર, મારા સાસુમાએ હજી સુધી સાચવી રાખ્યો છે. જ્યારે પણ અમારી આ અંગે વાત થાય ત્યારે તેઓ એ પત્રનો જરૂર ઉલ્લેખ કરે છે. એ પત્ર એમના માટે એક લાગણીશીલ સંભારણું છે. તેમણે તો મારા પત્નીને પણ ખાસ કહી રાખ્યું છે કે તેમના ગયા પછી પણ આ પત્ર સાચવીને રાખે.

આજે ૧૦મી ઓક્ટોબરના રોજ સ્વ. જગજીતસિંઘની ૯મી પુણ્યતિથિએ તેમને યાદ કરતાં, નીચેની ગઝલ સાંભળી. પછી આ વિષય પર લખવાનું વિચાર્યું. પહેલા આ ગઝલનો આસ્વાદ માણીએ.

*પ્યાર કા પહેલા ખત લિખને મેં વક્ત તો લગતા હૈ,*
*નયે પરીંદો કો ઉડને મેં વક્ત તો લગતા હૈ.*

*જીસ્મ કી બાત નહીં થી ઉનકે દિલ તક જાના થા,*
*લંબી દૂરી તય કરને મેં વક્ત તો લગતા હૈ.*

*ગાંઠ અગર બંધ જાયે તો ફિર રિશ્તે હો યા દોરી*
*લાખ કરેં કોશિશ ખૂલને મેં વક્ત તો લગતા હૈ.*

*હમને ઈલાજ-એ-દર્દ દિલ તો ઢૂંઢ લિયા લેકિન*
*ગહરે ઝખ્મોં કો ભરને મેં વક્ત તો લગતા હૈ...*

હિંદીના જાણીતા કવિ હસ્તીમલ હસ્તીની આ ખૂબ જ સુંદર રચના અને એને જગજીતબાપુનો સ્વર અને સંગીત મળે, એટલે સોનામાં સુગંધ ભળે (જગજીતસિંઘને લાડમાં અમે 'બાપુ' કહીએ.) મારો દાવો છે કે જેમણે પણ આ ગઝલ સાંભળી હશે, એ પહેલીવારમાં જ આ ગઝલના પ્રેમમાં પડી ગયા હશે. ખેર! આજે વાત કરવી છે લુપ્ત થઈ રહેલા પત્ર વ્યવહારની. ઇ-મેઈલ, વોટ્સએપ અને ફેસબુકના આજના યુગમાં આપણે પત્રલેખન ભૂલતા જઈએ છીએ.

મને બરાબર યાદ છે કે નાનપણમાં ભાષાના વિષયની પરીક્ષામાં પત્રલેખન આવતું. હવેના ભાષાના પ્રશ્નપત્રમાં એનો સમાવેશ છે કે નહીં, તેની માહિતી નથી. હાથે લખાયેલ પત્ર, એ પછી મિત્રનો હોય, માતાનો હોય, પુત્રનો હોય કે પ્રેમીનો હોય – તેની યાદોં, તેની મીઠાશ, તેની સાથે જોડાયેલ સંસ્મરણો અને એની અસર, જીવનપર્યંત રહે છે. **તમારી યાદગાર પળો, કે એ ઘટના સાથે જોડાયેલ અનુભૂતિને વર્ણવતા હસ્તલિખિત પત્રોના સ્પંદનોને, આજના *FB, Insta* કે *WhatsApp* મેસેજ ઝીલી શકે કે વ્યક્ત કરી શકે એવું હું માનતો નથી.** પત્રમાં અભિવ્યક્ત લાગણીના પડઘાને આપણે ઘડી વાળીને સાચવીને મૂકીએ છીએ. એ રીતે, સોશિયલ મીડિયાના સંદેશને લોકો સંગ્રહી શકશે? સાચવીને મૂકી રાખશે? કદાચ Personal Touch ની એ અનુભૂતિ જ વિસરાતી જશે.

પત્ર વ્યવહાર અને એને લગતી ઘણી બાબતોને સાહિત્યકારો અને કલાકારોએ પોતાની રીતે મઠારી છે, શણગારેલી છે.

મને યાદ આવે છે પંકજ ઉધાસનું યાદગાર ગીત "ચિઠ્ઠી આઈ હૈ..." એ જમાનામાં જ્યારે પંકજ ઉધાસ વિદેશમાં તેમના કાર્યક્રમ દરમિયાન આ ગીત ગાતા, ત્યારે પ્રેક્ષકોની પાંપણ ભીની થઈ જતી. એક ગુજરાતી ફિલ્મમાં લેવાયેલ અત્યંત હૃદયસ્પર્શી રચના "આંધળી મા નો કાગળ" હજી પણ લોકોને યાદ છે. એ પત્રમાં વર્ણવાયેલ આંધળી મા ની વ્યથા અને વેદના આજેય લોકોને રડાવી જાય છે. ઘણાને એ પત્રની અસર પણ થઈ છે.

ગાંધીજીના ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમી સંસ્કૃતિ વચ્ચેના દ્વંદ્વની મનોદશામાં ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રજીને લખેલ સવાલો અને શ્રીમદજીએ આપેલ જવાબો જાણવા અને સમજવા જેવા છે. પંડિત જવાહરલાલ નહેરુ અને ઇંદીરા ગાંધી વચ્ચેનો પત્ર વ્યવહાર પણ વાંચવા જેવો છે. વ્યક્તિગત વિચારો, સાંપ્રત સામાજિક વ્યવસ્થા અને ઈતિહાસની ઘણી ઘટનાઓ અંગેની જાણકારી આવા અગ્રણીઓ વચ્ચે થયેલા પત્ર વ્યવહારમાં પ્રગટ થાય છે.

પત્રલેખન એક કલા છે. પત્ર લખનાર વ્યક્તિ હકીકતમાં સામી વ્યક્તિને પોતાના ભાવોનો નિચોડ આપવા પ્રયાસ કરતી

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૬ ઉપર)

શ્રદ્ધા

# શિક્ષણની ભૂમિકામાં સ્ત્રી



ડૉ. પલ્લવી શાહ,
"વ્યાખ્યાતા"

અડકો દડકો રમતા રમતા જીવનનું પરોઢ, ઊગતા સૂર્ય રશ્મિના તેજ એક વિશેષ વિકાસની દિશામાં પગ માંડે છે. એ દિશા છે શિક્ષણની. નાની બાળા હવે વિદ્યાર્થિની બને છે. મા નો ખોળો મૂકી, શાળા તરફ પગ માંડે છે. આ એના જીવનનો સુંદરતમ ગાળો છે. જીવનના, જીવન માટેના અનુભવોની અહીંથી શરૂઆત થાય છે. અહીં જીજ્ઞાસા છે, નિર્દોષતા છે, જ્ઞાન પ્રાપ્તિ માટેની ઇચ્છા છે. સહજપણે થતું ઘડતર છે. માતા-પિતાની છાયા છે, શિક્ષકોની હૂંફ છે. શાળાનાં ખુલ્લા દ્વાર એને ઉજ્જવળ વિકાસ માટે આવકારે છે. શાળા એની તીર્થભૂમિ છે. ઉછળતા કૂદતા ઝરણા જેવી એ બાળાએ વિદ્યાર્થિનીના પરિવેશમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તથા વિદ્યાલયોનાં એક એક સોપાન સર કરવાના છે. એનું ગંતવ્ય ઝરણામાંથી નદી બનવા તરફનું છે.

શાળાના ક્ષેત્ર સુધી એનું પાયાનું ઘડતર થાય છે. લેખન, વાંચન અને ગણનના કૌશલ્યોનો વિકાસ થાય છે. ગ્રહણ શક્તિની ક્ષમતા ખીલે છે અને સાથે સાથે સર્જનશક્તિ પણ ચૂપચાપ આકાર લે છે. મનમાં અનેક તરંગો ઉછળે છે. કલ્પના ચાવલા, સુનિતા વિલિયમ્સ, સાનિયા મિર્ઝા, સોનિયા નહેવાલ વગેરે જેવી સફળ વ્યક્તિઓ તેના આદર્શ બને છે. ભાવિ ડૉક્ટર, વકીલ, શિક્ષક, પાયલોટ વગેરેના રૂપમાં પોતાને જુએ છે, વિચારે છે. સામાન્ય રીતે આ પરિસ્થિતિ પ્રવર્તતી હોય છે. આ ગાળામાં વિદ્યાર્થિનીઓએ પોતાની ભૂમિકા યોગ્ય રીતે ભજવવાની હોય છે.

શાળાનો સમયગાળો એટલે કે છાત્રાકાળ, એ એવો સમય છે, જ્યાં એના ઘડતરની વિકાસની શરૂઆત થાય છે. **અહીંથી શરૂ થાય છે એનું શારીરિક ઘડતર, એનું માનસિક ઘડતર, ચરિત્રનું ઘડતર.** જીવન પાથેયના અનેક અનુભવોથી એનો વિકાસ શરૂ થાય છે. તે પોતાના જીવનનું લક્ષ્ય નક્કી કરે છે.

ઘડતરની અને વિકાસની આ પ્રક્રિયા દરેક વ્યક્તિએ ભિન્ન હોય છે. એની પાછળ ઘણાં બધાં કારણો રહેલા છે. જેમાંનું મુખ્ય કારણ છે વ્યક્તિગત ભિન્નતા. વિદ્યાર્થીકાળ દરમિયાન જેવું ને જેટલું તે ગ્રહણ કરશે તે મુજબ તે પાંગરશે અને આગળ જતાં તે અને તેનાથી વિશિષ્ટ સ્વરૂપનું તે સમાજને પ્રદાન કરશે. શિક્ષણને આચાર તરીકે જીવનમાં ઉતારનારી તે વિદ્યાર્થિની ભવિષ્યમાં ક્યારેય કોઈ પણ છોકરીના અભ્યાસને નકારશે નહીં, બલકે તેને તેમાં બનતી મદદ કરશે. સર્વાંગીણ વિકાસની શિક્ષણની સંકલ્પનાને ચરિતાર્થ કરી, ભાવિ પેઢીની ગુણવત્તા ઊંચી હોવાને કારણે એ ગુણવત્તાને કાયમ રાખવાનો પ્રયત્ન કરશે. **આજની વિદ્યાર્થિનીએ આવતીકાલે અનેક ભૂમિકાઓ ભજવવાની છે : પુત્રી, પત્ની, માતા, ભાભી વગેરે વગેરે...** જેટલું તેણે છાત્રકાળે પ્રાપ્ત કર્યું હશે તેનાથી અનેકગણું તે દરેક ભૂમિકા દ્વારા આપશે. સરવાળે એક સ્વરૂપે એટલે કે વિદ્યાર્થિની સ્વરૂપે અર્જિત કરેલું શિક્ષણ તે તેની અનેક ભૂમિકા દ્વારા પાછું આપે છે અને આમ ચક્રવૃદ્ધિ વ્યાજે ચક્ર ચાલતું જ રહે છે.

**આવા સમયે એણે ખાસ ખ્યાલ રાખવાનો છે કે શિક્ષણ દ્વારા તેણે પ્રથમ પોતાનું અને ત્યારબાદ સમાજનું ઘડતર કરવાનું છે.** આ આદર્શ પરિસ્થિતિ છે. પણ ક્યારેક આમાં દિશા ફંટાઈ જાય છે. ક્યારેક વધુ પડતી મહત્ત્વાકાંક્ષા કે ગુરુતાગ્રંથિ વિકાસની ગાડીને ખોટી દિશામાં લઈ જાય છે ત્યારે તે યા તો ખોટી સોબતે ચડે છે અથવા ખોટું કરવા પ્રેરાય છે. સરવાળે : ***"बोझ बनी जीवन की गाडी, बैल बना इन्सान"*** જેવી પરિસ્થિતિ સર્જાય છે. પણ ના, વિદ્યાર્થીકાળ એ તો સુવર્ણકાળ છે. એને પિત્તળ નથી બનાવવાનો. વિદ્યાર્થીકાળ પૂરો થાય એટલે હવે તો એને એના લક્ષ્ય તરફ આગળ વધવાનું છે. એમ ભટકી ગયે નહીં ચાલે!

છાત્રકાળને પાછળ મૂકી, યા તો તે કારકિર્દી તરફ પગરણ માંડે છે અથવા તો સંસાર જીવન માંડે છે. કારકિર્દી માટે હવે તો તેના માટે બધા ક્ષેત્રો ખુલ્લા છે. એક સમય એવો હતો જ્યારે ખૂબ મર્યાદિત દિશાઓમાં તે જઈ શકતી. પણ તેમ છતાં તે જ્યારે શિક્ષિકાની ભૂમિકામાં આવે છે ત્યારે તેના ચહેરાનો ઉજાસ કંઈક ઓર જ હોય છે કારણકે આ ભૂમિકા તેની મૂળભૂત પ્રકૃતિને અનુકૂળ ભૂમિકા છે.

વિદ્યાર્થી જીવન સમયે પોતે જે આદર્શો સેવ્યા છે, જે સ્વપ્નો જોયા છે, જે મૂલ્યો ગ્રહણ કર્યા છે, જે જ્ઞાન ઉપાર્જન કર્યું છે, તે વાવવાનો તેને મોકો મળે છે. પોતાની પાસે રહેલા સંસ્કારોનું સિંચન કરે છે અને નસીબ પણ કેવું ઉત્તમ કે આ તક તેને અનેક

વર્ષો સુધી પ્રાપ્ત થાય છે. **એક મા પોતાના દૂધથી પોતાના બાળકનું ઘડતર કરે છે. જ્યારે એક શિક્ષિકા પારકા બાળકોને પોતાના બનાવી, પોતાના સ્નેહ અને પ્રેમથી તેમનું ઘડતર કરે છે.** મા ના ખોળામાં બાળકનું વિશ્વ સમાવિષ્ટ છે. એ ખોળો મૂકી એ જ્યારે શાળાએ જાય છે ત્યારે દુનિયામાં પોતાના પરિવાર સિવાયની અન્ય કોઈ વ્યક્તિ પર પ્રથમ વિશ્વાસ મૂકે છે, તો તે છે તેની શિક્ષિકા. ઘર સિવાયના સમય દરમિયાન એ તેને પોતાની માતા જેવી લાગે છે. સમય જતાં આગળ વધતા તરુણાવસ્થામાં તેને "બેન" સ્વરૂપે મિત્ર મળે છે. જેની હૂંફમાં તે પોતાની બધી મૂંઝવણના ઉપાયો શોધી શકે છે. તેનામાં રહેલી અનેક કુશળતાને બહાર લાવી શકે છે અને એ જ શિક્ષિકાબેન એના જીવનનો આદર્શ બને છે. તેમની મદદથી, સાયુજ્યથી અને જીવન પ્રત્યેની દીર્ઘ દૃષ્ટિ વડે તે પોતાનું લક્ષ્ય નક્કી કરે છે. ભલે શાળા છૂટે, પણ આવા શિક્ષકોની યાદ, એમનો ઉપકાર જીવનમાં ક્યારેય છૂટતો નથી. તેમનું ઋજુ હૃદય અને પ્રેમાળ વાણી વિદ્યાર્થીઓના હૃદયમાં મૃત્યુ પર્યંતનું સ્થાન બનાવી લે છે.

બાળક જ્યારથી ગર્ભમાં અવતરે, ત્યારથી જ મા તો એની શિક્ષક છે જ. એનું જતન અને સંરક્ષણ ઉપરાંત તેનામાં સારા સંસ્કારો પડે, મૂલ્યો સંવર્ધિત થાય તેના માટેના પ્રયત્નો તે ગર્ભાવસ્થાથી જ કરી દે છે. **ડગલે ને પગલે શીખ આપતી મા તેના સંતાનની આજીવન શિક્ષિકા છે. તે પોતાના સંતાનને માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, જીવન શિક્ષણના પાઠો શીખવે છે.** તેની આર્થિક પરિસ્થિતિ ગમે તેવી હોય – અમીર કે ગરીબ, કૌટુંબિક પાર્શ્વભૂ ગમે તેવી હોય – સાક્ષર કે નિરક્ષર, પણ પોતાનું સંતાન ખૂબ ભણે, આગળ વધે તે માટેના પોતાના પ્રયત્નોમાં કોઈ ખામી રાખતી નથી. પોતાની કક્ષાના શ્રેષ્ઠ પ્રયત્નો તે કરી છૂટે છે.

સ્ત્રીની અનેક ભૂમિકાને માત્ર એક શબ્દમાં વર્ણવતા કવિ કહે છે :

*नारी तुम केवल श्रद्धा हो,*
*विश्वास रजत नग पग तल में*
*पियुष स्त्रोत सी बहा करो*
*जीवन के सुंदर समतल में*

**સ્ત્રી માટે શ્રદ્ધા ઉપરાંત ઉત્તમ કોઈ શબ્દ હોઈ શકે નહીં.** સાક્ષાત મા સરસ્વતી પણ સ્ત્રી સ્વરૂપા છે કે જ્યાંથી જ્ઞાનનો ઉદ્‌ગમ થયો છે. એના વિશે જેટલું લખીએ એટલું ઓછું અને તેને શિક્ષણનો પર્યાય કહીએ તો પણ ક્યાં ખોટું???

*મા આશાપુરા બી.એડ. કૉલેજ ફોર ગર્લ્સ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ઈ-મેઈલ : plvshah@gmail.com*
*મો. ૯૪૨૯૫ ૪૭૯૬૫*

## પ્યાર કા પહલા ખત લિખને મેં

**(અનુસંધાન : પાના નં. – ૨૪ ઉપરથી ચાલુ)**

હોય છે. તેથી જ કાગળ વાંચતી વખતે વાચક ભાવુક થઈ જાય છે. પત્ર લખનારની લાગણી એ બરાબર સમજી શકે છે. મારા એક કાકી અને માસીના પત્રો - લેખો મેં વાંચ્યા છે. તેમાં બેશક, જોડણી અને વ્યાકરણની ભૂલો રહેતી, પણ ભાવ અને લાગણીની ઉણપ બિલકુલ ન લાગે.

*પંકજ ઉધાસે ગાયેલ એક ગઝલનો શેર છે :*

***પહલે જબ તુ ખત લિખતા થા,***
***કાગઝ મેં ચહેરા દિખતા થા...***

વાંચનારને લખનારનો ચહેરો, તેની ફિલિંગ્સ બધું જ અનુભવાતું. જે આજના ઈમોજીમાં કે Forwarded Messages માં મહેસુસ થતું નથી. તૈયાર મેસેજ કે વીડિયોમાં સામેવાળી વ્યક્તિને કેટલી લાગણી Feel થઈ શકે, એ મારા માટે શંકાનો વિષય છે. મોબાઈલની સ્ક્રીન પર ટાઈપ થયેલા સંદેશ કરતાં, હાથે લખેલ જન્મ દિવસની શુભેચ્છાઓને વાંચનાર જીવનભર યાદ રાખશે. આમ કહીને હું કદાચ જૂનવાણી કહેવાઈશ, પરંતુ આ જ મારો પ્રામાણિક મત છે.

**આજના જમાનામાં રોજ સવારે સોશિયલ મીડિયામાં ઠલવાતા અલ્પજીવી *Forwarded messages* કરતાં, હસ્તલિખિત, ભાવસભર પત્રની આવરદા વધુ હશે.** અર્થશાસ્ત્રની ભાષામાં કહું તો એ પત્રનો તુષ્ટિગુણ અનેકગણો વધુ હશે. અજમાવી જુઓ.

તમે તમારી નજીકની કોઈ વ્યક્તિને, માતા-પિતા, ભાઈ-બહેન, અન્ય સ્વજન, મિત્ર કે પ્રેમીને દિલથી પત્ર લખીને મોકલો. પાંચ-સાત વર્ષો પછી પણ એ સ્વજનને મળશો, તો બહુધા એ પત્ર સચવાયેલો જ હશે. આ જ વાતનો દાવો રોજ મોકલાતા WhatsApp કે FB Wishes માટે નથી કરી શકાતો.

લુપ્ત થતા પત્રલેખન માટે થોડેઘણે અંશે હાંસિયામાં ધકેલાતી જતી માતૃભાષા પણ કારણભૂત છે કારણકે લાગણીઓની શ્રેષ્ઠ અભિવ્યક્તિ માતૃભાષામાં જ સંભવ છે. વિદેશી ભાષામાં એને એટલી અસરકારક રીતે વ્યક્ત નથી કરી શકાતી. આ મારા વ્યક્તિગત વિચાર છે. કદાચ હું ખોટો હોઈ શકું. વળી મારું વિદેશી ભાષાનું જ્ઞાન એટલું નથી કે હું ઈંગ્લિશ કાવ્યો, સોનેટ કે લેખોને પૂરી રીતે સમજી શકું. જ્યારે ગુજરાતી, હિંદી કે સરળ ઉર્દુમાં લખાયેલ કાવ્યો અને વિચારો હૃદયમાં સોંસરા ઉતરી જાય છે.

તો ચાલો, આજથી આપણે નક્કી કરીએ કે આપણે આપણા ગમતા લોકોને, આપણા વિચારો, ભાવો, સંવેદનાઓ અને શુભેચ્છાઓ જાતે લખીને મોકલવા પ્રયાસ કરીશું. બાકી, જગજીત સિંઘ તો ગઝલમાં કહે જ છે કે :

***પ્યાર કા પહેલા ખત લિખને મેં***
***વક્ત તો લગતા હૈ....*** ■

સંકલ્પ

# વૃદ્ધત્વ : ક્યારે અનુભવાય ખમીર અને ખુમારી?

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર
પૂર્વ નિયામક

## • ભૂમિકા :

આપણા અધ્યાત્મગ્રંથોમાં વૈજ્ઞાનિક ધોરણે જીવનને ચાર તબક્કામાં વહેંચવામાં આવ્યું છે : (૧) બ્રહ્મચર્યાશ્રમ, (૨) ગૃહસ્થાશ્રમ, (૩) વાનપ્રસ્થાશ્રમ, (૪) સંન્યાસાશ્રમ. દરેક સમજદાર, શાણપણ ધરાવતી વ્યક્તિ આ ચારેય પરસ્પર આધારિત આશ્રમો એ સૂચવેલા ધર્મ - ફરજનું યથાયોગ્ય પાલન કરે તો તેને ક્યારેય વિષાદ - નિરાશા - હતાશા - ગ્લાનિનો અનુભવ થશે નહીં. કોઈને અકાળે વૃદ્ધત્વ આવતું નથી. તેનો નિશ્ચિત સમય હોય છે. વૃદ્ધત્વ બે આશ્રમોમાં પ્રાપ્ત થયેલા - મેળવેલા ગુણો, સંચિત કર્મોનો સરવાળો સૂચવે છે. એટલે તે જ વાનપ્રસ્થ સદાયે સુખ, શાંતિ અને સંતોષ મેળવી શકે છે જેનો અતીત રમણીય હોય.

મનોવૈજ્ઞાનિક ડેવિડ રિચાર્ડસન વૃદ્ધ માણસોના ત્રણ પ્રકાર પાડે છે :

૧. **સ્વયં સંચાલિત :** કોઈનો આશ્રય લીધા વિના જ તેઓ છેક સુધી તાજગી - સ્ફુર્તિ મેળવ્યા કરતા હોય છે. જીવનને માણવાની શક્તિ - સહજતા તેમનામાં વિકસેલી છે. શિશુવિહાર ભાવનગરના માનભાઈ ભટ્ટ કે એક્સલ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક કાંતિસેનભાઈ શ્રોફ જેવા તેના જીવંત ઉદાહરણો છે.

૨. **ગોઠવાઈ ગયેલા :** જેમની પાસે આંતરિક મૂડી નથી પણ સત્તા - પ્રતિષ્ઠા - નાણું - પેન્શન વગેરેના પ્રભાવને કારણે તેઓ સારી રીતે જીવી શકે છે.

૩. **કોઈ શક્તિ વિનાના :** આવા લોકો પાસે નથી કોઈ આનંદનું મૂળ કે નથી બાહ્ય પરાવલંબન. તેઓ લાચાર, અરક્ષિત છે. પ્રથમ અને બીજા પ્રકારના વૃદ્ધત્વનો સમન્વય સિદ્ધ કરવા માટે આદર્શ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમને સોનેરી કઈ રીતે બનાવી શકાય તેની ચર્ચા અભિપ્રેત છે.

## • ગુણગ્રાહી આશ્રમ વ્યવસ્થા :

આવી વ્યક્તિ જ્યારે શૈશવ - કિશોર અવસ્થામાં હોય ત્યારે વડીલોએ સ્નેહ-સૂઝપૂર્વક તેના વાણી-વર્તનમાં વિનય - વિવેક જેવા સંસ્કારોનું સિંચન કર્યું છે. તેથી તે કુસંગ-કુટેવો- વ્યસનોથી જોજનો દૂર છે. સમયનો ન્યાયી, શ્રેષ્ઠતમ ઉપયોગ કરે છે. માહિતી, જ્ઞાન, આનંદ, ઉન્નતિ અને દૂરદર્શિતાના સ્રોત સમાન વિવિધ વિષયોના વાંચન-મનનને પોતાના વ્યક્તિત્વ વિકાસનું માધ્યમ માને છે. અભ્યાસ, જીજ્ઞાસા, એકાગ્રતા દાખવીને પોતાને મનપસંદ ભૌતિકવિદ્યામાં તે નિપુણ થયો છે. પ્રાર્થના, આસન, કસરત, પ્રાણાયામ દ્વારા શારીરિક-માનસિક સ્વસ્થતા માટેના પાયા તેણે મજબૂત કરી દીધા છે.

ગૃહસ્થ જીવનમાં તે આત્મનિર્ભર છે. જે કોઈ નોકરી, વ્યવસાયમાં તેણે સામેલ થવાનું આવ્યું તેમાં તે દૃષ્ટિ, નિષ્ઠા, ખંત, નીતિમત્તાપૂર્વક જવાબદારી અદા કરે છે. ઉચ્ચ અધિકારીઓનો વિશ્વાસ સંપાદન કરે છે. પ્રામાણિકતાપૂર્વક મેળવેલી આવકને લક્ષમાં રાખીને જ વપરાશનું આયોજન કરે છે. આવતીકાલે આવનારા સારા, માઠા પ્રસંગો, નિવૃત્તિ પછીના યોગક્ષેમ પારખીને વિવિધ ખાનગી-સરકારી નાણાંકીય સંસ્થાઓની યોજનાઓનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરે છે અને પછી કોઈનાથીયે દોરવાયા વિના આવકનો નિશ્ચિત હિસ્સો જુદો તારવી લઈને તેનું નિયમિત દર માસે રોકાણ કર્યે જાય છે.

તે જીવન-વ્યવસાયમાં ક્યારેક નિષ્ફળતા મેળવે છે ત્યારે નસીબ, વાતાવરણ, સંજોગો કે વ્યક્તિના દોષ કાઢવાને બદલે આત્મનિરીક્ષણ કરે છે. નિષ્ફળતાને સફળતાનું સ્ટેપિંગ સ્ટોન માની, ધીરજપૂર્વક આગળ વધે છે. પોતાની જાત, પરિવાર અને વ્યવસાય માટે સમયની ફાળવણીમાં તે સમતુલા સાધે છે. સગા-સંબંધીઓ, મિત્રો, શુભેચ્છકો સાથે જ નહીં, ઉર્જાસભર - સૌંદર્યમંડિત પ્રકૃતિ, નિર્જીવ-સજીવ સૃષ્ટિ, પંખીઓ - પ્રાણીઓ, નદી-સરોવર, સમુદ્ર સૌ સાથે પરિશુદ્ધ આત્મીય સંબંધો સાધે છે. તે ધર્મસ્થાનકોમાં જાય છે. કર્મકાંડ-પૂજાપાઠ કરે છે પણ તેની પાછળના તાર્કિક ઉદ્દેશો - હેતુઓની જાણકારી તેણે મેળવી છે. એટલે સાંપ્રદાયિક શ્રદ્ધાની સાથે આધ્યાત્મિક વિદ્યામાં રસ-રૂચિ દાખવીને, મન-બુદ્ધિ-ચિત્તની કેળવણી કર્યા કરે છે.

## • સમાપન :


આ વ્યક્તિ યુવાની અને ગૃહસ્થ અવસ્થાના બે તબક્કામાંથી પાર ઉતરીને ૬૦ વર્ષની આસપાસ નિવૃત્ત થાય છે અને 'વાનપ્રસ્થ'નું ઉચ્ચપદ ધારણ કરે છે. તેણે આયુષ્યની ચરમસીમાએ પહોંચતા પહેલા ક્રમબદ્ધ તૈયારી કરી છે. તે જાગૃતિપૂર્વક જીવન જીવ્યો છે. હવે તે સ્વાવલંબી છે, ચારિત્ર્યવાન-પ્રજ્ઞાવાન છે. શરીરના અવયવો ભલે શિથિલ થતા જતા હોય પણ માનસિક રીતે તે યુવાન છે. તે જયેષ્ઠ - શ્રેષ્ઠ બનવા માટે પૂરી પાત્રતા ધરાવે છે. તે યોગી છે, ધૈર્યવાન છે, માર્ગદર્શક છે, બધાના સ્નેહનો અધિકારી છે. તેની પાસે આંતરચેતના વિકસાવવા માટે પર્યાપ્ત અવકાશ છે. સદ્‌મિત્રો અને સદ્‌સાહિત્યના સત્સંગ-સ્વાધ્યાય દ્વારા તે આત્મસ્થ થતો જાય છે. ઈશ ઉપનિષદની 'ઈશાવાસ્ય ઈદં સર્વ'ની ભાવના મુજબ સર્વજન હિતાય, પોતાની રસ-રૂચિ અનુસાર, સ્વતંત્રપણે કે અન્ય સંસ્થાઓ સાથે સંલગ્ન રહીને નિષ્કામભાવે સમાજસેવામાં પ્રવૃત્ત છે.

ચાલો, આપણે વાસંતી વૃદ્ધત્વની વિદ્યા શીખવા માટે સંકલ્પ કરીએ.

*પૂર્વનિયામક : લોકભારતી,*
*૨૦૨, ઓર્કિડ, તસ્કીન સોસાયટી,*
*શુક્લનગર ચાર રસ્તા, સમા, વડોદરા-૩૯૦ ૦૦૨.*
*મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦*

વાર્તા

# હું છું ને! (मैं हूँ ना!)



બલવીરસિંહ જાડેજા

'ચાલો પપ્પાજી-મમ્મીજી, નજીકમાં આવેલા મોરીસન સ્ટોરમાં જઈએ. અહીંથી બસ ચાલતા જઈ શકાય એટલા અંતરે જ છે. અમે 'જોબ' પર જઈએ ત્યારે, તમે અહીં આવીને, જરૂરી, ઘરવપરાશની વસ્તુઓની ખરીદી કરીને, આ વ્હિલટ્રોલી ઉપર લઈ આવી શકો છો. તમારો સમય પણ પસાર થશે અને તમારી રીતે કાર્ડથી ખરીદી પણ થઈ શકશે.' કહીને પુત્રવધૂ જયશ્રી, સાસુ-સસરાને ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં લઈ આવી.

દીકરા નિકુંજ અને તેની પત્ની જયશ્રીને યુ.કે.ની સિટીઝનશિપ મળી જતાં, લંડનના હેરો વિસ્તારમાં, મોરીસન સ્ટોરની નજીકમાં જ નવું એપાર્ટમેન્ટ ખરીદ્યું. પછી મમ્મી-પપ્પાને ઉનાળામાં નવા ઘરે બોલાવ્યા હતા. બંને સવારમાં, રસોઈ બનાવી, ટિફિન લઈને જોબ ઉપર નીકળી જતાં. એ પછી બંને વડીલોને સમય પસાર થાય તે માટે સ્ટોર બતાવવા જયશ્રી લઈ આવી હતી. સવાર-સાંજ તો સ્ટોરમાં વધુ ભીડ હોય પણ ઢળતી સાંજે, બપોરે ચા-પાણી પીને બંને વડીલોનો સ્ટોરમાં આવવાનો નિત્યક્રમ થઈ ગયો. પણ ત્રીજા જ દિવસે, એકાએક પત્ની હરબાળાએ પતિને કહ્યું, 'ગિરીશ, જુઓ તો પેલા વચ્ચેના ત્રીજા કાઉન્ટર ઉપર બેઠેલા, બીલ બનાવતા સાડીવાળા બહેન જાણીતા લાગે છે. મને યાદ નથી આવતું પણ ચહેરો જાણે પરીચિત, અતિ પરીચિત હોય એમ મને લાગ્યા કરે છે.... – ચાલોને ત્યાં જ બીલ બનાવીએ અને પૂછીએ.'

'ચાલો.'

કાઉન્ટર ઉપર બીલ બનાવતા બહેને હરબાળા સામે જ્યારે જોયું, ત્યાં જ એકિટસે એકબીજાને જોઈ રહ્યા. 'તું... તું... હરબાળા તો નહીં?'

'હા... હા... પણ તું...તું...?'

'હું વનલતા. ઓળખી નહીં?'

'ઓહોહો... વનલતા પટેલ! સ્કૂલમાં સાથે હતા એ જ?'

'હા, એ જ.'

'કેટલા વરસે મળ્યા' કહીને બંને શાળા જીવનની સખીઓ એકબીજાને ભેટી પડી અને પછી રડી પડી. ત્યાં નજીક ઉભેલા બીજા ગ્રાહકો આશ્ચર્યથી જોતા રહ્યા.

તમે બંને, તું અને તારા મિસ્ટર... શું નામ છે હરબાળા...?' 'ગિરીશ વ્યાસ.'

'હા... તો તમે બંને અહીં ક્યાંથી?'

'અમે દીકરાના ઘરે આવ્યા છીએ. પણ તું અહીં ક્યાંથી, વનલતા?'

'બહુ લાંબી વાત છે. નિરાંતે કરીશ.'

આટલી ઔપચારીક વાત પછી, સ્ટોરમાં બીલ માટે રાહ જોઈ રહેલા બીજા ગ્રાહકો જોઈને વનલતાએ કહ્યું, 'આપણે પછી ફરી મળીએ. હું અહીં બપોરના બે થી રાતના દસ વાગ્યા સુધી હંમેશાં બુધવાર સિવાય ડ્યુટી ઉપર હોઉં છું. ગમે ત્યારે મળીએ.'

'એક કામ કર વનલતા, આવતીકાલે તું બપોરે વહેલી બાર વાગ્યાની આસપાસ અમારા ઘરે આવ. આપણે સાથે જમીએ. પછી તું અહીં ડ્યુટી ઉપર આવજે. ગિરીશ, આપણા દીકરાના ઘરનું એડ્રેસ લખી આપોને કે, એના મોબાઈલ પર મેસેજ કરી આપો.' પછી સૌ છૂટા પડ્યા.

ઘરે પરત ફરતા પતિ ગિરીશચંદ્રે પૂછ્યું, 'તું અને વનલતા છેલ્લે ક્યારે મળ્યા હતા હરબાળા?'

'બહુ સમય થયો. અને બંને હાઈસ્કૂલમાંથી મેટ્રિક પાસ કર્યા પછી છૂટા પડ્યા, પછી આજે આટલા વરસે મળ્યા. ધોરણ આઠથી અગિયાર સુધી એક જ ક્લાસમાં, એક જ બેંચ પર બેસીને ભણ્યા. પણ...' કહીને હરબાળાની આંખમાં આંસુ આવી ગયા.

'શું થયું હરબાળા?' પતિએ પૂછ્યું.

'બિચારી ખૂબ જ સારા સ્વભાવની સાલસ છોકરી હતી પણ બહુ જ દુઃખી હતી. મને એની એ વખતની હાલત યાદ આવતાં રડી પડાયું.'

'કેમ શું દુઃખ હતું એને?'

'શું વાત કરું ગિરીશ, તમને પણ સાંભળીને દુઃખ થશે. આ વનલતા અમારા તાલુકાના શહેરમાં મામાના ઘરે રહેતી હતી. એ વિસ્તારના નાના ગામડાંની વતની હતી. બચપણમાં જ એમની માનો સ્વર્ગવાસ થતા, પિતાએ બીજું લગ્ન કરેલું. ઓરમાન મા, ગામડાંમાં એને મારતી અને ખૂબ દુઃખ આપતી. એટલે નાછૂટકે, એના બાપે, એના એકના એક મામાને, હાથ

જોડી વિનવીને અમારા શહેરમાં મામા પાસે મોકલી. ત્યાં પણ એની મામીને આ છોકરી ભારરૂપ લાગતી. એટલે ઘરના કામ, એના નાના બાળકોને સાચવવામાંથી નવરી પડવા નહોતી દેતી. છતાં જેમ તેમ ભણી, હાઇસ્કૂલમાં આવી. ઘણીવાર ગેરહાજર રહેતી. એટલે અમારું ઘર નજીક હોવાથી સ્કૂલમાં ચાલેલા અભ્યાસક્રમ શીખવા, નોટ લેવા ને ભણવા, રાત્રે ઘરના બધા કામ નિપટાવીને, મારી પાસે આવતી. એના મામા, મારા બાપુજીને ઓળખતા. એટલે એને મારા ઘરે આવવાની છૂટ આપેલી. અમારી વચ્ચે આ રીતે બહેનપણા બંધાયા. મારા કુટુંબને પણ એના તરફ સહાનુભૂતિ હતી. ભણવામાં મારાથી પણ હોંશિયાર હતી. એકવારમાં જ બધું સમજી - શીખી જતી. અક્ષરો ખૂબ જ સારા હતા. ભણવાનું કે અન્ય કોઈ કામ, જે કરે તે દીપી ઉઠે એ રીતે, ચીવટથી કરતી. મામીના સ્વભાવથી દુઃખી હતી. છતાં હસતા મોંએ સહન કરતી કારણકે એને ભણવું હતું. ઘણીવાર મામી ભૂખી રાખતી કે ઓછું ખાવા આપતી. અમને ખબર પડતી ત્યારે મારી બા એને આગ્રહ કરીને ખાવાનું આપતા. મારી પાસે અને બા પાસે બિચારી રડી પડતી. ત્યારે હું એને કહેતી, **'હું છું ને! ચિંતા શા માટે કરે છે?'** મેટ્રિકમાં પણ એને ફર્સ્ટ ક્લાસ આવ્યો. પછી એના ગામ જતી વખતે, છેલ્લે મળવા આવી હતી અને મને ભેટીને ખૂબ રડી હતી. મારા બા-બાપુજીને પગે લાગીને, આશીર્વાદ લઈને ગઈ, પછી આજે છેક મને મળી. અહીં કેવી રીતે આવી છે, કે અમે છૂટા પડ્યા પછી એણે શું કર્યું - વગેરે તો એના મોંએથી સાંભળીએ ત્યારે ખબર પડે!'

બીજા દિવસે ઘરે આવેલી વનલતા એટલી ખુશ હતી કે ન પૂછો વાત. એના ચહેરા પર કિશોરાવસ્થાની સખી હરબાળાને ફરી મળવાનો આનંદ છલકાતો હતો. બંને સખીઓ, અભ્યાસક્રમ વખતની વાતો યાદ કરીને ખૂબ હસી. શાળા જીવનના રમૂજી પ્રસંગો યાદ કર્યા ત્યારે જાણે શાળા જીવન 'રીપ્લે' થયું.

'પણ વનલતા, તું અહીં ક્યારથી છો? તારા લગ્ન... બાળકો... મતલબ, તારું કુટુંબ વગેરે...?' ગિરીશે પૂછ્યું.

'બહુ લાંબી વાત છે જીજાજી.'

'તને યાદ હશે હરબાળા, આપણે મેટ્રિક પાસ થઈને છૂટા પડ્યા પછી ઘરે ગઈ. મારી ઓરમાન માના સ્વભાવ વિશે તો મેં વાત કરી જ હતી. ઘરના કામ વહેલા ઉઠીને, પતાવીને, ખેતર-વાડીએ મજૂરીએ જતી. મારા બાપુજીને ચિંતા હતી કે જલ્દીથી મને પરણાવી દે. જેથી ઓરમાન મા થી છૂટકારો મળે એવી ગણતરી હતી. એટલે મારા માટે પાત્ર શોધવા લાગ્યા. બાપુજીની સ્થિતિ સામાન્ય. મને રિવાજ મુજબ કાંઈ આપી શકવાની ત્રેવડ નહોતી કે ઓરમાન મા આપવા પણ દે એવી નહોતી. એટલે ઓરમાન માના કુટુંબમાં, દૂરના એક સગા, જેની પત્ની નાના બે બાળકો – ચાર વરસની દીકરી અને એક વરસના દીકરાને મૂકીને, ત્રીજીવારની સુવાવડમાં ગુજરી ગઈ, એવા ટુકડા જમીનવાળા ખેડૂત જેમનું ગામ વડોદરા જિલ્લામાં, વડોદરા - ભરૂચ હાઈવે પર હતું, તેવા, મારાથી ૧૦-૧૨ વરસ મોટા, કનૈયાલાલ ઉર્ફે કનુ જોડે, બીજવર સાથે પરણાવી દીધી અને હું સાસરે આવી.

મેં ઓરમાન મા નો, મારી સાથેનો વર્તાવ જોયો હતો. એટલે મેં ગાંઠ વાળી, કે મારા પોતાના સંતાન નહીં થવા દઉં અને આ બંને બાળકોને હું સગી મા બની ઉછેરીશ. મેં મારા પતિને વાત કરી, કે કાં તમે અથવા હું બંનેમાંથી એક જણ, કુટુંબ નિયોજનનું ઑપરેશન કરાવી લઈએ. જેથી આપણું પોતાનું સંતાન થાય જ નહીં. મેં મારો ભોગ આપ્યો અને ઑપરેશન કરાવી લીધું. બંને બાળકોને સગી મા થી પણ વિશેષ પ્રેમ આપ્યો. મોટા થયા ત્યાં સુધી ખબર જ નહોતી કે હું એમની ઓરમાન મા છું. દીકરીને ભણાવી ગ્રેજ્યુએટ બનાવીને એક સારા પાત્ર સાતે લગ્ન કરી, સાસરે મોકલી. અત્યારે તે અમેરિકામાં છે અને સુખી છે.'

'પણ તારો દીકરો? તારા પતિ...?' હરબાળાએ પૂછ્યું.

'એ પાછી બીજી લાંબી વાત છે બહેન.'

'દીકરાને પણ ગ્રેજ્યુએટ બનાવ્યા પછી વડોદરામાં જી.આઈ.ડી.સી. એક ફેક્ટરીમાં ક્લાર્ક તરીકે નોકરી મળી. અમે બધા એટલા ખુશ થયા કે હવે સુખનો સૂરજ ઉગ્યો. એના લગ્ન કરીને નિરાંતે જીવવાની અમારી મા-બાપની ઈચ્છા હતી જે ઠગારી નિવડી અને એના માટે, અમારા કુટુંબ જેવા કુટુંબ હોય તેવી કન્યા શોધતા હતા. ત્યાં જ એના કામ અને આવડત સાથે મેં અને એના પિતાએ આપેલા વિનય અને વિવેકના સારા સંસ્કાર જોઈને, અમારો વિકાસ, એના ફેક્ટરીના માલિક, જે અમારી જ્ઞાતિના જ હતા, તેમને એમની એકની એક દીકરી માટે ગમી ગયો અને એમણે સામેથી વિકાસ માટે માગું નાખ્યું. દીકરાના સુખ માટે અમે રાજીખુશીથી સ્વીકારી લીધું અને લગ્ન કર્યા. પણ... પણ...'

'પણ શું થયું વનલતા?'

'શું કહું બહેન! એના લગ્ન પછી અમારા જીવનમાં વળાંક આવ્યો. એની પત્ની, એકની એક દીકરી, લાડકોડમાં મોટી થયેલી. ને પાછી શહેરમાં રહેલી. એટલે એને અમારા નાના ગામમાં ફાવ્યું નહીં અને રહેવું નહોતું એટલે દીકરાને એ ફેક્ટરીની દેખરેખ માટે વડોદરામાં જ સસરાએ ફ્લેટ લઈ દીધો. અમે દીકરાના સુખ માટે મન મનાવ્યું. અમારી ટુકડી જમીન હતી તેમાંથી પણ હાઈવેને પહોળો કરવામાં, જમીનનો મોટોભાગ કપાતમાં ગયો. બાકી ટુકડો - બાજુની જમીનવાળાને નાછૂટકે,

વેચી દેવો પડ્યો કારણકે એમાંથી કાંઇ ઉપજે કે નીપજે નહીં એટલો ઓછો હતો. હું અને કનુ અમે બંને બીજાના ખેતર-વાડીમાં મજૂરી કરતા હતા અને મન મનાવીને સુખી હતા. પરંતુ કનુને દીકરાથી જુદા રહેવાનું આવ્યું એટલે એમને માનસિક આઘાત સાથે શારીરિક બીમારી લાગુ પડી અને ટી.બી. થયો. મારા પતિની દવા કરાવવામાં બધી બચત હતી તે ખલાસ થઈ ગઈ. દીકરાની લાગણી અને ઇચ્છા હોવા છતાં એ એની પત્ની પાસે લાચાર હતો. એટલે કાંઈ મદદ કરી શકતો નહીં. એને પણ ખૂબ દુઃખ થતું હતું. છેવટે દવા માટે પૈસા ન રહેતાં અમે ગામડાંનું ઘર વેચીને વડોદરામાં એક નાની ઓરડી ભાડે રાખીને કનુની દવા કરાવવા, રહેવા આવ્યા. મેં કમર કસીને એમની સારવાર સાથે, બાજુના બંગલાની સોસાયટીમાં એક-બે ઘરે રસોઈ-કપડાં વાસણના કામ બાંધ્યા અને એમની સારવાર કરતી હતી. પરંતુ મારા તરફની લાગણી અને મને તેમના માટે મહેનત કરતી જોઈને, કનુને લાગી આવ્યું કે, 'તું મને પરણીને કદી સુખી નથી થઈ કે મેં તને કદી સુખ નથી આપ્યું.' હું એમને ખૂબ સમજાવતી કે મને એનું કોઈ દુઃખ નથી. હું તમારા સ્વભાવ અને લાગણીથી ખુશ છું. પરંતુ એ હતાશામાં એક દિવસે હું ઉંઘતી હતી ને રાત્રે ઘર છોડીને નીકળી ગયા અને સવારે એમની લાશ આજવા ડેમમાંથી મળી આવી.' કહીને ફરી વનલતા રડી પડી.

પાણી આપી, શાંત કરીને હરબાળાએ પૂછ્યું, 'પછી તેં શું કર્યું વનલતા?'

દીકરી બિચારી અમેરિકાથી દોડી આવી. દીકરો પણ ખૂબ રડ્યો અને મારા માટે એની પત્નીને છોડવા સુધી તૈયાર થયો. પરંતુ મેં એને માંડ માંડ સમજાવીને શાંત કરી પાછો મોકલ્યો. મારા સુખ માટે હું એના જીવનનો ભોગ આપવા મા તરીકે કઈ રીતે તૈયાર થાઉં? હું નાનું-મોટું કામ કરી, એક બે ટંક જેટલું, ખાવા-પીવા જેટલું માંડ કમાઈ લેતી. પણ 'આવું ક્યાં સુધી ચાલશે?' દીકરીએ કહ્યું. 'બા, તું મેળ પડે તો ભારત છોડીને અહીં અમેરિકા, કોઈને ત્યાં કામ કરવા આવી જા. છાપામાં જોતી રહે કે જાતે જાહેરાત આપ કે, ઘરના કામ કરવા - વડીલોની સારસંભાળ માટે બહેનની જરૂરિયાતવાળું કોઈ કુટુંબ મળી રહેશે.'

અમેરિકા માટે તો કોઈ ન મળ્યું પણ ખેડા જિલ્લાના ભરતભાઈ પટેલનો અહીં હેરોમાં 'ઇન્ડિયન ગ્રોસરી'નો સ્ટોર હતો. ઉંમરલાયક, મા-બાપ માટે, રસોઈ સાથે દેખરેખ અને સારસંભાળ કરે એવા બહેનની જરૂરત હતી. મેં એમનો સંપર્ક કર્યો અને એમણે સ્પોન્સરશિપ - વિઝા વગેરેની વ્યવસ્થા કરી અને હું એમની સાથે અહીં વેમ્બલીમાં આવી ગઈ.

'હજુ તું એમની સાથે જ છો? તો પછી અહિંયા મોરીસન સ્ટોરમાં નોકરી?'

'ફરી મારા જીવનમાં વધુ એક વળાંક આવ્યો. મારા આવ્યા પછી ભરતભાઈ અને એમના સંતાનોએ કેટરિંગનો વ્યવસાય શરૂ કર્યો. મારા આવ્યા પછી એમના ધંધામાં તરક્કી થઈ એટલે મને સારા પગલાની માનવા લાગ્યા. મેં પણ એમના માતા-પિતાની ખૂબ જ ખંતથી સેવાચાકરી કરી અને સાથે સાથે ઘરની રસોઈ અને કામકાજ ખંતથી સંભાળતી હતી. પરંતુ બે વરસ પહેલાં જ છ મહિનાના અંતરાયમાં, બા-બાપુજી બંનેનો સ્વર્ગવાસ થઈ ગયો. મારું કામ ઓછું થઈ ગયું. મને લાગ્યું કે હવે મારે મારો રસ્તો શોધી લેવો જોઈએ. પણ અહીં મારું કોણ? મેં સામેથી કહ્યું કે હું તમારા ઘરે, તમારે આશરે છું. હવે બા-બાપુજી નથી અને મને તમે પહેલાં જેટલું આપો તે પણ મને યોગ્ય લાગતું નથી. મને રહેવા અને ખાવા-પીવા આપજો. હું તમારી રસોઈ અને ઘરના કામ પહેલાની જેમ જ કરીશ. યોગ્ય લાગે તો એનો પગાર આપજો. હું બીજું કાંઈક કામ શોધી લઈશ. એમને મારી વાત સાચી અને નિયતી સાફ લાગી અને મેટ્રિકમાં ટાઈપનો વિષય ભણી હતી. તેથી કોમ્પ્યુટરના ક્લાસ જોઈન્ટ કર્યા અને ત્રણ-ચાર મહિનામાં બીલ બનાવતા વગેરે શીખી લીધું. હેરો - વેમ્બલીની નજીક એટલે અહીં જોબ માટે અરજી કરી અને બે વરસથી અહીં કામ કરું છું.'

'ક્યાં સુધી આમ એકલી રહીશ વનલતા?'

'ખબર નથી. કમાઇને બચત કરું છું. પણ ઇન્ડિયા જઇને શું કરું? દીકરા સાથે રહેવાનો પ્રશ્ન નથી. કોને આશરે જાઉં? કોઈ હતા જ નહીં કે છે પણ નહીં.' કહીને વનલતા ફરી રડી પડી.

**'હું છું ને! તું શા માટે ચિંતા કરે છે? કેમ ગિરીશ, તમે શું કહો છો?'**

'હા વનલતા, હરબાળા બરોબર કહે છે. અમે બંને છીએ ને! તારે ચિંતાની જરૂર નથી.' વનલતાને સાંત્વના અને પોતાપણાનો અહેસાસ કરાવી વિદાય કરી.

રાત્રે દીકરા-પુત્રવધૂ સાથે વાત કરતાં, દીકરાએ જ સૂચન કર્યું. 'પપ્પા-મમ્મી, મારી વાત સાંભળીને નિરાંતે વિચારજો. હું અને જયશ્રી હવે અહીં યુ.કે.માં જ સ્થાયી થયા છીએ. દીદી ત્યાં જ છે પણ એ એના સાસરે, એના સંસારમાં સુખી છે. આપણું ઘર ઘણું મોટું છે. વનલતામાસીને તમે સાથે લઈ જઈને રાખો. એમનું કોઈ નથી. પરંતુ તમે, મમ્મી એની બાળપણની સખી તો છે જ. જિંદગીભર તમે સાથે જ રાખો. એમને પણ સારું લાગશે ને તમને પણ સારું રહેશે. તમને એકબીજાની હૂંફ રહેશે. તારું શું માનવું છે જયશ્રી?'

'હા, તું સાચું જ કહે છે નિકુંજ. વનલતામાસી મમ્મી-

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૩ ઉપર)

વાર્તા

# આત્મસૌંદર્ય



સુનિતા એ. શાહ

ધોરણ-૧૨ની પરીક્ષાનું પરિણામ આવી ગયું હતું. અમર અને વિનોદ બંને ખૂબ સારા માર્કસ સાથે પાસ થયા હતા. એમણે એક જ કોલેજમાં એક સાથે એડમિશન લીધું હતું.

અમરના પરિવારમાં તેના માતા-પિતા તેમજ તેનો મોટો ભાઈ હતા. જ્યારે વિનોદના પરિવારમાં તેના માતા-પિતા, તેની નાની બહેન અને તેના દાદીમા હતા. બંને પાક્કા મિત્રો હતા તેથી એકબીજાના ઘેર અવરજવર રહેતી હતી. અમરનો મોટો ભાઈ સંજય ભણતર પૂરું કરીને સારી કંપનીમાં સારા પગારની જોબ પર લાગી ગયો હતો. હવે તેના માટે સારા ઘરની છોકરીઓના માંગા આવતા હતા. અમરના માતા-પિતા અને ભાઈ સંજયની ઈચ્છા એવી હતી કે વહુ લાવવી તો રૂપાળી જ લાવવી. ચાર માણસો વચ્ચે ઓળખાણ કરાવીએ તો લોકોમાં વટ પડી જાય. બધા જોતા જ રહી જાય. ઘરમાં હરતીફરતી હોય તો લોકો ઈર્ષ્યા કરે. અને પછી શરૂ થઈ રૂપાળી છોકરીની શોધ... કેટલી બધી છોકરીઓ જોયા પછી સંજયનું મન રાગીણી ઉપર ઠર્યું. રાગણી હતી જ રૂપનો કટકો! જે કોઈ એને જુવે તે જોતું જ રહી જાય. સંજયે તેને જોઈ પછી બીજી કોઈ છોકરી જોવાની ઈચ્છા જ ના થઈ. તેનું મન રાગીણી ઉપર આવી ગયું હતું. તેના માતા-પિતાને પણ રાગીણી પસંદ પડી ગઈ હતી. સંજય પણ ખૂબ ખુશ હતો. રાગીણીને પણ સંજયને ના પાડવા માટેનું કોઈ કારણ જણાયું નહીં. બંને પરિવારની સંમતિથી સંજય અને રાગીણીના લગ્ન ધામધૂમથી સંપન્ન થયા. રાગીણી ઘરમાં વહુ બનીને આવી ગઈ. શરૂઆતના થોડા દિવસ તો હરવાફરવામાં નીકળી ગયા. પછી ધીમે ધીમે રાગીણીએ પોતાનો રંગ દેખાડવાનું શરૂ કર્યું. રાગીણી દેખાવમાં જેટલી સુંદર હતી એટલી જ સ્વભાવથી કર્કશ હતી. તે નાની નાની વાતમાં ઝઘડા કરતી. સાસુ-સસરાને પણ સરખો જવાબ આપતી નહીં. તેને મન તેમની કોઈ ગણતરી હતી જ નહીં. તેને પોતાના રૂપનું ખૂબ જ અભિમાન હતું. અમરને તો જોકે તેની સાથે બહુ રહેવાનું બનતું જ નહીં. એ બને એટલો રાગીણીથી દૂર જ રહેતો હતો. રાગણીનો ચહેરો જેટલો સુંદર હતો, તેનો આત્મા એટલો જ કુરુપ હતો. એક હસતા રમતા પરિવારમાં કકળાટ અને અશાંતિએ જાણે કે ધીમે ધીમે પગપેસારો કરી દીધો હતો. અમરના માતા-પિતા ખૂબ દુઃખી હતા. સંજય પણ ચૂપચાપ બધું સહન કર્યા કરતો હતો. એ રાગીણીને કંઈ કહેવા જાય તો રાગીણી નાની વાતને મોટું સ્વરૂપ આપીને તમાશો બનાવી દેતી હતી. રોક્કળ કરીને ઘરનું વાતાવરણ બગાડી નાખતી હતી. તેથી હવે ધીમે ધીમે બધાએ રાગીણીને કહેવાનું જ છોડી દીધું હતું. તેથી રાગીણીને તો મોકળું મેદાન મળી ગયું હતું. તે પોતાનું ધાર્યું જ કરતી. ઘરની જવાબદારી, મોટાની માન મર્યાદા કે પતિની જરૂરિયાતની તેને કંઈ પડી ન હતી. ઘરના બધાને પોતાના નિર્ણય પર ખૂબ પસ્તાવો થતો હતો. તેમણે રૂપાળી વહુની ચાહતમાં બીજી બધી બાબતો નજરઅંદાજ કરી હતી. તેમને થતું હતું કે કેવળ રૂપ જોવાને બદલે સારા ગુણ પણ જોયા હોત, તો આ દિવસ જોવાનો વારો ના આવત. પરંતુ 'જબ ચીડિયા ચુગ ગઈ ખેત, ફિર પછતાયે ક્યા હોવત હૈ.' રાગીણી બહાર તો બધા સાથે બહુ સારી રીતે વાત કરતી હતી. તેણે સમાજમાં તો પોતાની છબી બહુ સારી બનાવીને રાખી હતી અને સુંદર હોવાની સાથે ચાલાક પણ હતી. એટલે જ્યારે સંજયના પરિવારવાળા કદાચ કોઈને ફરિયાદ પણ કરે તો લોકો તેમની વાત સાચી ના માનતા. લોકો તો સંજયને ખૂબ નસીબદાર માનતા હતા કે તેને આટલી સુંદર પત્ની મળી હતી.

જ્યારે અમરનું ભણવાનું પૂરું થયું અને એ સારી જગ્યાએ કામ પર લાગી ગયો અને એના માટે છોકરી શોધવાનો સમય આવ્યો ત્યારે ઘરના બધાએ નક્કી કર્યું કે પહેલીવાર જેવી ભૂલ હવે બીજી વાર નથી કરવી. છોકરી દેખાવમાં ભલે થોડી ઉતરતી હોય, પણ સ્વભાવની સારી હોય તેવી છોકરી જ અમર માટે પસંદ કરીશું. અમર પોતે પણ આમ જ વિચારતો હતો.

આ બાજુ અમરના દોસ્ત વિનોદ માટે પણ છોકરી જોવાનું શરૂ કર્યું હતું. ત્યારે અમરે વિનોદને સલાહ આપી કે, 'કોઈ પણ છોકરીનું રૂપ જોઈને તેને પસંદ ના કરતો. અમારા ઘરની વાત તો તું જાણે જ છે ને? છોકરી થોડી ઓછી દેખાવડી હશે તો ચાલશે પરંતુ સ્વભાવની સારી હોવી જોઈએ. જે ઘરને અને ઘરના સભ્યોને સાચવી લે. ઘરને સ્વર્ગ બનાવી દે, નર્ક સમાન નહીં...'

વિનોદે અમરની વાત સાંભળીને મનોમન આમ જ નક્કી કર્યું કે અમરની વાત સાચી છે. હું વિચારીને જ નિર્ણય લઈશ. અને ઘણી બધી છોકરીઓ જોઈ પણ ક્યાંય એનું મન ઠરતું ન હતું. એક દિવસ એના પિતાએ કહ્યું, 'મારા એક મિત્રની દીકરી

લંડનથી ભણીને આવી છે. તેના માટે તેઓ સારો છોકરો શોધે જ છે. તેઓ આજે સાંજે આપણા ઘરે આવવાના છે. તું એમની દીકરી સોનમને એકવાર જોઈ લેજે. તને ગમશે તો જ વાત આગળ વધારીશું.'

સાંજે સમયસર એ લોકો વિનોદના ઘરે આવી ગયા. સોનમને જોતાં જ વિનોદ એને જોતો જ રહી ગયો. સોનમનું રૂપ ચાંદને પણ શરમાવે એવું હતું. ખૂબ જ ખૂબસુરત હતી સોનમ. તેની હાજરીથી જાણે કે વિનોદના ડ્રોઈંગરૂમમાં ચાંદની ઉતરી આવી હતી. વિનોદને હવે બીજા કોઈ હોશ જ રહ્યા ન હતા. તે પહેલી નજરમાં જ સોનમના પ્રેમમાં પડી ગયો હતો. તેણે નક્કી કરી લીધું હતું કે તે લગ્ન કરશે તો ફક્ત સોનમ સાથે જ. તેને અત્યારે તેના દોસ્ત અમરની કહેલી કોઈ વાત યાદ આવતી ન હતી. તેની આંખો સામે રૂપનો પડદો પડી ગયો હતો.

રાત્રે જ્યારે તે અમરને મળવા ગયો ત્યારે તેણે અમરને સોનમ વિશે જણાવ્યું. અમરે તેને ફરી ચેતવ્યો. રૂપના મોહમાં ફસાઈને પછી પસ્તાવાનો વારો આવશે. પણ વિનોદ સોનમના રૂપથી એવો અંજાઈ ગયો હતો કે અમરના કોઈ પણ શબ્દ એના કાને પડતા ન હતા. તેણે તો નક્કી કરી જ લીધું હતું તે કે તે ફક્ત સોનમ સાથે જ લગ્ન કરશે. સોનમને પણ વિનોદ પસંદ હતો. તેથી સર્વેની સંમતિથી તેમની સગાઈ થઈ ગઈ. વિનોદની નાની બહેન વિભા તો એટલી બધી ખુશ હતી. એણે તો આટલી સુંદર ભાભીની કલ્પના પણ કરી ન હતી. તે પોતે દેખાવમાં સહેજ ઘઉંવર્ણી હતી. પણ એના નાક નકશો ખૂબ જ સરસ હતા. પણ સોનમ સાથેની સરખામણીમાં તે સહેજ પાછળ રહી જતી.

અમરે પણ પોતાના માટે છોકરી પસંદ કરી લીધી હતી. તે દેખાવમાં બહુ રૂપાળી તો ન હતી પણ ચહેરે મોહરે સારી ઘાટીલી હતી. તેથી અમરે તેને પસંદ કરી લીધી. આમ અમર અને વિનોદના લગ્ન વારાફરતી થઈ ગયા. અમરને મનમાં ને મનમાં વિનોદની ચિંતા થતી હતી કે તેણે રૂપ જોઈને લગ્ન તો કરી લીધા છે પણ તેની હાલત પણ મારા ભાઈ જેવી થશે.

અમરની પત્ની નંદિતા અમરની ભાભી રાગીણી જેટલી રૂપાળી તો ન હતી પણ તેના તેવર પણ કંઈ ઓછા ન હતા. તે સમજતી હતી કે પોતાની જેઠાણી રૂપાળી છે તો શું થઈ ગયું? હું પણ કંઈ કમ નથી. રૂપ થોડું ઓછું છે તેના કારણે તેનાથી દબાઈને થોડું રહેવાય છે? તે સ્વભાવમાં રાગીણીને પણ ચડી જાય તેવી હતી. તે પોતાના ઓછા દેખાવને કારણે વધારે જોર કરતી. પોતાની વાત મનાવવાનો પ્રયત્ન કરતી. જો પોતાનું ધાર્યું ન થાય તો કકળાટ કરી મૂકતી. ઘરમાં સંજય, અમર અને તેમના માતા-પિતાની હાલત કફોડી થઈ ગઈ હતી. પહેલી વહુ રૂપ જોઈને લાવ્યા તો સ્વભાવની કર્કશ નીકળી અને બીજી વહુ રૂપને બહુ મહત્ત્વ આપ્યા વગર સંસ્કારી સમજીને લાવ્યો તો એ સ્વભાવથી વધારે કુરુપ નીકળી. તેમના ઘરમાં હવે રોજ ઝઘડા થવા લાગ્યા. છેવટે બંને ભાઈઓએ અલગ થવાનું નક્કી કર્યું. માતા-પિતાની જિંદગી તો જાણે દોજખ બની ગઈ.

આ બાજુ સોનમ લગ્ન કરીને વિનોદના ઘરમાં આવી ત્યારથી જ વિનોદના માતા-પિતાના મનમાં ડર પેસી ગયો હતો. અમરના ભાઈ સંજયની રૂપાળી પત્નીની રીતભાત તેમને ખબર જ હતી. વિનોદની સોમન સાથે પરણવાની જીદના કારણે તેઓ વિનોદને ના પાડી શક્યા ન હતા. પણ મનમાં બીક તો હતી જ. એક તો રૂપનો કટકો અને વળી પાછી લંડન ભણીને આવેલી, એટલે મિજાજ કેટલો હશે તે વાતની કલ્પના તેમને ડરાવી જતી હતી. સોનમ લગ્ન કરીને ઘરમાં આવી તેના બીજા દિવસથી જ તેણે ઘરના રીતરિવાજો શીખવાનું શરૂ કરી દીધું હતું. તે રસોડામાં પહોંચી ગઈ અને તેની સાસુને મદદ કરવા લાગી. **સોનમનું જેવું રૂપ હતું તેવા જ તેના ગુણ હતા. તે ભલે લંડન ભણીને આવી હતી પણ અહીંની સંસ્કૃતિને તેણે છોડી ન હતી. તેના માતા-પિતાએ જે સંસ્કાર આપ્યા હતા, તેને તે ઉજાગર કરતી હતી. તે દૂધમાં સાકરની જેમ ઘરમાં ભળી ગઈ હતી.** તેણે એ વાત સિધ્ધ કરી દીધી હતી કે જ્યાં રૂપ હોય ત્યાં ગુણ પણ સાથે હોઈ શકે છે. વ્યક્તિની ઓળખ તેના બાહ્ય સૌંદર્યથી નહીં પરંતુ તેના આંતરિક સૌંદર્યથી થાય છે. **જેનો આત્મા સુંદર હોય છે એ વ્યક્તિ બાહ્યરૂપે પણ સુંદર હોય છે. સુંદરતા ચહેરામાં નહીં પણ આત્મામાં હોય છે.**

અને એટલે જ જ્યારે વિનોદની બહેન વિભા માટે મુરતિયો પસંદ કરવાનો સમય આવ્યો ત્યારે નીરવ બધાને પહેલી નજરે પસંદ પડી ગયો હતો. નીરવ હતો પણ દેખાવડો અને સ્માર્ટ. વિભા તેના કરતા થોડી ભીનેવાન હતી પણ કદ કાઠી અને નાક નકશો સારા હોવાને કારણે નીરવને વિભા પસંદ પડી ગઈ હતી. નીરવના માતા-પિતાને પોતાના દીકરા માટે ગોરેવાન વહુ લાવવાની ઈચ્છા હતી પરંતુ નીરવને વિભા પસંદ પડતા, તેની ઈચ્છાને માન આપ્યું હતું. વિભાના લગ્ન નીરવ સાથે થઈ ગયા. વિભા ભલે રૂપનો કટકો ન હતી પણ તેની પાસે આત્મસૌંદર્ય ભારોભાર હતું. તે સ્વભાવની ખૂબ સારી, મૃદુ, સરળ અને મળતાવડી હતી. તેણે સાસરે જઈને બધાનું મન જીતી લીધું હતું. તેના સાસુ સસરાને પણ હવે ખૂબ સંતોષ હતો. તેઓ વિભાના આંતરિક સૌંદર્યને જાણી ચૂક્યા હતા. રૂપનું સૌંદર્ય થોડાક દિવસ માટે રળિયામણું લાગે પરંતુ આંતરિક સુંદરતા સદાય માટે સારી લાગે. દેહની સુંદરતા ઘડીક માણી શકાય, પણ આત્માની સુંદરતા દરેક ક્ષણે માણી શકાય છે.

જે વ્યક્તિને અતિશય ક્રોધ આવતો હોય તે વ્યક્તિ તેનું સૌંદર્ય ગુમાવી બેસે છે. **માનવીનું મૂલ્ય તેના રૂપને જોઈને નહીં પણ તેના આત્માને જોઈને કરવું જોઈએ.** દેહની

સુંદરતામાં ભરતી પછી ઓટ આવે જ છે, જ્યારે આત્માની સુંદરતા એવા પ્રકારની છે કે જે દિન પ્રતિદિન વધતી જ રહે છે. દેહને ઉંમર નડે છે, આત્માને નહીં. દેહ ખરાબ હશે તો તમે ઘડી બે ઘડી કદરૂપા લાગશો પરંતુ આત્મા ખરાબ હશે તો તમે આખી જિંદગી કદરૂપા લાગશો.

સંજય - રાગીણી, અમર - નંદિતા, વિનોદ - સોનમ અને વિભા - નીરવ **– આ બધાનો સંસાર જોઈશું તો સમજાશે કે રૂપ અને ગુણને કોઈ લેવાદેવા નથી. રૂપ સાથે ગુણ ના હોય કે ગુણ સાથે રૂપ ના હોય તે માન્યતા જ ભૂલભરેલી છે.** ઘણી જગ્યાએ દેહસૌંદર્યની સાથે આત્મસૌંદર્ય પણ હોય છે અને ક્યાંક દેહ સૌંદર્ય હોય પરંતુ આત્મા કુરુપ હોય અને ક્યાંક દેહ સૌંદર્ય ભલે થોડું ઓછું હોય પણ આત્મસૌંદર્ય સોનાની જેમ ઝળહળતું હોય છે.

અત્યારે વ્યક્તિને બાહ્ય રૂપથી સુંદર બનાવવા માટે ઘણા બધા પ્રસાધનો બજારમાં ઉપલબ્ધ છે જેમકે પાઉડર, ક્રીમ, બ્લિચ, ફેસવોશ... આપણને નામ પણ ખબર ના હોય તેવા સાધનો અને વસ્તુઓથી ચહેરાને અને દેહને સુંદર બનાવવામાં આવે છે. **આપણને મનમાં પ્રશ્ન થાય છે કે બાહ્ય સૌંદર્ય માટે આટલા બધા સાધનો છે તો આંતરિક સૌંદર્ય માટે શું? તેના માટે કોઈ સાધનો કે વસ્તુઓ ખરી? તો આ પ્રશ્નનો જવાબ છે કે હા, આંતરિક સૌંદર્ય માટે પણ સાધનો છે જ. જેવા કે પ્રેમ, વિશ્વાસ, પ્રામાણિકતા, કરુણા, લાગણી, દયા, ભાવના – આ સદ્‌ગુણો જ આત્માના સૌંદર્યને નિખારે છે.** આપણે જેમ ચહેરાની સુંદરતા વધારવા માટે પાઉડર કે ક્રીમનો ઉપયોગ રોજબરોજ કરીએ છીએ તેવી રીતે આત્માના સૌંદર્યને સજાવવા માટે પણ આત્મસૌંદર્યના પ્રસાધનોનો ઉપયોગ કરવો જોઈએ.

આપણા હાથ દાનથી શોભે છે, કોઈ મોતી કે હીરાની બંગડીઓથી નહીં...

આપણા કાન ધર્મની વાતોના શ્રવણથી શોભે છે, સોના રૂપાના ઘરેણાથી નહીં...

આપણી કાયા પરોપકારથી શોભે છે, કિંમતી વસ્ત્રો કે કિંમતી આભૂષણોથી નહીં. કે નહીં શરીર ઉપર ચંદનના લેપ લગાવવાથી...

ફક્ત ને ફક્ત આત્માને સુંદર રાખવાથી જ સુંદર બનાય છે. દેહને સજાવવા કરતાં દિલને સજાવવામાં સમય આપશો તો લેખે લાગશે.

ચહેરાથી સુંદર વ્યક્તિ ક્યારેક દગો કરી શકશે પરંતુ આત્માથી સુંદર વ્યક્તિ ક્યારે પણ દગો કરશે નહીં.

*(મારા પ્રત્યેક લેખમાં રજૂ કરેલા વિચારો અને વિધાનો મારા મૌલિક હોવાનો દાવો નથી. વાંચન, અનુભવ, સત્ય ઘટનાઓ, દૃષ્ટાંતો વગેરેમાંથી સંકલિત કરીને અને સાથે મારી સોચ, સમજ અને વિચારો ઉમેરીને લેખ દ્વારા રજૂ કરવામાં આવે છે. આશા છે, તમને જરૂર ગમશે.)*

*૪૦૧, મૌર્ય ગ્રેસ, કિનારીવાલા કોમ્પ્લેક્સની બાજુમાં, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬. મો. ૯૮૨૫૧ ૫૫૫૧૩*

## વાર્તા : હું છું ને!

**(અનુસંધાન : પાના નં. – ૩૦ ઉપરથી ચાલુ)**

પપ્પાને ભારે નહીં પડે.' જયશ્રીએ પણ અભિપ્રાય આપ્યો. વનલતા તો ફરી આવી ત્યારે વાત સાંભળીને હરબાળાને ભેટીને રડી પડી અને ગિરીશચંદ્રના પગમાં જ પડીને પ્રણામ કર્યા.

હરબાળા અને ગિરીશચંદ્રના છ-આઠ મહિનાના રોકાણ પછી ઠંડીની શરૂઆત સુધી, વનલતાએ નોકરી ચાલુ રાખી અને ભરતભાઈ અને કુટુંબનો આભાર માની એમની વિદાય લીધી. ભરતભાઈ અને કુટુંબે પણ એક સ્વજનથી વિશેષ, પાત્ર જુદું પડતાં, આંસુભરી આંખે વિદાય આપી. ત્રણેય જણા અમદાવાદ આવ્યા.

વનલતા, હરબાળા અને ગિરીશચંદ્ર સાથે જાણે હરબાળાની સખી નહીં પણ સગી બહેન હોય તેમ ભળી ગઈ. પોતે ઘરના કામ અને રસોઈ સાથે, નવરાશના વખતમાં, પોતાની આવડત અને સાલસ સ્વભાવથી નજીકના એક-બે બંગલાઓમાં રસોઈ કરીને આવક પણ ઊભી કરેલી, જે તે હરબાળાના હાથમાં આપી દેતી. પણ ગિરીશચંદ્ર વનલતાના બેન્ક એકાઉન્ટમાં જ એ બધી રકમ જમા કરાવી દેતા. સૌ આનંદથી રહેતા હતા. પણ... પણ... કુદરતને ત્રણેયનું સુખ લાંબો સમય રહે તે મંજૂર નહોતું. ભારે શરીરવાળા હરબાળાબેનને હૃદયરોગનો હુમલો આવતા, તે પથારીવશ થઈ જાય છે. **પણ હરબાળાએ તેને 'હું છું ને!' કહીને મા થી પણ વિશેષ સેવાચાકરી કરી, સાજી કરે છે.** સમય સમયનું કામ કરે છે. હરબાળાએ વનલતાને કહ્યું કે, 'હું કદાચ જતી રહું તો પણ તું મારા ગિરીશ, તારા બનેવીને સાચવીશને વનલતા?'


**'અરે મારી બહેન, તને કાંઈ નહીં થાય. હું છું ને! ચિંતા શા માટે કરે છે?'** અને... અને... એક દિવસ હરબાળા, ગિરીશને વનલતાને ભરોસે છોડીને, નિરાંત અને વિશ્વાસ સાથે જતી રહે છે.

પણ... આજે પણ વનલતા, બનેવી ગિરીશને, હરબાળાની ખોટ તો ન પૂરાય, પરંતુ કોઈ વાતે ઓછું આવવા દેતી નથી. 'હું છું ને!' બસ, દુનિયાની પરવા કર્યા વિના, ભલે લોકો ગમે તેવી વાતો કરે પરંતુ એજ નિષ્ઠાથી બનેવી સાથે રહીને 'હું છું ને!' સાર્થક બનાવી જીવી રહી છે.

*૧૨, ઘરઆંગણ ફ્લેટ્સ, પ્રોફેસર્સ કોલોની સામે, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯. મો. ૯૮૨૫૭ ०००९६*

માહિતી

# વિશ્વ માનક (સ્ટાન્ડર્ડ) દિવસ – ૨૦૨૦



નિકિતકુમાર કંસારા

**"Just imagine, if the ATM / Debit / Credit Cards of different companies were of different sizes or if the sign language by ground staff handling aeroplanes were different in different countries. These are but a few examples where standards are operating and making the life easy."**

**માનક (માપવાનું કે ચકાસવાનું પ્રમાણભૂત સાધન) અપનાવો, સૃષ્ટિ બચાવો**

***ગત ૧૨મી ઓક્ટોબરના રોજ 'વિશ્વ માનક દિવસ' ઉજવાયો. આ સંદર્ભે મુંબઈથી પ્રકાશિત અખબાર 'વ્યાપાર'માં, ભારત સરકારના બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્‌સના ઉપ-મહા નિદેશક શ્રી નિકિતકુમાર કંસારાનો લેખ, તેમજ દિલ્હીથી પ્રકાશિત સામયિક "AWARE CONSUMER"માં પ્રકાશિત એના મુખ્ય તંત્રી સાથેના નિકિતકુમારના વાર્તાલાપના અંશ અત્રે પ્રસ્તુત છે.***

***આ લેખમાં સુવર્ણ આભુષણ શુધ્ધતાના ધોરણ જાળવવા માટેની 'હોલ માર્કિંગ' સ્કીમ વિશે ખાસ માહિતી છે.***

***ઉલ્લેખનીય છે કે, શ્રી નિકિતકુમાર કંસારા, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના આગેવાન તથા 'જ્ઞાતિસેતુ' સામયિકના મુખ્યતંત્રી તેમજ 'કચ્છશ્રુતિ' સામયિકના માનદ્ સલાહકાર શ્રી હંસરાજભાઈ કંસારાના સુપુત્ર થાય છે.***

આપણું જીવનધોરણ સુધારવામાં સ્ટાન્ડર્ડ અથવા ધોરણોની મહત્ત્વની ભૂમિકા હોય છે. આપણા જીવનમાં વસ્તુની ગુણવત્તાના ધોરણ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. પેકેજ ડ્રિંકિંગ વોટર, સિમેન્ટ, એલઈડી લાઈટ, હેલ્મેટ, પ્રેશર કૂકર, એલપીજી સિલિન્ડર, ગેસ સ્ટવ વગેરેના સ્ટાન્ડર્ડ નક્કી થયેલા છે. ***ધોરણો ન હોય તો આપણને જીવનમાં ઘણી મુશ્કેલીઓ નડી શકે. ધારો કે વિવિધ બેંકો કે કંપનીઓએ જારી કરેલા એટીએમ, ડેબિટ કે ક્રેડિટ કાર્ડ અલગ-અલગ કદના હોય કે પછી અલગ-અલગ દેશોમાં એટીએમ પર સૂચના અલગ અલગ ભાષામાં હોય તો કેટલી મુશ્કેલી ઊભી થાય! આ વ્યક્તિગત અને રાષ્ટ્રીય સ્તરનો મુદ્દો થયો, વિશ્વ સ્તરે પણ સ્ટાન્ડર્ડ્‌સનું મહત્ત્વ અદકેરું છે.***

પૃથ્વી પર માનવીનું અસ્તિત્વ પણ પૃથ્વીના વિવિધ સંસાધનોને કારણે ટકે છે. પણ માનવજાતિએ જે પ્રકારે વિવિધ પ્રવૃત્તિ હાથ ધરી છે તેને કારણે જે સંસાધનો છે તે કેટલો વખત ચાલશે તે વિશે થોડા વર્ષોથી શંકા જાગી રહી છે. આ સંબંધમાં સ્ટાન્ડર્ડાઈઝેશન (ધોરણીકરણ) ઘણો મહત્ત્વનો ભાગ ભજવી શકે. તેનો ઉપયોગ અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં થઈ શકે. પૃથ્વીને બચાવવા માટે ધોરણોનો ઉપયોગ થાય તે જરૂરી છે. આ પ્રક્રિયામાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓની ગુણવત્તા વગેરે નક્કી કરવામાં આવે છે અને તેની પાયા પર ચકાસણી થાય છે. ભારત આ પ્રક્રિયા વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

આ વિષયમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જે વિકાસ થયો છે તેની સાથે ભારતે તાલમેલ રાખ્યો છે. ભારતની બીઆઈએસ સંસ્થાએ અનેક વસ્તુઓ / પ્રવૃત્તિઓના ધોરણો બનાવ્યા છે. તેને કારણે ઊર્જા બચત, પાણી બચત અને હવાની ગુણવત્તા જેવા વિષયોમાં મદદ થઈ છે. આબોહવા પર ઔદ્યોગિક ઉત્પાદનની થતી ખરાબ અસર તેને કારણે ઘટી શકે છે. ***ઓછા સંસાધનોથી મહત્તમ કામ થઈ શકે તે માટે રિડ્યુસ, રિયુઝ અને રીસાઈકલની વિભાવનાનો સમન્વય થઈ રહ્યો છે.*** ભારતમાં જે ક્ષેત્રોમાં આ પ્રક્રિયા અપનાવવામાં આવી છે તેમાં એનર્જી સેવિંગ, સોલર એનર્જી, વિન્ડ એનર્જી વગેરેનો સમાવેશ થાય છે. તે ઉપરાંત સોલિડ વેસ્ટ, નોનફોરેસ્ટ પ્રોડક્ટ, વેસ્ટ યુટિલાઈઝેશન, બાયો ફર્ટિલાઈઝર, બાયો ફ્યુઅલ વગેરેને પણ આવરી લેવાયા છે. ***સોનામાં હોલ માર્કિંગના સ્ટાન્ડર્ડ અપનાવવાથી ગ્રાહકોને ઘણો ફાયદો થશે.*** આપણે જાણીએ છીએ કે સોનાના આભુષણમાં અમુક બીજી ધાતુનું મિશ્રણ હંમેશાં થતું

मानकः पथप्रदर्शकः
Bureau of Indian Standards

હોય છે. ઘણીવાર એનું પ્રમાણ સ્થાપિત ધોરણોથી વધારે હોય છે. *ભારત સરકારે ગ્રાહકોને રક્ષણ આપવા માટે હોલ માર્કિંગ દાખલ કર્યું છે અને તેની જવાબદારી બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સને આપી છે.* બીઆઈએસ એ સ્વીકૃત કરેલી અન્ય સંસ્થાઓ આ કામ કરી શકે છે. તેમાં સોનાની શુદ્ધતાની ગેરંટી આપવામાં આવે છે. ૨૨, ૧૮ અને ૧૪ કેરેટના સુવર્ણ આભુષણોની શુધ્ધતાના ધોરણો નક્કી કરવામાં આવ્યા છે. જે આઈટમને હોલમાર્ક કરવામાં આવી હોય તેના પર બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સનો લોગો હોય છે. **જો ધોરણ કરતાં ઓછી શુદ્ધતા હોય તો ગ્રાહક તેની સામે વળતર મેળવી શકે. સરકારે જાહેર કર્યું છે કે ટૂંક સમયમાં જ બે ગ્રામથી વધારે વજનના જ્વેલરી આર્ટિકલને ફરજિયાત હોલમાર્ક કરાવવા પડશે.** આને કારણે ગ્રાહકોનું હિત સચવાશે. હોલમાર્કનો લોગો લેઝર મશીનથી લગાવવામાં આવે છે અને તેમાં બનાવટના સંજોગો ઘટી જાય છે. ■

# SOME GOLDEN RAYS....

May it be a machine or
human relationship...
"maintenance" is always cheaper
than "repairing."

You can find inspiration from others, but determination is solely your responsibility.

Power is not the ability to control other people's behaviour, it is the ability to remain unaffected by their behaviour.

"Remember, today is the tomorrow you worried about yesterday."

Smile and your muscle will stretch.
Pray and your burdens will lighten.
Laugh and your heart will be strong.
These contribute to good life, never live without them.

Doing good for others is not a duty...
It's a joy. It increases your own health and happiness.

Never think... you are nothing,
Never think... you are everything
but always think... you are something.

Don't think too much of the problems in life, they are just test papers given by GOD to see how much we've learned in His subject called "LIFE."

If you think you failed, review it through "PRAYERS."

"To forgive is the highest most beautiful form of love. In return, you will receive untold peace and happiness."

Strong people always have their life in order even with tears in their eyes, they still manage to say, "I'm Okay" with a smile.

***Presentation : Dinesh R. Mehta***

ગેમ્સ ગેલેરી

# ગેમ્સ – પઝલ – ક્વિઝ



સંકલન : કિરણબેન પી. ઠક્કર

**મિત્રો, આપેલ પઝલમાં જુદા જુદા શબ્દો આપેલા છે. તમારે તે દરેક શબ્દમાંથી એક-એક અક્ષર ઉપાડી, દરેક લાઇનમાંથી રાજ કપૂરની એક ફિલ્મનું નામ શોધી કાઢવાનું છે. સમજુતી માટે ઉદાહરણ (૧) આપેલ છે.**

| રાજ કપૂરની ફિલ્મનું નામ | શબ્દો |
|---|---|
| (૧) **આવારા** | (૧) **આ**વિષ્કાર, દિ**વા**કર, તા**રા**મતી |
| (૨) ________ | (૨) કામેશ, વિરાસત, અનામિકા, મહેલ, ગાંજો, કમળ, રવાના |
| (૩) ________ | (૩) કુસંપ, ગજવેલ, મહાબલેશ્વર |
| (૪) ________ | (૪) ગરબડ, તહેવાર, કિસાન, તરીકો |
| (૫) ________ | (૫) કાબુલ, ટબ, પૉલિયો, કાલિમા, શરબત |
| (૬) ________ | (૬) અંદામાન, દાડમ, અરબાઝ |
| (૭) ________ | (૭) નિશદિન, વારાફરતી, પરવાના |
| (૮) ________ | (૮) બુઝદિલ, લહે, હીના, તોરણ, હૈયાવરાળ |
| (૯) ________ | (૯) પરચો, તરીકો, ચોકિયાત, કરીમ |
| (૧૦) ________ | (૧૦) ભારજા, લાગત, ફતેહ, સવાર, હોનહાર |
| (૧૧) ________ | (૧૧) છડેચોક, લિલામ, યાદગાર |
| (૧૨) ________ | (૧૨) અજગર, નરમ, હોબાળો, ધમની |
| (૧૩) ________ | (૧૩) જરદો, જાયદાદ, વસુલ, વારસ |
| (૧૪) ________ | (૧૪) માલતી, કેસરી, કાદરી, કારતક, સાલસ, મહેલ |
| (૧૫) ________ | (૧૫) શારદા, વિસ્તાર, નરમગરમ |

## ચતુર કરો વિચાર

**૧.** ત્રણ અક્ષરનું મારૂં નામ, સૌને ગમતું હું કામ.
પહેલો જાય તો રામ રામ.
બીજો જાય તો ફળનું નામ
ત્રીજો જાય તો કાપવાનું કામ.

**૨.** તડકો ટાળું, વરસાદ ખાળું, એવી છું બળવાન.
રાય ને રંક સૌ હેતે રાખે, એવું મારૂં માન!

**3.** ચાર બેનનો એક છે ભાઈ, એ વિણ હાથ ન શોભે કાંઈ.
લખે ભરે ને ઝાલે કેમ? જો હોય નહીં એ હેમખેમ?

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે.)*

## બ્રેક મારવા સસ્તી રીત ☺


***ગેરેજવાળો :*** મેડમ, તમે એક્ટિવા રોકવા પગ કેમ ઘસો છો? બ્રેક કેમ નથી મારતા?

***મેડમ :*** કારણકે બ્રેકના લાઇનર ૩૫૦ રૂ.ના આવે છે અને લેબર ચાર્જ ૨૦૦ રૂ. વળી અલગ. જ્યારે ચંપલ ૭૦ રૂપિયાના...!!

*ભાઈએ ગેરેજ બંધ કરીને ચંપલની દુકાન શરૂ કરી છે.*

## પઝલ-૨ : ચક્રવ્યૂહ

***આપેલ ક્લુની મદદથી પાંચમો અક્ષર "જ" હોય તેવા શબ્દો વડે ચક્રવ્યૂહની રચનામાં જવાબ ભરો.***




૧. સમજફેર
૨. ફૂલમાંની રજ.
૩. આનંદી સ્વભાવ
૪. પગની ધૂળ
૫. દરરોજ
૬. શૃંગારિક ચેષ્ટાઓ કરનાર
૭. સમજનો અભાવ
૮. આ પ્રકારની વિધિથી પણ વિવાહ થાય છે!
૯. મુસ્લિમ - બાય બાય!
૧૦. ગરમ સ્વભાવનું.
૧૧. અસંસ્કારી
૧૨. શહેનશાહ
૧૩. બહાદુર
૧૪. લક્ષ્ય તાકવામાં કુશળ
૧૫. બે સરખી ભુજાવાળું
૧૬. ફતેહનો વાવટો
૧૭. દીકરીનો પતિ
૧૮. કામદેવ


## પઝલ-૩ : ફિલ્મી તોરણ

***આ પઝલમાં આપેલ ક્લુની મદદથી બોલીવુડને અનુરૂપ જવાબો શોધી ફિલ્મી તોરણની રચનામાં જવાબો ભરો.***

૨. 'કરીબ' ફિલ્મમાં દેઓલની માશૂકી.
૩. શ્રોફ-દેઓલ-શાહનો ઝંઝાવાત.
૪. એક સંગીતકાર કે જેની અટક વીતેલા જમાનાના સુપરસ્ટાર સાથે સામ્યતા ધરાવે છે.
૫. 'એક દૂજે કે લિયે'માં રતિના લગ્નનો ઉમેદવાર.
૬. 'પરીંદા'માં આગથી ડરતો ખલનાયક.
૭. એક ક્રિકેટર પત્ની - અભિનેત્રી.
૮. આશા ભોંસલેના સ્વ. પતિ.
૯. 'લગાન' ફિલ્મનો નિર્દેશક.

---

૮. 'દિલ ચાહતા હૈ' ફિલ્મના ટાઈટલ સોંગના ગાયક
૭. શાહરૂખ અભિનીત કરણ જોહરની એક ફિલ્મ
૬. 'હેરાફેરી'નો બાબુરાવ
૫. 'ગદર'નો તારાસિંગ
૪. મૈં કોઈ ગીત ગાઉં... ગીતનો ગાયક.
૩. શ્રીદેવી, અનિલ કપૂર અને ઊર્મિલાની ખેંચતાણ.
૨. 'નવરંગ' ફિલ્મની અભિનેત્રી.




### લગ્ન નક્કી કર્યાં?

***રમણકાકા*** : દીકરાના લગ્ન નક્કી કર્યા.
***ગિધુકાકા*** : માણસો કેવા છે?
***રમણકાકા*** : આપણા જેવા જ...
***ગિધુકાકા*** : તોય કર્યું?

### વાહ... ગુજરાતી!

***ઈન્ટરવ્યૂમાં એક અજીબ પ્રશ્ન પૂછવામાં આવ્યો...***

***સવાલ*** : કાજુ કતરીને વરખ કેમ લગાવવામાં આવે છે?
IAS : આ પ્રશ્ન ખોટો છે.
IIT : No comments.
IIM : ખબર નહીં.
ગુજરાતી : ઊંધી છે કે ચત્તી તે ખબર પડે એટલા માટે...

ગેમ્સ ગેલેરી

# આવી... આવી... લગ્નની મોસમ આવી...



ભાવના એ. ઝવેરી

*નીચે આપેલ ચિત્ર જુઓ. તમારી કલ્પનાઓના ઘોડા દોડાવો. બોલો, શું વિચાર આવે છે તે લખી નાખો.*



ચિત્રને અનુરુપ 'મેરેજ થીમ'ને લગતા પિક્ચરના નામ લખવાના છે. (સમય : ૧૦ મિનિટ). રમનારા બધાને આ ચિત્રની ઝેરોક્ષ, લખવા માટેનો કાગળ અને પેન આપો.

આ ચિત્રને તમે મોટું કરીને એક જગ્યાએ - બધાને દેખાય એ રીતે ચિપકાવીને પણ રાખી શકો છો.

તમારો સમય સ્ટાર્ટ થઇ ગયો... લખવાનું ચાલુ કરો. જવાબનું લિસ્ટ પણ તૈયાર છે. અરે, પણ થોભ્ભો... થોભ્ભો...

ખાસ નોંધ : આ ગેમ જે વાંચતા હોય - રમતા હોય તેમના માટે છે. ગેમના જવાબ ક્યારેય પહેલા જોઈ કે વાંચી ના લ્યો. ગેમનો ક્લુ પહેલા જોઈ લ્યો. તમને તો વિચારવાનો સમય પણ મળે છે. ધ્યાન રાખીને ટાઈમ લિમિટ પણ રાખો અને ગેમના જવાબ લખો. આમ આખી ગેમ રમી લ્યો. બાદમાં આપેલા જવાબ જુઓ, ચેક કરો. આમ કરવાથી મગજને જરૂરી કસરત મળશે. વિચારશક્તિ વધશે. કેમ નથી આવડતું તેનો ખટકો રહેશે. તમારું વાંચન વધી જશે. અંતમાં તમારી જીત પર તમને જ આનંદ થશે.

*બેન્કર્સ કોલોની, ૬૯/ડી, ઝવેરી વિલા, ગેટ નંબર-૩,*
*જ્યુબિલિ સર્કલ સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૭૮૭૮૦ ૪૬૩૮૨*

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

## શબ્દ રમત અને સુડોકુ

વર્તમાન કોરોના વાયરસ સંક્રમણનો વ્યાપ ફરીથી વધી જતાં અને તેને અનુલક્ષીને ઉભી થયેલ પરિસ્થિતિના કારણે શબ્દરમત અને સુડોકુનાં વિભાગો હાલ પૂરતા મોકુફ રાખ્યા છે, જેની નોંધ લેશો.

*– સંકલનકર્તા : રજનીકાંત પારેખ*

# આંજો કાગર

## ‘મંગલ મંદિર’ના તંત્રીલેખો રસપ્રદ અને વ્યવસ્થિત..
## તેમાં માસ સપ્ટેમ્બર-૨૦૨૦નો તંત્રીલેખ ખૂબ જ સમયસરનો... એક અગમચેતીરૂપે...

ખૂબ આનંદની વાત છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર ‘મંગલ મંદિર’ના છેલ્લા ૨૦/૨૫ અંકોથી તેની સુરત, તેના રૂપ-રંગમાં ખૂબ જ પરિવર્તન થતાં એક ઉચ્ચ શ્રેણીનું સામયિક બન્યું છે. માત્ર દેખાવ કે સુંદર છાપકામ હોય છે તેટલા માટે નહીં પરંતુ તેમાં અપાતી દરેક પ્રકારની વાંચન સામગ્રી ખૂબ જ ઉપયોગી અને રસપ્રદ હોય છે. ખાસ બાબત એ છે કે, તેનાં વિવિધ વિષયો પરના તંત્રીલેખો વ્યવસ્થિત અને માહિતીપૂર્ણ હોય છે. વળી, કેટલાક તંત્રીલેખો તો ખૂબ જ સમયોચિત હોય છે. **ઉદાહરણ રૂપે જોઈએ તો મંગલ મંદિરના માસ સપ્ટેમ્બર-૨૦૨૦ના અંકમાં લખાયેલ તંત્રીલેખ “સાવધાન...! હજી કોરોના વાયરસે દુનિયાનો પીછો છોડ્યો નથી.” આ તંત્રીલેખ લોકોને લાલબત્તી સમાન ખૂબ જ સમયસરનો કહેવાય.** તેમાં જણાવાયેલ દરેક વિગત પ્રવર્તમાન સમય અને સંજોગોને ખૂબ અનુરૂપ છે. એટલું જ નહીં પરંતુ એક અગમચેતીરૂપે બિલકુલ વ્યવસ્થિત વિગત કહી શકાય. આ પ્રકારના તંત્રીલેખો માટે તંત્રીમંડળ અભિનંદન અને ધન્યવાદને પાત્ર છે.

***પુષ્પા જયંતિલાલ શાહ - રાજકોટ***
***E-mail : pushpajshah@gmail.com***

## ‘મંગલ મંદિર’ રંગ લાવે છે... ‘વિશેષાંક’ માટે અભિનંદન

‘મંગલ મંદિર’ માસ નવેમ્બર-૨૦૨૦નો વિશેષાંક હાથમાં આવતાં જ આનંદની લાગણી ઉભરી આવી. જેનું કારણ તેનું મુખપૃષ્ઠ છે. ખૂબ સારી રીતે પસંદગી કરીને તથા વિશેષાંકના થીમને અનુરુપ તસવીર ઉપસાવવામાં આવી છે. તે ઉપરાંત ‘હાસ્ય તરંગ’ થીમ મુજબ તેમજ કોરોના મહામારીના તંગભર્યા વાતાવરણમાં તન-મનને હળવું કરવા તેમાં જે લેખન સામગ્રીઓ આપવામાં આવી છે, તે ખૂબ રસપ્રદ છે. ખાસ કરીને જોક્સ, ગઝલ - શાયરીઓનું સિલેક્શન ખૂબ સરસ છે તથા તેની શોખીન વ્યક્તિઓ માટે તો સંગ્રહ કરવાલાયક છે. લાગે છે કે ‘મંગલ મંદિર’ રંગ લાવે છે... આ દરેક માટે સામયિકના તંત્રી મંડળને ખૂબ ખૂબ ધન્યવાદ સાથે અભિનંદન.

***હર્ષદ એમ. શાહ - અમદાવાદ***
***E-mail : harshadmshah@gmail.com***

## ‘મંગલ મંદિર’ની રસપ્રદ અને ઉપયોગી સામગ્રીઓ

‘મંગલ મંદિર’ નો માસ નવેમ્બર-૨૦૨૦નો વિશેષાંક મળ્યો. હાથમાં આવતા જ ખૂબ આનંદ થયો. તેમાં સમાવિષ્ટ લેખો, કાવ્યો અને ખાસ કરીને રજૂ કરવામાં આવેલા શાયરી, શેર, જોક્સ તથા ગઝલ ખૂબ રસપ્રદ અને મનને પ્રફુલ્લિત કરે તેવા સરસ છે. આવા સરસ મજાના મેગેઝિનના સંકલનકર્તા તથા તેનાં સર્વે સંચાલકોને ખૂબ ખૂબ ધન્યવાદ.

***પ્રિતી મહેશભાઈ સંઘવી - સિકંદ્રાબાદ***
***E-mail : preetisanghavi1987@gmail.com***

## વાચકવર્ગના મનને હળવું કરે તેવી કૃતિઓ...

છેલ્લા ઘણા સમયથી કોરોના વાયરસના કારણે લોકોના જીવ અધ્ધર થઈ ગયા છે અને અનેક પ્રકારે તંગદિલી અનુભવી રહ્યા છે. આ પ્રકારના વાતાવરણ વચ્ચે ‘મંગલ મંદિર’ એ તેનાં માસ નવેમ્બરના વિશેષાંકમાં વિવિધ જોક્સ, શાયરી, ગઝલ વગેરે પ્રકાશિત કરીને વાચકવર્ગના તંગભર્યા મનને રાહત આપવાનું ઉપયોગી કાર્ય કર્યું છે. તે માટે તેના સંકલનકર્તા તથા મેગેઝિનના તંત્રી મંડળને ધન્યવાદ આપું છું.

***રશ્મી દીપકભાઈ શાહ - ભુજ***
***E-mail : shahrashmi@yahoo.com***

## ‘મંગલ મંદિર’ સામયિકની એક વધુ યશકલગી

હું ‘મંગલ મંદિર’ નિયમિત વાંચું છું અને આનંદ માણું છું. છેલ્લા બે વર્ષથી ‘મંગલ મંદિર’ સામયિકની ખૂબ સરસ રીતે કાયાપલટ થઈ છે. તેમાં નવીન સામગ્રીઓ તથા નવી કોલમોનો ઉમેરો કરીને તેને સારી રીતે નિખારવામાં આવે છે. છેલ્લા વિશેષાંકમાં ગઝલ - શાયરી અને જોક્સ આપવામાં આવેલ છે, તે તેનાં થીમને યોગ્ય છે. એટલું જ નહીં પરંતુ બે-મિસાલ કક્ષાની સામગ્રીઓ તેમાં પીરસવામાં આવી છે. જે તેની એક વધુ યશકલગી રૂપે છે. આ રીતે વાચકવર્ગને ઉપયોગી નીવડે તેવી રચનાઓ, લેખો અને માહિતીઓ તેમાં હોય છે. આ રીતે ‘મંગલ મંદિર’ હંમેશાં પ્રગતિ કરે તેવી શુભેચ્છા. મેગેઝિનના તંત્રી મંડળને ખૂબ ખૂબ અભિનંદન.

***જતીન પ્રીતમલાલ જોષી - નખત્રાણા***

## મુખપત્ર ‘મંગલ મંદિર’માં પ્રકાશિત થતી વાનગીઓ પ્રશંસાપાત્ર...


શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર ‘મંગલ મંદિર’ માસ નવેમ્બર-૨૦૨૦નો વિશેષાંક તાજેતરમાં હાસ્યતરંગ થીમ સાથે પ્રકાશિત થયો છે. આ વિશેષાંક એક અંક નહીં પરંતુ તે સંગ્રહ કરવા લાયક મેગેઝિનના સ્વરૂપે છે. તેમાં શેર-ગઝલ, શાયરી તથા જે જોક્સ આપવામાં આવ્યા છે તે ખરેખર ખૂબ સરસ પ્રકારનાં છે. તેમાં ઘણાં નામી-અનામી લેખકો, કવિઓની રચનાઓ છે. જે બધી ઉત્તમ શ્રેણીની છે. કેટલાક શાયરના નામ પહેલી વખત જોયા. તેથી અમારી જાણકારીમાં વધારો થયો. તેઓ દરેકને અભિનંદન. પ્રસ્તુત વિશેષાંકમાં રજૂઆત થયેલી વિગત, લેખો અને દરેક માહિતી ચીવટપૂર્વક અને સારી માવજતથી આપવામાં આવી છે જે તેનાં રૂપ-રંગથી જાણી શકાય છે. વિશિષ્ટ વાનગીઓ ખરેખર પ્રશંસાપાત્ર છે. આવી વિગત અને લેખન સામગ્રીઓ ખૂબ અલ્પ મેગેઝિનોમાં જોવા મળે છે. તે પૈકી ‘મંગલ મંદિર’ એક છે, જે એક ગૌરવની બાબત છે. મેગેઝિનના ટાઈટલ પ્રસંગને અનુરૂપ અને સામગ્રીઓની માફક ખૂબ સરસ અને વખાણવાલાયક હોય છે. તે માટે અભિનંદનની વર્ષા જેટલી કરીએ તેટલી ઓછી થશે. આ પ્રકારના મેગેઝિનોથી વાચકવર્ગ આનંદ અનુભવે છે. આ દરેક માટે તેના તંત્રીશ્રીઓ, લેખકો, કવિઓ, માહિતી પ્રસ્તુતકર્તા તેમજ કાર્યકર્તાઓને ધન્યવાદ સાથે સઘળી શુભેચ્છા. ‘મંગલ મંદિર’ વધુ પ્રગતિ સાધે તેવી અંતરકામના વ્યક્ત કરું છું.

*જાગૃતિ કે. લાલન - મુંબઈ*
*E-mail : jagruti.klalan@gmail.com*


## સંસ્કૃત સાહિત્યમાં ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠ ઝલક

| | | |
|---|---|---|
| ૧. | અતિથિ દેવો ભવ | મહેમાનને દેવ સમાન માનો. |
| ૨. | અહિંસા પરમો ધર્મ | અહિંસા શ્રેષ્ઠ ધર્મ છે. |
| ૩. | અહં બ્રહ્માસ્મિ | હું પોતે જ બ્રહ્મ છું. |
| ૪. | આચાર્ય દેવો ભવ | આચાર્યને દેવ સમાન માનો. |
| ૫. | ઉત્સવ પ્રિયા ખલુ માનવા | માણસો ખરેખર ઉત્સવ પ્રિય હોય છે. |
| ૬. | એકોડમ્ બહુસ્યામ્ | હું એક છું, અનેક થાવ. |
| ૭. | જનની જન્મભૂમિશ્ચ સ્વાર્ગાદ અપિ ગરિયસી | મા અને માતૃભૂમિ સ્વર્ગથીય ચડિયાતા છે |
| ૮. | તેન ત્યક્તેન ભુંજી થા | ત્યાગ કરીને ભોગવી જાણો. |
| ૯. | નેતિ નેતિ | તે આ પણ નથી અને આ પણ નથી. |
| ૧૦. | પિતૃદેવો ભવ | પિતાને દેવ સમાન માનો. |
| ૧૧. | બ્રહ્મસત્ય, જગત્ મિથ્યા | એક બ્રહ્મ જ સત્ય છે, બીજું બધું વ્યર્થ છે. |
| ૧૨. | બલીયસી કેવલમીશ્વરેચ્છા | ઈશ્વરઈચ્છા જ બળવાન છે. |
| ૧૩. | માતૃદેવો ભવ | માતાને દેવ સમાન માનો. |
| ૧૪. | મહાજનો યેન ગતઃ સ પંથા | મહાજનો ગયા તે માર્ગ ધર્મનો છે. |
| ૧૫. | મામેકમ્ શરણં વ્રજ | તું કેવળ એક મારા શરણમાં આવી જા. |
| ૧૬. | યોગઃ કર્મસુ કૌશલમ્ | કુશળતાથી કરેલાં કર્મ એ યોગ જ છે. |
| ૧૭. | વિદ્યા દદાતિ વિનયં | વિદ્યાથી વિનય આવે છે. |
| ૧૮. | વસુધૈવ કુટુંબકમ્ | આપણી પૃથ્વી આપણો જ એક પરિવાર છે. |
| ૧૯. | શુભસ્ય શીઘ્રમ | સારા કામમાં સહેજે ય વિલંબ ના કરો. |
| ૨૦. | સમત્વમ્ યોગ ઉચ્યતે | સમતા એજ યોગ છે. |
| ૨૧. | સત્યમેવ જયતે | સત્યનો જ જય થાય છે. |
| ૨૨. | સ્વાધ્યાયાન્મા પ્રમાદઃ | અભ્યાસમાં અભિમાન ના કરશો. |
| ૨૩. | સત્યં વદ, ધર્મ ચર | સાચું બોલો, ધર્મનું આચરણ કરો. |
| ૨૪. | સત્યં બ્રૂયાત, પ્રિયં બ્રૂયાત | સત્ય બોલો અને તે પ્રિય લાગે તેમ બોલો. |
| ૨૫. | સ્વસ્તિ સર્વ જીવેભ્યઃ | સર્વ જીવોનું કલ્યાણ થાવ. |
| ૨૬. | ક્ષમા વીરસ્ય ભૂષણમ્ | ક્ષમા આપવી એ વીર પુરુષોનું ઘરેણું છે. |
| ૨૭. | તસ્ય વાચકઃ પ્રણવઃ | પ્રણવ (ૐ) પરમાત્માનું જ સ્વરૂપ છે. |
| ૨૮. | શતં જીવ શરદ | સો વર્ષના થાવ. |
| ૨૯. | મા પ્રમદિતવ્યમ્ | આળસ ના કરશો. |
| ૩૦. | શરીરમાદ્યમ્ ખલુ ધર્મ સાધનમ્ | ધર્મપાલનનું ખરું માધ્યમ આ શરીર જ છે. |

## ગેમ્સ ગેલેરી : ગેમ્સ - પઝલ - ક્વિઝના જવાબો



ફિલ્મી તોરણ



ચક્રવ્યૂહ

**રાજ કપૂર ફિલ્મ પઝલના જવાબો**
(૧) આવારા, (૨) મેરા નામ જોકર, (૩) સંગમ, (૪) બરસાત, (૫) બુટ પૉલિશ, (૬) અંદાજ, (૭) દિવાના, (૮) દિલ હી તો હૈ, (૯) ચોરી ચોરી, (૧૦) જાગતે રહો, (૧૧) છલિયા, (૧૨) અનહોની, (૧૩) દો જાસુસ, (૧૪) તીસરી કસમ, (૧૫) દાસ્તાન.

**‘ચતુર કરો વિચાર’ના જવાબો :**
(૧) આરામ, (૨) છત્રી, (૩) અંગૂઠો

# અન્ય સંસ્થાઓના સમાચાર

## સમન્વય પરિવાર - ગુજરાત, સદ્‌વિચાર પરિવાર સેવા ટ્રસ્ટ તથા લોકસેવા ટ્રસ્ટનું સંયુક્ત આયોજન અમદાવાદ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫મી જન્મજયંતી ઉજવાઈ

મહામાનવ ભારતના વીર પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫મી જન્મ જયંતીના પ્રસંગની ઉજવણી તા. ૩૧-૧૦-૨૦૨૦ના રોજ અમદાવાદ ખાતે સદ્‌વિચાર પરિવાર સેવા ટ્રસ્ટના હોલમાં કરવામાં આવી હતી. સમન્વય પરિવાર ગુજરાત, સદ્‌વિચાર પરિવાર સેવા ટ્રસ્ટ તથા લોકસેવા ટ્રસ્ટ દ્વારા સતત ૨૬મા વર્ષના આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વર્તમાન કોરોના મહામારીની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ, સરકારશ્રીની ગાઈડ લાઈનનું યોગ્યપણે પાલન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરદાર વિચાર પ્રસાર પર કાર્ય કરનાર એવા ડૉ. શ્રી હરિભાઈ દેસાઈ, શ્રી પૂંજાભાઈ પટેલ તથા બે વખત રાષ્ટ્રપતિ ઍવોર્ડ વિજેતા ડી.વાય.એસ.પી. શ્રી કે.ટી. કામરિયા સાહેબનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.




*કાર્યક્રમ દરમિયાન સન્માનિત થયેલા મહાનુભાવો પૈકી બે વખત રાષ્ટ્રપતિ ઍવોર્ડ વિજેતા (જમણી બાજુ પ્રથમ) ડી.વાય.એસ.પી. શ્રી કે.ટી. કામરિયા સાહેબનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું*

તે ઉપરાંત, ગુજરાત રાજ્યના નિવૃત્ત મુખ્ય સચિવ શ્રી પી.કે. લહેરી તથા કાર્યક્રમના અધ્યક્ષ ડૉ.શ્રી કુમારપાળ દેસાઈએ સરદારનાં જીવનની ખૂબ જ ઝીણવટભરી વાતો, તેમના વિચારો અને આઝાદી પહેલાંની અને પછીની તેમની કાર્યશૈલી અને તેમની નિર્ણય ક્ષમતા સંબંધી વિગતની પ્રસ્તુતિ સભા સમક્ષ કરી હતી. જેનાથી ઉપસ્થિત પ્રેક્ષકગણ ખૂબ જ પ્રભાવિત થયેલ અને આ પ્રકારના કાર્યક્રમના આયોજન માટે શ્રી ભીમજીભાઈ નાકરાણી અને તેમની ટીમના સર્વે સભ્યશ્રીઓની પ્રશંસા કરી હતી.

## ડૉ. સુધીર ચી. મોદી



ડૉ. સુધીર ચી. મોદી છેલ્લા બાવન વર્ષથી અમદાવાદમાં એક ખૂબ જ અનુભવી ફિઝિશિયન તરીકે નવરંગપુરા સ્થિત તેમની ક્લિનિકમાં કાર્યરત છે અને તેમના સંપૂર્ણ વિસ્તારમાં ફેમિલિ ડૉક્ટર તરીકે જાણીતા છે. તેઓશ્રી દર્દીઓના ઈલાજ તો કરતા જ હોય છે, તે સાથે દર્દીઓની સંવેદનાનો ઈલાજ પણ કરતા રહ્યા છે. તબીબી ઉપચારની સાથે સાથે અનેક દર્દીઓના પારિવારિક પ્રશ્નો પણ તેઓ ધીરજપૂર્વક સાંભળે છે અને તેનો સચોટ રીતે નિરાકરણ લાવવામાં મદદરૂપ બનતા હોય છે. આમ, આ પ્રકારની તેમની સેવાકીય કામગીરી ખૂબ પ્રશંસાપાત્ર બની છે. આ અવનવા અનુભવોની અભિવ્યક્તિ તેમણે પોતાના પુસ્તક.... E-book ''ડૉક્ટરની સ્મરણિકા''માં ખૂબ જ અનોખા અંદાજમાં કરી છે. તેમની આ સંવેદના 'Doctorni Smarnika' Amazon.com પર ઉપલબ્ધ છે. જેના માધ્યમથી તેમની લાગણીઓને બહોળા પ્રમાણમાં વાચા મળી છે. તેમનું આ પુસ્તક અત્રે જણાવેલ વેબસાઈટ પરથી ઓનલાઈન પ્રાપ્ત થઈ શકશે.

ડૉ. સુધીર મોદી એક તજજ્ઞ લેખક પણ છે અને તેમના લેખો 'મંગલ મંદિર'માં અવારનવાર પ્રકાશિત થતા હોય છે.

### ગેમ્સ ગેલેરી... : 'આવી.... આવી... લગ્નની મોસમ'ના જવાબો

**જવાબ :** (૧) બેન્ડ બાજા બારાત, (૨) હમ આપકે હૈ કૌન?, (૩) વિવાહ, (૪) હમ સાથ સાથ હૈ, (૫) ડોલી કી ડોલી, (૬) મેરે બ્રધર કી દુલ્હન, (૭) ચીનસુન વેડિંગ, (૮) શાદી સાત ફેરે, (૯) દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે, (૧૦) હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા, (૧૧) મેરે યાર કી શાદી હૈ, (૧૨) બારાત, (૧૩) દુલ્હે રાજા, (૧૪) દુલ્હન, (૧૫) ગૂંજ ઊઠી શહેનાઇ, (૧૬) શાદી, (૧૭) મુજસે શાદી કરોગી, (૧૮) રાજા-રાની, (૧૯) ડોલી, (૨૦) વાગ્દત્તા, (૨૧) શહેનાઇ, (૨૨) બિદાઇ, (૨૩) રાજા, (૨૪) મહેંદી, (૨૫) તનુ વેડ્સ મનુ, (૨૬) રબને બના દી જોડી, (૨૭) મહેંદી રંગ લાઇ, (૨૮) દુલ્હન વહી જો પીયા મન ભાયે, (૨૯) કન્યાદાન, (૩૦) દુલ્હન હમ લે જાયેંગે, (૩૧) પટેલ કી પંજાબી શાદી, (૩૨) સ્વિટી વેડ્સ એન.આર.આઈ., (૩૩) સ્વયંવર, (૩૪) એક વિવાહ ઐસા ભી, (૩૫) વેડિંગ પુલાવ, (૩૬) નિકાહ, (૩૭) દુલ્હન એક રાત કી, (૩૮) શાદી નં.-૧, (૩૯) જસ્ટ મેરીડ.

(*નોંધ* : આ સિવાય, અન્ય નામ પણ હોઈ શકે છે.)

સંકલન : દિનેશ આર. મહેતા

## સામાજિક સેવા કાર્યને સમર્પિત અને વિશિષ્ટ એવોર્ડથી સન્માનિત જબલપુર સ્થિત મયુરભાઈ સંઘવી

*જનની જણ તો ભક્ત, દાતા, કાં શૂર;*
*નહીં તો રહેજે એમ જ, મત ગુમાવીશ નૂર.*

ઉપર મુજબના દુહાને સાર્થક કરનાર ગોધરા - કચ્છના શ્રીમતી ચંદ્રિકાબેન રમણિકલાલ સંઘવીએ તા. ૨૯-૪-૧૯૬૬ના એક ભક્ત દીકરાને જન્મ આપેલ. જેમનું નામ શ્રી મયુરભાઈ સંઘવી છે અને હાલે જબલપુર (મ.પ્ર.)માં સેવાનું કામ જય જિનેન્દ્ર સેવા સમિતિ તથા લાયન્સ ક્લબના સહયોગથી કરી રહ્યા છે. તેમના દ્વારા થઇ રહેલ સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓ - સેવાઓનો વ્યાપ ખૂબ મોટો છે. તે પૈકી કેટલીક વિગત અત્રે ટૂંકમાં જણાવેલ છે.

★ હમણાં આપણા દેશમાં કોરોના વાયરસના પગલે માર્ચ માસમાં લોકડાઉન ઓચિંતું લાગી ગયું. તે સમય દરમિયાન જબલપુરમાં ઘણા બધા પ્રવાસી મજૂરો અટકી ગયા હતા. ત્યારે સામાજિક સંસ્થાઓના સહયોગથી મયુરભાઈએ તેવા મજૂર વર્ગ માટે જૈન જમણ અને રહેવાની સગવડ કરી આપી હતી. જ્યારે બે મહિના બાદ તેવા મજૂરો વતન માટે રવાના થયા ત્યારે તેમને ટ્રેનમાં પણ જમણ, પાણી, ચંપલ જેવી જરૂરિયાતવાળી વસ્તુઓ પૂરી પાડીને વિદાય આપી હતી. જેના કારણે મજૂર વર્ગ ખૂબ જ પ્રભાવિત થયો હતો અને સંકટના સમયે જે મદદ કરી હતી તેના માટે આનંદ પ્રગટ કર્યો હતો.

★ આ સિવાય, જબલપુરમાં ગવર્નમેન્ટ હોસ્પિટલમાં કોઈ દર્દીની સાથે તેમના કુટુંબીજનો આવે તો દર્દીની સાથે તેમને પણ રૂા. ૫/-માં જરૂરી માત્રામાં ભોજન આપે છે. તેમની આ સેવાનો લાભ છેલ્લા ૯ વર્ષથી ૬,૦૦,૦૦૦ જણા લઇ ચૂક્યા છે. ત્યારબાદ આ પ્રથા મેડિકલ કોલેજમાં પણ શરૂ કરી છે. તે સાથે ઠંડીના સમયમાં એક રૂપિયાના ભાડા પર ગાદલા - તકિયા અને ઓઢવાની સગવડ પણ હોસ્પિટલમાં આપે છે.

★ ઓલ ઈન્ડિયા જૈન સમુદાયમાંથી કોઈપણ શિખરજીની યાત્રા કરવા જાય અને જબલપુર બાજુથી પસાર થાય તો તેમના માટે જમવા વગેરેની વ્યવસ્થા તેઓ હંમેશાં નિઃશુલ્ક કરી આપે છે. તેઓ જૈન પરિવારજનોને યાત્રા કરવા માટે આમંત્રણ પણ આપે છે. તેમની આ યોજનાનો જૈન પરિવારજનો લાભ લઈ શકે છે.

આમ, મયુરભાઈ સંઘવીએ પોતાની જિંદગી સામાજિક સંસ્થાઓ અને સેવાકીય પ્રવૃત્તિઓને સમર્પિત કરીને પોતાનું જીવન ઉજાગર કર્યું છે, જે જૈન સમુદાય માટે ગૌરવપ્રદ છે. આ પ્રકારની કામગીરીની કુદરત દ્વારા પણ નોંધ લેવામાં આવતી હોય જ છે. મયુરભાઈની ઉપરોક્ત સેવાકીય પ્રવૃત્તિઓ બદલ તેમને નીચે મુજબ માન-સન્માન પ્રાપ્ત થયા છે.

★ રાષ્ટ્રીય સ્તરે, તે સમયના રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામ દ્વારા એક વિશિષ્ટ ઍવોર્ડ પ્રદાન થયો છે.

★ તેમને ગ્લોબલ ગાંધી પીસ ઍવોર્ડ - ૨૦૨૦ એનાયત થયો છે.

★ આપણા દેશની ૫૧ પ્રતિભાઓનું 'ગોલ્ડન બુક ઑફ અર્થ' દ્વારા સન્માન થવાની જાહેરાત થઈ છે. તે પૈકી એક મયુરભાઈ સંઘવી છે. આ ગૌરવપ્રદ સન્માનની યાદીમાં વિશ્વના અનેક દેશોના મહાનુભાવોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

★ 'મોસ્ટ ઈન્સ્પાયરિંગ પિપલ ઓન અર્થ' (Most inspiring people on Earth)ના નામે એક વેબસાઈટ શરૂ થઈ છે. જેમાં પણ મયુરભાઈ સંઘવીનો સમાવેશ થયો છે.

***મયુરભાઈ સંઘવીને અભિનંદન.***

*જિતેન્દ્ર એમ. મહેતા - કર્નૂલ*
*મો. ૯૩૯૨૩ ૮૪૩૪૪*

## ભૂકંપમાં વાગડમાં ક્ષતિગ્રસ્ત થયેલા અનેક જિનાલયો - ઉપાશ્રયો અને સામાજિક પ્રતિષ્ઠાનોને પુનઃ ઊભા કરવામાં જેમનું પુણ્યબળ હતું વાગડ સમુદાયના ગચ્છાધિપતિ શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા. કાળધર્મ પામ્યા

ભારતભરના શ્વેતાંબર જૈન સમાજના ત્રીજા નંબરના સૌથી મોટા એવા વાગડ સમુદાયના ગચ્છાધિપતિ ૮૦૦થી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતોના નાયક એવા મધુરભાષી સહજ સ્વભાવી શ્રી કલાપ્રભસૂરીશ્વરજીએ તાજેતરમાં કાળધર્મને સ્વીકારી અનંતલોકે પ્રયાણ કર્યું છે

મૂળ મારવાડ ફલોદીના રત્ન અને કચ્છ-વાગડના મહારત્ન

એવા શ્રી પૂજ્ય કલાપ્રભસૂરીએ માત્ર ૧૧ વર્ષની કિશોર વયે દીક્ષા ગ્રહણ કરીને ઉત્તમોત્તમ ચારિત્ર્ય ધર્મનું નિર્વહન કરીને લગભગ ૭૦થી વધુ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા હતા.

પૂજ્યશ્રીનું માત્ર સાધુ અને આદર પામે તેવું વ્યક્તિત્વ ના હતું પણ તેમને મળનારને સ્વયંને પૂજ્યભાવ ઉત્પન્ન થાય તેવું સરળ અને ઉત્તમોત્તમ વ્યક્તિત્વ હતું. પ.પૂ. અધ્યાત્મયોગીએ પાટ પરંપરાને માત્ર સંભાળી જ ના હતી પરંતુ દીપાવી હતી. તેમાં તેજસ્વિતાનો તેજ લીસોટો પાડ્યો હતો. ભૂકંપ બાદ તહસ નહસ થયેલા કચ્છ વાગડમાં ગામડે ગામડે ફરી અનેક જિનાલયો - ઉપાશ્રયો અને સામાજિક પ્રતિષ્ઠાનોને પુનઃ ઊભા કરવા અને નવા બનાવવામાં તેમનું મહાન યોગદાન હતું. તેમની સહજતાથી સૌને સાથે રાખવાની સહજ શૈલી સદાય વંદનીય હતી.

જૈન શાસનના ઈતિહાસમાં છેલ્લી બે થી ત્રણ શતાબ્દીઓના લેખાજોખા કરવામાં આવે તો ભૂકંપ પછીના છેલ્લા ૨૦ વર્ષના ટૂંકા ગાળામાં શાસન પ્રભાવનાના આટલા ઉત્કૃષ્ટ કાર્યો બહુ ઓછા મહાપૂજ્યોના હાથે થયા હશે તેમાં પૂજ્ય કલાપ્રભસૂરીશ્વરજી પ્રથમ પંક્તિમાં હશે. તેમની ઉપસ્થિતિ અને પુણ્યબળથી કોઈ પણ સદ્‌કાર્યમાં ઉપજ કે ફંડ જોઈએ તેના કરતા હંમેશાં વધુ જ થતું હતું. સાથે સાથે દરેક પ્રસંગ કોઈ પણ જાતના અહમના ટકરાવ વગર રંગેચંગે પાર પડતા હતા.

## ભુજ ખાતે લેખક, કવિ મહાભાઈ વોરાનું દુઃખદ નિધન

કચ્છ - ભુજના ૮૦ વર્ષીય મહાભાઈ આર. વોરાનું તા. ૧૮-૧૦-૨૦૨૦ના રોજ ભુજ ખાતે દુઃખદ નિધન થતાં કચ્છના સાહિત્ય પ્રેમીઓમાં ઘેરા દુઃખની લાગણી વ્યાપી હતી. મહાભાઈએ એક લેખક, કવિ ઉપરાંત એક વિવેચક તરીકે સારી નામના પ્રાપ્ત કરી હતી. તેઓશ્રીની અનેક કૃતિઓ 'કચ્છમિત્ર' ઉપરાંત સ્થાનિક તથા અન્ય સ્થળોના લોકપ્રિય સામયિકોમાં પ્રસંગોપાત પ્રકાશિત થતી હતી. તેઓશ્રી દ્વારા આઠ પુસ્તકોનું સર્જન પણ કરવામાં આવ્યું છે. સદ્‌ગતશ્રી શૈક્ષણિક તથા સામાજિક કાર્યો સાથે સતત જોડાયેલા રહ્યા હતા. તેમનું ધૂપસળીમય જીવન સમસ્ત પરિવાર તેમજ સાહિત્ય પ્રેમીઓ માટે પ્રેરક અને અનુમોદનીય હતું. તેમના બે પુત્રો પૈકી ડૉ. મિહિર એમ. વોરા પણ એક નિષ્ણાત લેખક તરીકે જાણીતા છે. તેમના વિવિધ વિષયો પરના રસપ્રદ અને ઉપયોગી લેખો 'મંગલ મંદિર'માં નિયમિત રીતે પ્રકાશિત થતા હોય છે, જેને વાચકવર્ગ દ્વારા બહોળો પ્રતિસાદ પણ મળે છે.

સદ્‌ગતશ્રીના પવિત્ર આત્માને પ્રભુ પરમ અને શાશ્વત શાંતિ આપે એવી અભ્યર્થના.

## ભુજની આર.આર. લાલન કોલેજને ક્રિકેટ ક્ષેત્રે ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરાવનાર... શ્રી લચ્છુભાઈ બોરાનું દુઃખદ નિધન

કચ્છ - ભુજ ખાતેની આર.આર. લાલન કોલેજના કોઈપણ સ્ટેજ પ્રોગ્રામનો પ્રારંભ "જય જય ગરવી ગુજરાત" દ્વારા થતો હતો. જેમાં શ્રી લક્ષ્મીચંદ ત્રિકમદાસ બોરા (લચ્છુભાઈ બોરા) અચૂકપણે પોતાનો સૂર રેલાવતા. તેઓ જ્યારે મુકેશજીના ગીતો લલકારતા ત્યારે વન્સ મોર, વન્સ મોર વારંવાર થતું હતું. તા. ૩-૪-૧૯૩૫માં કરાંચી મધ્યે શ્રી લચ્છુભાઈનો જન્મ થયો હતો. ગાંધીજીની હત્યાના ત્રીજા દિવસે તેઓના પરિવારે ભુજમાં આવીને, ભુજની ડોસાભાઈ લાલચંદ ધર્મશાળામાં આશ્રય મેળવ્યો હતો. ઈ.સ. ૧૯૫૨માં મેટ્રિકની પરીક્ષા ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અભ્યાસ કરીને પાસ કરી હતી. તેઓશ્રી ક્રિકેટના ખૂબ સારા ખેલાડી હતા. તે કારણે કચ્છમાં સરકારી સર્વિસ મળી હતી. તેમણે ૧૯૫૪માં ભુજની લાલન કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. કોલેજમાં સતત ચાર વર્ષ સુધી ક્રિકેટ ટીમના કેપ્ટનપદે રહ્યા હતા અને તેમની ટીમે અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈને કોલેજનું નામ ઉજ્જવળ કર્યું હતું. ૧૯૫૬માં કચ્છ રાજ્યને મુંબઈ રાજ્ય સાથે જોડાઈ જવાનું થતાં શ્રી બોરાની બદલી ડી.એસ.પી. ઓફિસમાં થઈ હતી. નવરાત્રિ તહેવારમાં ભુજની સુવિખ્યાત પંચહટડી ગરબીમાં તેઓ તેમના ભાઈના સંગાથે ગરબીમાં વિવિધ પ્રકારનું સંગીત પીરસતા હતા. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થતાં બંને ભાઈઓને અમદાવાદ ખાતે સચિવાલયમાં સ્થાન અપાયું હતું. ૧૯૭૦માં ગાંધીનગર સચિવાલયમાં બઢતી સાથે તેમની બદલી થઈ. છેવટે નાયબ સચિવના હોદ્દા પરથી ઈ.સ. ૧૯૯૩માં નિવૃત્ત થયા હતા. તા. ૧૫-૧૧-૨૦૨૦ના રોજ ગાંધીનગર ખાતે તેમનું દુઃખદ નિધન થયું હતું. તેઓશ્રી મુકેશજીનું ગીત "જાને કહાં ગયે વો દિન..." પ્રેમથી હંમેશાં ગાતા હતા.

## કચ્છની દુર્લભ વણાટકલા – ખરડ

'હેલ્લારો' ફિલ્મનું શૂટિંગ જ્યાં થયું એ ગામનું નામ કુરન અને આ કુરન ગામ બીજી એક રીતે પણ સમગ્ર દેશમાં પ્રખ્યાત છે. કુરન ગામમાં ખરડ કાર્પેટની દુર્લભ ગણાતી કારીગરી આજે પણ સાચવી રાખી છે. કુરનના તેજસીભાઈ ધાના આજે પણ ખરડ વણાટકામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ખરડ એ સૌથી પ્રાચીન ગણાતી વણાટકલા છે. આ કલાના જાણતલ તરીકે ગુજરાતમાં તેજસીભાઈ અને તેમના પુત્ર સામતભાઈનું નામ

મોખરે લેવાય છે. કચ્છના રણમાં આવેલા કુરનથી હાલ કુકમા ગામે આવીને વસેલા તેજસીભાઈ અહીં એક મોટા વાડામાં બેસીને ખરડ વણવાનું કામ કરે છે. ખરડની ચટાઈમાં બકરા અને ઊંટના વાળનો કોઈપણ પ્રકારના રંગો વિના જ ઉપયોગ કરવામાં આવે છે જેના કારણે તેની ડિઝાઈન સરળ છતાં વિશિષ્ટ છે. ગુજરાતમાં તો માત્ર તેજસીભાઈનું પરિવાર જ ખરડ વિવિંગ કરે છે. તેમના વોલ પીસ લંડન અને સિડનીના મ્યુઝિયમમાં પણ મૂકાયા છે. અનેક વર્ષોથી આ કલા પાછળ પોતાનું જીવન સમર્પિત કરનારા તેજસીભાઈ ધાનાભાઈ મારવાડાને ભારત સરકારે નેશનલ ઍવોર્ડ પણ આપ્યો છે. છતાં કલા પરત્વેની લોકજાગૃતિ ઓછી હોવાના કારણે આજે પણ આ કલા આંશિક રીતે સંઘર્ષ કરી રહી છે.

- **ખરડ કાપડની વિશેષતા અને બનાવટ :**

કચ્છના રણમાં આવેલા ગામોમાં મહેમાનોની આગતા સ્વાગતા માટે ગોદડીઓથી પણ વિશેષ ખરડ ચટાઈનું મહત્ત્વ હતું. ભૂંગામાં વસતા લોકો ઠંડી સામે રક્ષણ મેળવવા ખરડ ચટાઈનો ઉપયોગ કરતા. આ સિવાય પણ જ્યારે ભારત અને પાકિસ્તાનના ભાગલા નહોતા પડ્યા ત્યારે કચ્છ અને સિંધુના રણ વચ્ચે ઊંટ દ્વારા આવન જાવન રહેતી. આવા સમયે માલ-સામાનની મોટી બેગો તરીકે પણ ખરડના કાપડનો ઉપયોગ થતો. માત્ર સાવ સાદા થોડા લાકડાંની ખરડની લૂમ બનાવવામાં આવે છે અને ખૂબ સીમિત ઓજારોથી આ કાપડ વણાય છે. તેમાં ઊંટના રંગના વાળ અને બકરાના કાળા વાળને કારણે ખરડનો અસલ નિખાર આવે છે. **મારવાડ અને સિંધના રણમાંથી ગુજરાતમાં આવેલી આ કલા મારવાડા સમુદાયના વણકરો સ્થળાંતર થકી કચ્છમાં લાવ્યા.** કચ્છ, મારવાડ અને સિંધમાં ઊંટ અને બકરાનું પાલન થતું હોવાને કારણે તેમાંથી ઊન મેળવવાનું સરળ બન્યું. રણમાં વસતા માલધારી સમુદાય ઊંટ અને ઘેટા - બકરાના ઊનને ચરાવતી વખતે જ હાથમાં તકલી લઈને કાંતતા અને ઊન તેઓ પોતાના ગામના ખરડના વણકરોને આપતા. જેના કારણે આ સુંદર કલા સચવાઈ અને કેટલાંક વર્ષો સુધી તેની ખપત પણ થઈ. કચ્છના મહારાજાઓ પણ પોતાની બેઠક માટે ખરડ દરીનો ઉપયોગ કરતા. આજે સમય બદલાયો છે ત્યારે ખરડ દરીનો ઉપયોગ વોલ હેન્ગિંગ અને કારના સીટ કવર પર પાથરવામાં પણ થાય છે.

★

*“આજે તો ખરડ એક માત્ર ગૃહ સુશોભનની વસ્તુ બની ગઈ છે પરંતુ એક સમય એવો હતો કે કચ્છના રણમાં અનેક વણકરો આ કામ હોંશે હોંશે કરતા. કોરોનાના સમયમાં સ્થિતિ વધુ કપરી છે પરંતુ ધીમે ધીમે બધું નોર્મલ થતું જાય છે.”*

***– તેજસીભાઈ, કારીગર***

## ‘આ કલાને જાળવવા માટે અમે પ્રયત્નો કરી રહ્યા છીએ’

નવી પેઢીમાં હું અને મારો ભાઈ આ કામ કરી રહ્યા છીએ. આજે ઊન મેળવવું અઘરું છે. કોરોનાને કારણે અત્યારે સ્થિતિ ખૂબ જ ખરાબ છે. કારણકે છ મહિના પહેલાં લોકો ઘરે આવીને વસ્તુ જોતાં અને કંઈકને કંઈક ખરીદતા પરંતુ અત્યારે છેલ્લા છ મહિનાથી કોઈ જ પ્રકારનું વેચાણ નથી એટલે ઘર ચલાવવું ખૂબ જ કપરું છે. અત્યારે અમે સ્ટોક કરી રાખીએ છીએ. સામે ઊન પણ લાવવું મોંઘું પડી રહ્યું છે. છતાં આ કલાને જાળવવા માટે અમે તમામ પ્રકારના પ્રયત્નો કરી રહ્યા છીએ.

***– સામત તેજસી, કારીગર***

## કચ્છનું પ્રાચીન કોટેશ્વર મહાદેવ મંદિર

શિવભક્ત રાવણને શિવે આધ્યાત્મિક ઊંચાઈ સર કરવા આપેલું શિવલિંગ તેની હડબડાટીને કારણે પ્રવાસ દરમિયાન કોટેશ્વરની ધરતી પર પડી ગયું અને એમાંથી કરોડ લિંગ પ્રગટ્યા. ઈશ્વર જાણે એટલા બધા લિંગ ક્યાં ગયા? પણ મૂળ શિવલિંગ અહીં રહી ગયું અને તેને સંગોપીને આ મંદિર-નામે ‘કોટેશ્વર’ અહીં બન્યું. એને કોટિલિંગેશ્વર મંદિર પણ કહે છે. દરેક પ્રાચીન સ્થાપત્યને લાગુ પડતા નિયમ મુજબ આ મંદિરનો જીર્ણોધ્ધાર અનેકવાર થઈ ચૂક્યો છે. ત્રણ વિભાગનાં પગથિયાં પછી મુખ્ય પ્રવેશદ્વાર આવે એટલું તે ઊંચું છે. વળી ઉપર કિલ્લેદાર દીવાલથી તે રક્ષાયેલું છે. સાગરજળને કારણે સમુદ્રનાં ઊંચા ઉઠતાં મોજાં મંદિરના પશ્ચિમ મુખની જળઅર્ચના અભિષેક કરે છે. પ્રાતઃકાળે પ્રગટતી સોહામણી ઉષા, રાત્રિએ ચંદ્ર-તારાથી વિભૂષિત ગગન અને શ્રી કોટેશ્વરનો સંવાદ ખૂબ ખાસ જ હોવાનો! વર્તમાન કિલ્લો અને મંદિર ૧૮૨૦ (સં. ૧૮૭૭)માં શેઠ સુંદરજી અને જેઠા શિવજી દ્વારા ચણાવાયેલા. પરિસર અને પ્રાંગણ કાંગરીદાર કોટથી રક્ષાયેલું છે. ત્રણ તોપ સાથે શોભતું આ મંદિર લગભગ સાંઇઠ ફીટ લાંબુ અને પચાસ ફીટ પહોળું છે. ભવ્યાતિભવ્ય આ મહાદેવનું મંદિર ગુલાબી રેતિયા પથ્થરોથી સજ્જ છે. મુખ્ય શિખર ઉપર ભવ્ય કોતરણી નકશી તેમાં પ્રાણ પૂરે છે. શિખર પર હિંદુ નગરશૈલી મુજબ નાનાં નાનાં શિખરો, ગોખલા, દેવી દેવતાઓનાં શિલ્પો, ઊભી-વળાંકવાળી આમળિયા ભાત, ટોચે કળશ, ઉપર ધજા સોહે છે. મુખ્ય મંદિર પાસે એક નાનું મંદિર છે તેનું શિખર પણ અડીને જ છે. આગળના ભાગમાં ગુંબજો કાંગરિયાળા ગુંજન કરે છે. પ્રાંગણને ત્રણ ગુંબજ છે જેમાં વચલા ગુંબજ તળે પિત્તળના વિશાળ, સુંદર નંદી ભક્તોને આવકારે છે. જમણા ગુંબજ તળે હનુમાનની અને ડાબા ગુંબજ તળે ગણેશની વિશાળ પ્રતિમાઓ છે.

મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર રેતિયા પથ્થરના સ્તંભો ધરાવે છે. જેની ઉપર ઝીણી ફૂલપત્તી અને રસવલ્લરી ઝુલે છે. બારસાખ ઉપર બૌધ્ધ શૈલીના વિવિધ ભાત, આકાર અને કદના કતારબંધ

ચક્રોની હાર જોવા મળે છે. પ્રવેશતાં જ મધ્યમાં મોટા ગુંબજ અને આજુબાજુ બે નાના ગુંબજવાળો મંડપ આવે. જે વીસેક ફીટ લાંબો અને પચ્ચીસેક ફીટ પહોળો છે. અંદર મુખ્ય ગર્ભગૃહને નોખી પાડતી દીવાલ પર બે શિલાલેખો છે જેમાં ઐતિહાસિક પુરાવાઓ છે. ગર્ભગૃહ દ્વારની ફ્રેઇમ પથ્થરની કોતરણીવાળી છે. દરવાજો ચાંદીના પતરાથી જડેલો, નકશી કોતરણી સહિત છે. કાળા આરસપહાણથી જડાયેલ ગર્ભગૃહ ચોરસ છે જેમાં પાછલી દીવાલે પાર્વતીજી છે. ચાર ફીટ ઊંચા સ્વયંભુ શિવલિંગ ઉપર જલાધારી છે પણ લિંગ ઉપર વિવાદાસ્પદ રીતે લોખંડની ખિલ્લીઓ જડેલી છે. ચાંદીનું છત્ર પણ કલાત્મક છે. ચાંદીનું થાળું લિંગને પ્રાધાન્ય બક્ષે છે. શાંત જગ્યાએ આ ભવ્ય મંદિરના પાછલા રસ્તે સીધા સમુદ્ર તરફ જવાય. કુંડ અને દેરીઓ જે પરિસરમાં છે તેના ઊંચા કોટ પર ઊંચું મંદિર લાંબી ધજાઓ ધરાવે છે જે રસિકોને મંત્રમુગ્ધ કરે છે. મહાઆરતી વખતે પ્રકાશથી ઝળાંહળાં થતા આ મંદિરેથી ભૂશિર તરફ જવાય. જે લાંબા પટે સાગરને મળે. મંદિરની ભીંતે કલાત્મક ઝરૂખા અંદરથી પ્રગટ થતા લાગે. બબ્બે છત્રી આકારના ગુંબજ, ઉપર ટીચકું, ગોળ સ્તંભ, કમાનો, કઠેડા અદ્ભુત. મદલના અર્ધ ગોળાકાર ભાગે પાંદડિયાળી ભાત અને કંકણાકાર બુટ્ટા - જેમાં ચાર સ્તરે ચણતર થયું છે તે આખા મંદિરનું પ્રતિનિધિત્વ કરે છે.

## 'કચ્છી કવિતા' તથા 'કચ્છી કહેવતો'

ઇ.સ. ૧૮૮૬માં મુંબઈના પ્રેસ દ્વારા પ્રકાશિત મહાન સાધુ શ્રી કૃષ્ણદાસજી કૃત 'કચ્છી કવિતા' તથા 'કચ્છી કહેવતો' તેનાં ગુજરાતી ભાષાંતર સાથે (૧૩૪ વર્ષ જૂની પુસ્તિકા) E-book સ્વરૂપે https://on line fliphtm15.com/jucbo//iqla/ લિંક પર વાચકવર્ગ માટે ઉપલબ્ધ છે.

## દુર્લભ છોડ કચ્છમાં જોવા મળ્યો!

કચ્છની સ્થાનિક ભાષામાં સુદિયો નામે ઓળખાતો ઓલેક્સ નાના પ્રકારનો છોડ ગુજરાતમાં છેક એક સદી પછી ફરીથી તાજેતરમાં જોવા મળ્યો હતો. છેલ્લે આ છોડ ૧૯૧૦માં પોરબંદર વિસ્તારમાં જોવા મળ્યો હતો. એ પછી તો વનસ્પતિશાસ્ત્રીઓ દ્વારા છોડ-વેલાની ઓળખ માટેના અનેક સંશોધન - પ્રવાસો થયા પરંતુ તેમાં આ છોડ ક્યારેય જોવા મળ્યો ન હતો. હવે ફરીથી તેની હાજરી કચ્છના લઠેડી ગામ પાસેથી મળી આવી હતી.

આ છોડ ગુજરાત બાયોડાયવર્સિટી એક્ટ પ્રમાણે સુરક્ષિત જાહેર થયેલો છે. અજાણ્યા છોડ પર સૌથી પહેલી નજર ગામવાસીઓની પડી હતી. ગામવાસીઓએ આ છોડ નવો હોવાથી તેનું નામ શું એ તપાસ આદરી હતી. પરંતુ ગામના કોઈ વડીલો પણ છોડનું નામ જાણતા ન હતા. વનસ્પતિશાસ્ત્રીઓએ આ છોડની તપાસ માટે ઘણાં પ્રયત્નો કર્યા હતા પણ તેમને મળ્યો ન હતો.


વધુ એક પ્રયાસ દરમિયાન લઠેડી ગામ પાસે ૧૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં છોડના ૪૩ નમૂના જોવા મળ્યા હતા. છોડની વૈજ્ઞાનિક ઓળખ કર્યા પછી વડોદરા સયાજીરાવ યુનિવર્સિટીના સંશોધકોએ આ છોડ એ જ હોવાની ખાતરી રજૂ કરી હતી. ગામ - સમુદાય ઉપરાંત સ્થાનિક એન.જી.ઓ. સહજીવને આ છોડ અંગે જાગૃતિ ફેલાવવાનું કામ કર્યું હતું. છોડને કોઈ નુકસાન ન કરે એ હેતુથી તેના બોર્ડ પણ લગાવી દેવાયા હતા.

૬૦ સેન્ટીમીટર (૨ ફૂટ) સુધી ઊંચો થતો આ છોડ જૂના હોવા છતાં નવો છે. ■

## વિચારવા જેવું...


- ★ પૃથ્વીથી મોટું શું છે? ................................ માતા
- ★ આકાશથી ઊંચું શું છે? ................................ પિતા
- ★ વાયુથી ઝડપી શું છે? ................................ મન
- ★ ઘાસ કરતાં પણ જલદી શું વધે? ..................... ચિંતા
- ★ આ દુનિયામાં ધર્મ કરતા પણ શું મહાન છે? .......... દયા અને વિવેક
- ★ કોની સાથે મિત્રતાનો અંત નથી હોતો? .............. સજ્જન સાથેની
- ★ ક્યારેય પણ દુઃખી ન થવા પાછળનું રહસ્ય શું છે? ....... જે કોઈ પોતાના મનને કાબૂમાં રાખી શકે તો તે ક્યારેય દુઃખી ન થાય.
- ★ સૌથી મોટું ધન શું છે? ................................ શિક્ષણ
- ★ સૌથી મોટો નફો કયો છે? ............................ તંદુરસ્તી
- ★ સૌથી મોટું સુખ કયું છે? ............................ સંતોષ
- ★ માણસનો સૌથી મોટો દુશ્મન કોણ છે? ............... ક્રોધ
- ★ કયા રોગનો ઉપાય નથી? ............................ લોભ
- ★ જિંદગીની સૌથી મોટી વિચિત્રતા શું છે? ............. અનંત સમય સુધી જીવવાની.


## આગ ગરમ કેમ છે?



વસ્તુ બળતાં તેનું તત્ત્વ હવામાંના ઑક્સિજન સાથે મળી બીજા પદાર્થોમાં રૂપાંતરિત થાય છે. દા.ત. કોલસામાં તે કાર્બન ઑક્સિજન સાથે જોડાય છે. રૂપાંતર દરમિયાન રાસાયણિક ક્રિયાથી તેનામાં રહેલી શક્તિ છૂટે છે, જે ગરમી છે. તે મોજાંરૂપે છૂટે છે. તે જોઈ શકાતી નથી પણ અનુભવી શકાય છે. ગરમી ત્રણ રૂપે આપણા સુધી પહોંચે છે : ઉષ્ણતાનયન, ઉષ્ણતાગમન અને ઉષ્ણતાવહન. ***ઉષ્ણતાનયનમાં આગ નજીકની હવા ગરમ થઈ રૂમમાં ફેલાય છે. ઉષ્ણતાગમનમાં વસ્તુમાંની ગરમી પોતાની શક્તિથી ફેલાય છે.***

## કેટલીક વસ્તુઓ શા માટે તરે છે?





પાણીથી હલકી કોઈપણ વસ્તુ પાણી ઉપર તરે છે, જ્યારે ભારે વસ્તુ પાણીમાં ડૂબીને તળિયે બેસે છે. હલકી વસ્તુ પોતાના વજન જેટલું પાણી ખસેડે છે અને પછી ડૂબતી રોકાઈ જાય છે. ભારે વસ્તુ તેના કદ જેટલું પાણી ખસેડી તળિયે બેસે છે.

બૂચ હલકું હોઈ સૌથી સહેલાઈથી પાણી ઉપર તરે છે. એટલે જ તેનો ઉપયોગ સેફ્ટી જૅકેટ અને લાઈફ બેલ્ટ બનાવવામાં થાય છે.

## કોરોના સંક્રમણથી બચવા..... સાવચેતી રાખીએ

- ☞ ***માસ્ક પહેરો***
- ☞ ***હાથ વારંવાર સાબુ કે સેનેટાઈઝરથી સાફ કરો તથા***
- ☞ ***બે મીટરનું સોશિયલ ડિસ્ટન્સ રાખો.***

**હાલ માસ્ક જ વેક્સિન છે.**

## વિશ્વમાં કેટલી ભાષા અને કેટલી ઇન્ટરનેટ પર પ્રચલિત?

- ★ ઈન્ટરનેટ પર અંગ્રેજી ભાષાની બોલબાલા છે પણ રસપ્રદ બાબત તો એ છે કે આ ભાષા બોલનારા દુનિયાના માત્ર પાંચ ટકા લોકો જ છે.
- ★ ઈન્ટરનેટ પર સૌથી વધારે વેબસાઈટ અંગ્રેજી ભાષામાં જ બનેલી છે.
- ★ માહિતી પ્રમાણે દુનિયામાં ૭૧૦૦ ભાષા બોલાય છે અને તેમાંથી ૩૦૦ ભાષા જ ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે.
- ★ જો કે આ ૩૦૦ ભાષામાંથી ૮૦ ટકા ભાષા એવી છે જે બોલનારાની સંખ્યા એક લાખથી પણ ઓછી છે.
- ★ સાત અબજ લોકોમાંથી ૫.૫ ટકા લોકો જ એવા છે જેની મૂળ ભાષા અંગ્રેજી છે.
- ★ હિંદી બોલનારાની સંખ્યા ૨૬ કરોડથી પણ વધારે છે પણ વેબસાઈટ પર તેની ઉપસ્થિતિ ૦.૧ ટકાથી પણ ઓછી છે.
- ★ ૧૫૧૯ ભાષાનું અસ્તિત્વ ખતરામાં છે. જ્યારે ૯૧૫ ભાષાનો અંત આવી ચૂક્યો છે.
- ★ સૌથી વધારે ચીની ભાષા બોલાય છે. જેનો આંકડો એક અબજ વીસ કરોડ કરતા પણ વધારે છે.

## શબ્દોના અર્થ

- ■ **GOOGLE :** Global Organization of Oriented Group Language of Earth
- ■ **YAHOO :** Yet Another Hierarchical Officious Oracle
- ■ **ECS :** Elitegroup Computer System
- ■ **LCD :** Liquid Crystal Display
- ■ **HTML :** HYPERTEXT MARKUP LANGUAGE
- ■ **MMS :** MULTIMEDIA MESSAGING SERVICE
- ■ **IBM :** INTERNATIONAL BUSINESS MACHINES
- ■ **WI-FI :** WIRELESS FIDELITY
- ■ **GSM :** Global System for Mobile Communication
- ■ **CDMA :** Code Division Multiple Access
- ■ **SIM :** Subscriber Identity Module.
- ■ **JPEG :** Joint Photographic Expert Group
- ■ **HTTP :** HYPERTEXT TRANSFER PROTOCOL
- ■ **PNG :** Portable Network Graphics
- ■ **PDF :** Portable Document Format

# યાદેં – ગીતમાલા

## ૧૯૪૯થી ૧૯૮૩ સુધીના સદાબહાર ૩૨ ગાયનો

હિંદી ફિલ્મોના ગાયનોના સુવર્ણયુગ ગણાતા ૫૦ વર્ષના ગાળાના ૧૯૪૯થી ૧૯૮૩ સુધીના ૩૪ વર્ષના ૩૨ ગાયનો એવા છે, જે આજે પણ ભૂલાયા નથી. ટી.વી. ચેનલો પર એ વારંવાર સંભળાતા હોય છે. એ ગાયનો આ રહ્યા.

આજે પણ જૂની ફિલ્મોના ગાયનોની લોકપ્રિયતા ઘટી નથી. ૫૦ વર્ષ કરતાં વધુ વર્ષ થઈ ગયા છતાં! જ્યારે છેલ્લા બે દસકાની ફિલ્મોના ગાયનો એવા રહ્યા, કે એક મહિનો પણ ટકતા નથી!

આ ગાયનોની પસંદગી બાબત મતભેદ હોઈ શકે, પણ એની લોકપ્રિયતા બાબત નહીં.

૧. **આયેગા આનેવાલા** : ૧૯૪૯માં આવેલી મહલ ફિલ્મનું આ ગાયન લતા મંગેશકરનું ગાયેલું છે. મધુબાલાના મુખે એ ગવાય છે. સંગીત ખેમચંદ પ્રકાશનું હતું.

૨. **રસિક બલમા** : રાજ કપૂર અને નરગીસના અભિનયવાળી ફિલ્મ 'ચોરી ચોરી'નું આ ગાયન ૧૯૫૬નું લતાનું ગાયેલું છે. શંકર જયકિશનનું સંગીત હતું.

૩. **જાને ક્યા તુને કહી** : ૧૯૫૭માં આવેલી 'પ્યાસા' ફિલ્મનું આ ગાયન એ ફિલ્મના અભિનેતા, નિર્માતા, દિગ્દર્શક ગુરૂદત્તની પત્ની ગીતા દત્તે ગાયેલું છે. એસ.ડી. બર્મનનું સંગીત હતું.

૪. **વક્તને કિયા ક્યા હસીન સીતમ** : ગુરૂદત્તની જ ફિલ્મ 'કાગજ કે ફૂલ' ૧૯૫૯માં આવેલી. આ ગાયન પણ ગીતા દત્તે જ ગાયેલું. સંગીત બર્મનદાનું હતું.

૫. **પ્યાર કિયા તો ડરના ક્યા** : દરેક પ્રેમીઓ દ્વારા ગવાતું આ ગાયન ૧૯૬૦માં આવેલી ફિલ્મ 'મોગલે આઝમ'માં મધુબાલા ગાય છે. નૌશાદનું સંગીત હતું અને લતાનું પ્લેબેક હતું. શકીલ બદાયુનીએ આ ગાયન ૧૦૫ વખત લખેલું પછી તૈયાર થયેલું.

૬. **ચૌદવી કા ચાંદ હો** : ગુરૂદત્તની 'ચૌદવી કા ચાંદ હો' નામની ફિલ્મ ૧૯૬૦માં આવેલી. ગુરૂદત્ત ફિલ્મમાં હીરો હોય છે, એ આ ગાય છે. એનું સંગીત રવિ શર્માએ આપેલું.

૭. **સારંગા તેરી યાદ મેં** : કેટલાક સંગીતકારો એક જ ગાયનથી અમર રહે એમાંનું આ ગાયન છે. જે સરદાર મલીક નામના સંગીતકારે આપેલું. હમણાંના સંગીતકાર અનુ મલીકના એ પિતા અને હસરત જયપુરી નામના કવિના એ બનેવી. મૂકેશે ગાયેલું આ ગાયન ૧૯૬૦માં આવેલી 'સારંગા' ફિલ્મનું છે.

૮. **ઓ સજના બરખા બહાર આઈ** : શુધ્ધ કલ્યાણ રાગમાં ગવાયેલું આ ગાયન પરખ ફિલ્મ ૧૯૬૦માં આવેલી એનું છે. પેલું 'રસિક બલમા' પણ શુધ્ધ કલ્યાણમાં ગવાયેલું. સલીલ ચૌધરીના સંગીતમાં લતાએ ગાયેલું. ફિલ્મની વાર્તા પણ સલીલ ચૌધરીની હતી. હીરોઈન સાધના હતી. હીરો રહેમાન હતો.

૯. **અભી ના જાઓ છોડ કે** : આજે પણ ટી.વી. ચેનલો પર દરરોજ ક્યાંક ને ક્યાંક આવતું આ ગાયન દેવ આનંદની ફિલ્મ 'હમ દોનો'નું છે. ૧૯૬૧માં આવેલી આ ફિલ્મનું ગાયન મોહમ્મદ રફી અને આશા ભોંસલેએ ગાયેલું છે. સંગીત જયદેવનું છે.

૧૦. **અલ્લાહ તેરો નામ** : આ ગાયન 'હમ દોનો' ફિલ્મનું. લતાનું પ્લેબેક.

૧૧. **એ મેરે પ્યારે વતન** : ૧૯૬૧માં જ આવેલી બલરાજ સહાની અભિનીત ફિલ્મ 'કાબૂલીવાલા'નું આ ગાયન મન્નાડેએ ગાયેલું છે. સંગીત સલિલ ચૌધરીનું છે.

૧૨. **મેરા ગોરા અંગ લઇ લે** : ૧૯૬૩માં આવેલી 'બંદિની' ફિલ્મનું આ ગાયન એસ.ડી. બર્મનના સંગીતે મઢેલું છે.

૧૩. **પૂછો ના કૈસે મૈંને રૈન બીતાઈ** : એ જ વર્ષમાં આવેલી ફિલ્મ 'મેરી સુરત તેરી આંખે' ફિલ્મના આ ગાયનનું સંગીત બર્મનદાનું છે અને ગાયક મન્નાડે છે.

૧૪. **તેરે બચપન કો જવાની કી દુઆ** : 'મુઝે જીને દો' ફિલ્મ ૧૯૬૩માં આવેલી. એનું આ ગાયન લતાએ ગાયેલું છે.

૧૫. **લગ જા ગલે** : 'વોહ કૌન થી?' ફિલ્મનું આ ગાયન લતાએ ગાયેલું છે. સંગીત મદન મોહનનું હતું અને ફિલ્મ ૧૯૬૪માં આવેલી.

૧૬. **જાઈએ આપ કહાં જાઓગે** : ૧૯૬૫માં આવેલી 'મેરે સનમ'નું આ ગાયન આશાનું ગાયેલું અને ઓ.પી. નય્યરનું સંગીત છે.

૧૭. **દિન ઢલ જાયે** : ૧૯૬૫માં 'ગાઈડ' ફિલ્મ આવેલી. જેમાં દેવ આનંદ અને વહીદા રહેમાનની ભૂમિકા હતી. એના બધા જ ગાયનો જો કે સારા હતા. આ ગાયન રફીએ ગાયેલું.

૧૮. **તેરે મેરે સપને** : આ ગાયન પણ 'ગાઈડ'નું છે. એનું સંગીત એસ.ડી. બર્મનનું હતું.

૧૯. **રાત કે હમસફર** : 'ઍન ઇવનિંગ ઈન પેરિસ' ૧૯૬૭માં આવેલી. જેનું આ ગાયન રફી અને આશાએ ગાયેલું છે.

૨૦. **રાત અકેલી હૈ** : ૧૯૬૭. જવેલ થીફ. આશા ભોંસલે.

૨૧. **તુમ પુકાર લો...** : ખામોશી. હેમંતકુમાર. ૧૯૭૦.

૨૨. **કહીં દૂર જબ દિન ઢલ જાયે** : આ ગીત આજે પણ લગભગ દરરોજ ટી.વી. પર આવે છે. કવિ યોગેશે એના કેવા શબ્દો રચ્યા છે! મૂકેશે ગાયેલું આ ગીત ૧૯૭૧માં આવેલી 'આનંદ' ફિલ્મનું છે.

૨૩. **મુસાફીર હું યારો** : પરિચય. કિશોર કુમાર. ૧૯૭૨.

૨૪. **કુછ તો લોગ કહેંગે** : અમરપ્રેમ. કિશોર કુમાર. ૧૯૭૨.

૨૫. **જાને જા ઢુંઢતા ફિર રહા** : જવાની દિવાની. કિશોર કુમાર. ૧૯૭૧.

૨૬. **તેરે મેરે મિલનકી યે બેલા** : અભિમાન. કિશોર કુમાર. ૧૯૭૩.

૨૭. **તુમ જો મિલ ગયે હો** : હસતે જખમ. ૧૯૭૩. રફી અને લતા.

૨૮. **ચૈન સે હમકો કભી** : પ્રાણ જાયે પર વચન ના જાયે. આશા. ૧૯૭૪.

૨૯. **તેરે બિના જિંદગી સે કોઈ** : આંધી. લતા અને કિશોર કુમાર. ૧૯૭૫.

૩૦. **ફીર વોહી રાત હૈ** : ઘર. કિશોર કુમાર. ૧૯૭૮.

૩૧. **અય ઝિંદગી ગલે લગા લે** : સદમા. સુરેશ વાડકર. ૧૯૮૩.

૩૨. **એય બબુઆ, એ ય મહુઆ** : સદમા. આશા. ૧૯૮૩.

***નોંધ*** *: આ સિવાય અન્ય અનેક ગીતોનો સમાવેશ આ યાદીમાં કરી શકાય.*

## ન લૈલા - ન હીર

ઊભરતી એની જવાની છે
તોય ક્યાં કોઈની દિવાની છે?
હોય ધસમસતી બે કાંઠે ભરપૂર
સરિતા જેવી ક્યાં આપની રવાની છે?
લૈલાની છે, હીરની પણ છે
એના જેવી ક્યાં આપની કહાની છે?
નજર કરીયે ને શર્મનો શેરડો છૂટે
આપના બદન પર ક્યાં એની નિશાની છે?
અહીં તમન્ના શું ચાહતની રાખવી?
ક્યાં એની કોઈ પર મહેરબાની છે.

*મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ • મો. ૯૯૨૪૩ ૭૧૯૯૪*

## થાતી ગઈ

*છંદ બંધારણ : ગાગાલગા – લગાગા – લગાલગા – ગાગા*

એકેક હસ્તરેખા તિરાડ થાતી ગઈ,
હકની હતી જણસ જે નિગાળ થાતી ગઈ.
પટકૂળ જેમ પહેરી હતી ઘણી વેળા,
એ સદ્નસીબ પળ ચીંથરાળ થાતી ગઈ.
**આંસુ જ ક્યાં સિલકમાં રહ્યાં છે આજકાલ,**
**આંખોય ઊંડી, સૂકું તળાવ થાતી ગઈ!**
હું ઝીલવા મથું ને ઝરી જાતી તત્કાળ,
ઝરમરતી ચાંદની પણ નિતાર થાતી ગઈ.
જંગલ થતું રહ્યું જીવતર પછી તો શું?
પ્રત્યેક ઝંખનાઓ પહાડ થાતી ગઈ.
હડસેલે, ખટખટાવે, અનેક આવે – જાય,
આ જિંદગીય જાણે કમાડ થાતી ગઈ.

*પ્રો. જયંત કોરડિયા 'કેવલ' - જૂનાગઢ*
*મો. ૯૮૭૯૮ ૪૧૯૪૦, ૯૪૨૭૭ ૦૬૬૩૭*

## વાણી જો વીરડો

ચંદન ને ઘસતા 'હરિ' સુગંધી લહેરાય
**જીવન એવું જીવીએ જાણે ધુપસળી સુહાય.**
સીધા સંગે સીધા રહીએ વાંકા સાથે વાંકા,
'હરિ' સદાય પ્રેમથી સૌને કહો કાકા.

### પાણી

દાળ શાક ને ખીચડી ખીર ચાય ને છાય
'હરિ' જલકૃપા થકી દોઢાં બમણા થાય
હાલાતને પહોંચી વળે સમજુ નાર શાણી
પાંચ નોતર્યા પંદર આવે, 'હરિ' દે દાળમાં પાણી!

*હરિદાસ કે. ઠક્કર 'હરિ' - માંડવી, કચ્છ*
*નિવૃત્ત ઓફિસ સુપ્રિ. ઉ.મા. શાળા*

## બારણું થયું

*છંદ બંધારણ : ગાગાલગા – લગા – લલગા – ગાલગાલ – ગા*

એ આંખમાં સદાય ખટકતું કણું થયું,
જ્યાં હક હતો એ જો ન કદી આપણું થયું!
આ ભાગ્ય એટલે હાથની વક્ર લીટીઓ,
એમાં જ આખી જિંદગીનું બાંધણું થયું!
**તું દોડે તેટલી જમીનો લઇ લે દોડમાં,**
**છેવટ બે ગજ જમીન તારું પોટણું થયું!**
મુજને ખપે ન સ્વર્ગ, જો સાથે ન શ્વાન હોય,
યુધિષ્ઠિરનું જો શ્વાન સાથે મન ઘણું થયું!
હું જિતી જાત બાજી રમતમાં જરૂર કિન્તુ,
રાજા-રાણી વચ્ચે દૂકીનું બેસણું થયું!
મોસમ કેવી ખીલી અહીં વરસાદની જુઓ,
કોરાનુંયે અહીં કેવું કોરામણું થયું?
જન્મો-જનમ તું આપજે દુખો જ હે પ્રભુ,
સુખમાં ન કોઈથી તારું સંભારણું થયું!
સાપોલિયા બહારના ઘરમાં ઘૂસી ગયા,
ભીંતોમાં જો તિરાડરૂપે બારણું થયું!

*ચંદ્રકાંત પટેલ 'સરલ' - માણાવદર*
*મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪*

## જીવન વસંતને માણો

જીવન વસંત માણવી હોય તો
ઉમંગની નિત્ય ઉજાણી કરો,
ઉદાસીનતાની ઉપેક્ષા કરો

શુભનું સદા સ્મરણ કરો,
અશુભનું વિસ્મરણ કરો,
વિષાદિતાને વિદાય કરો.

**ફરગેટ કરો, ફરગિવ કરો,**
સુલેહ સંપથી સરળ બનો.
ફોલ્ટ ફાઇન્ડિંગ ન કરો.

**નહોતું કશું તારું નથી રહેવાનું**
સમય સાથે સઘળું સરી જવાનું
ભેદ ભરમનું આ ભટકવાનું

તારું મારું, મારું તારું છે આભાસી,
સુખ-દુઃખનું એવું છે આવાગમન
ખટક, છટક, ભટકને છોડો.

*શંકર ન. ઠક્કર - ભુજ*
*મો. ૯૪૨૬૭ ૮૮૭૯૫*

## સમરસતાનું ગીત

ચાલો ભાઈઓ, ગામને સંપીલું બનાવીએ
ચાલો બહેનો ગામને સમરસ બનાવીએ
પંચાયતની ચૂંટણીમાં સમજુને ચૂંટીએ
**ભણેલા-ગણેલા, ને અનુભવીને ચૂંટીએ.**
આપણી પંચાયતને સમરસ બનાવીએ
ચાલો ભાઈઓ, ગામને સંપીલું બનાવીએ.

મોભાદાર, ખાનદાન ભાઈ-બહેનને ચૂંટીએ
પાંચમાં પૂછાય એવા સેવાધારીને ચૂંટીએ
**તકવાદીઓને પ્રેમથી ઘરે બેસાડીએ,**
કોમવાદીના નામ સામે ચોકડી લગાવીએ.
સાચા સજ્જનને સરપંચ સાહેબ બનાવીએ.
ચાલો બહેનો, ગામને સમરસ બનાવીએ.

સંપ રાખીને ગામના વિકાસનું વિચારીએ,
વેરઝેર, ઝઘડાને ગામમાંથી ભગાવીએ,
આપણે આપણા ગામનું ગૌરવ વધારીએ,
ગામને વિકાસશીલ બનાવીએ
ચાલો ભાઈઓ, ગામને સંપીલું બનાવીએ.

ગામમાં સંપ હશે તો વિકાસ ખૂબ થાશે
ગામમાં કુસંપ હશે તો વિનાશ જ થાશે.
**સમજી વિચારીને મતદાન કરીને,**
**ભાઈચારાની ભાવના વધારીએ,**
ચાલો બહેનો, ગામને સમરસ બનાવીએ.

***ચંદ્રવદન જી. મહેતા 'સારસ' - ભુજ, કચ્છ***
***મો. ૯૯૭૮૦ ૫૨૮૦૦***

## WATER SPEAKS...

I am daughter of sky,
I am queen of earth,
I am present in sky as vapour,
I am present in Air as dew,
I am present in Earth as drop,
I am ample in sea, lake, pond,
I am flowing, dancing on earth,
I am quite at sometime as "Sita"
I am noisy at sometime as "Durga"
I am scarce in sometimes,
I am excess in sometimes,
I am sweet or saline,
***I am useful to universe,***
***I am essential for universe,***
***I am crying... crying... crying...***
***For betterment of Universe***
***Save me... Save me....***

## માણસ મરવા લાગ્યો છે...

નગર વિશાળ અજગરની
જેમ વીંટળાતું રહ્યું છે.
ઘડિયાળના કાંટે
માણસ રઘવાયો થઈને
દોડ્યાં કરે છે સતત...
સમયનો બંધી થયેલો માણસ,
લાગણીઓને પણ
સમયની સાથે બાંધે છે...
નગરના વૃક્ષો પણ
સિક્યુરિટી ગાર્ડની જેમ
ઊભા છે પ્રદૂષણની મોસમ મહીં.
વૃક્ષોની ડાળીઓ પર ફૂલો પણ
"એબનોર્મલ ડિલિવરિ" જેમ
ખરી પડે છે.
યંત્રવત્ માનવીને જેમ
પક્ષીઓ પણ સમયના ગુલામ
થઈ ગયા છે.
એનો "કલરવ" પણ પીંજરામાં
કેદ થઈ ગયો હોય તેમ
આર્ટિફિશિયલ લાગે છે.
આ છે મારા નગરની તાસીર–
જ્યાં માણસમાં પ્રાણીઓના
ગુણો વિકસવા લાગ્યા છે
અને માણસ મરવા લાગ્યો છે!

***કિરીટકુમાર પી. જોશી - નડિયાદ***

## એ પાણી છે...

*જાણે સહુ બ્રહ્માંડનું અસ્તિત્વ પાણી છે,*
*માણે સહુ જીવો તે તત્ત્વ પાણી છે.*

*અવિરત, અચળ, અકળ વહેતું શિવ શિરેથી,*
*આદિ, અનાદિ સર્વે કાળનું સત્ત્વ પાણી છે.*

*વાયુ, અગ્નિ, જળ રહે સાથ ઉત્પત્તિથી અંત,*
*જીવ કલ્યાણ તણું સર્વોત્તમ પંચતત્ત્વ પાણી છે.*

*મેળવી ધરાએથી થાય તૃપ્ત ત્રિલોક સૃષ્ટિનાં જડ-ચેતન,*
*શ્વાસોનાં રથને હંકારે તે અશ્વ પાણી છે.*

***વાપરો સહુ જીવો વિચારી, ઉચ્ચારે વાણી એ,***
*પ્રકૃતિ-પર્વ ઉત્સવ ઉજાણીનું મહત્ત્વ પાણી છે.*

***અતુલ ઉપાધ્યાય "અતુલ", સિવિલ ઇજનેર - ભુજ***



## બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

### બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફ્લેટમેં જખુબાપા રેંતા. અનીંજો પોતરો વેનજે યોં વો. સે પોતરે જો ફોટો વૉટ્સઍપ તે રખ્યાં વાં ને નીચે લખ્યાં વા ક ઉપરજે ફોટેવારો છોકરો વેનજે યોં આય. જેંકે મલે ઇ નીચે એડ્રેસ દેનો આય અતે જાણ કઇજા ક પુજાય વનજા... ભગવાન આંજો ભલો કંઇધો...

બચુડો : છોરો લભ્યો ક ન... કુરો થ્યો?

અધા : છોરો ત બ્યે ડીં લભે વ્યો.

બચુડો : ત હાણેં કુરો તકલીફ આય?

અધા : છોરે જે ઘરવારા ત્રાસે વ્યાં આંઈ. છોરો હાણે બારા વેને નતો શકે. વોટ્સઍપ તા ફોટો ખસેડ્યા નાંઇ. અતરે છોરો જતે પણ વેને અતાનું પકડેને પાછો ઘરે છડે વનેતા. છોરો પરેશાન થે વ્યો આય.

### ખિલજા મ ભલા

મેનેજર : અરે રાકેશ, તું કામ પર ખૂબ મોડો આવે છે. આપણી ફેક્ટરી ક્યારે શરૂ થાય છે તેની તને કાંઈ ખબર છે કે નહીં?

રાકેશ : ના સાહેબ, હું આવું તે પહેલા તો ફેક્ટરી ચાલુ થઈ ગઈ હોય છે.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : અમારે ત્યાં તમામ ભારતીયો રોકેટના નિયમ મુજબ કામ કરે છે.

સોહન : એટલે કે નિશાન હંમેશાં ઊંચું રાખે છે.

મોહન : ના ભાઈ ના. જ્યાં સુધી પાછળ આગ ન લાગે ત્યાં સુધી આપણે હલતા પણ નથી.

☺ ☺ ☺ ☺ ☺

ચમન : હું આખી રાત ટ્રેનમાં સૂઈ ન શક્યો.

ગમન : કેમ?

ચમન : કારણકે મને ઉપરવાળી બર્થ મળી હતી.

ગમન : તો તારે નીચેવાળા સાથે બદલી કરવી લેવી હતી!

ચમન : પણ કેવી રીતે બદલું? નીચેવાળી બર્થ તો ખાલી હતી.

☺ ☺ ☺ ☺ ☺

ડાહ્યાલાલ : અરે ગાંડાલાલ, તું આમ આટલો બધા પાતળો કઈ રીતે થઈ ગયો?

ગાંડાલાલ : દવા ખાઈ ખાઈને.

ડાહ્યાલાલ : પણ તેં આટલી બધી દવાઓ ખાધી શું કરવા?

ગાંડાલાલ : નબળાઈ દૂર કરવા.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : (પતિને ફરિયાદ કરતાં કહ્યું) હવે તમે મને પહેલાની જેમ પ્રેમ નથી કરતા.

પતિ : આ તો તારો વહેમ છે. તને એવું કઈ રીતે લાગ્યું?

પત્ની : વહેમ નહીં હકીકત છે. પહેલા તમે જમવા બેસતા ત્યારે પોતે ઓછું જમતા અને મને વધારે આગ્રહ કરતા હતા.

પતિ : હકીકત તો એ છે કે હવે તું પહેલા જેવી બેસ્વાદ અને ફિક્કી રસોઈ નથી બનાવતી.

☺ ☺ ☺ ☺ ☺

રશ્મિ : તમે ગમે તે કહો, પણ મારું માનવું છે કે તમે ક્યારેક ક્યારેક ખોટું જરૂર બોલો છો. સાચું કહું છું ને?

રાકેશ : તો શું હું તારા વખાણ પણ ના કરું?

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સમાજ દર્પણ

### સરનામા ફેરફાર

- **આનંદ દેવેન્દ્રભાઈ શાહ**
  ઓ-૨૦૩, લેન્ડમાર્ક લિવિંગ,
  શ્રી રંગ પ્લાઝાની બાજુમાં, ગિફ્ટ સિટી રોડ,
  રાંદેસણ, ગાંધીનગર.
  મો. ૯૯૦૯૦ ૦૦૦૯૦

### અવસાન નોંધ – પુષ્પાંજલિ

- **ગુરૂવાર, તા. ૨૯-૧૦-૨૦૨૦**
  **દેવેન્દ્રભાઈ હંસરાજભાઈ ડુંગાણી (ઉં.વ. ૭૮)**
  **(બકુત્રા, ગાંધીનગર)**

- **રવિવાર, તા. ૧-૧૧-૨૦૨૦**
  **ધનેશભાઈ ભવાનજી શાહ (ઉં.વ. ૭૨) (ભુજ, અમદાવાદ)**


*સદ્‌ગતશ્રીના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*



વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Jalandhar
Ludhiana
Chandigarh
Punjab
Dehradun
Uttara khand
Delhi
Meerut
Ghaziabad
Noida
Aligarh
Bikaner
Gurgaon
Faridabad
Jaipur
Rajasthan
Uttar Pradesh
Lucknow
Kanpur
Jodhpur
Ajmer
Udaipur
Kota
Allahabad
Varanasi
Patna
Bihar
Siliguri
Guwahati
Assam
Ahmedabad
Gandhidham
Gujarat
Rajkot
Jamnagar
Bhavnagar
Madhya Pradesh
Ujjain
Bhopal
Jabalpur
Vadodara
Ankleshwar
Indore
Surat
Jharkhand
Durgapur
Ranchi
West Bengal
Kolkata
Chhattisgarh
Raipur
Rourkela
Vapi
Vadodara
Amravati
Nagpur
Nashik
Maharashtra
Vasai
Bhiwandi
Aurangabad
Cuttack
Odisha
Mumbai
Pune
Telangana
Warangal
Sangli
Solapur
Kolhapur
Hyderabad
Visakhapatnam
Kakinada
Rajahmundry
Vijayawada
Belgaum
Hubli
Guntur
Goa
Karnataka
Andhra Pradesh
Nellore
Mangalore
Tirupati
Bangalore
Mysore
Chennai
Pondicherry
Salem
Coimbatore
Erode
Kerala
Tiruppur
Madurai
Thrissur
Kochi
Tamil Nadu
Kollam
V-TRANS
Driving Excellence
TOOL BOX
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ નેટવર્ક
બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS®
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

## સવાયા ગુજરાતી ફાધર વાલેસનાં
## સદાબહાર પ્રેરક પુસ્તકો







| | |
|---|---|
| પ્રેરણાપરબ (પુરસ્કૃત) | 100 |
| વાણી તેવું વર્તન | 500 |
| વ્યક્તિઘડતર | 120 |
| સમાજમંગલ | 200 |
| વ્યક્તિમંગલ | 280 |
| ધર્મમંગલ | 150 |
| શિક્ષણમંગલ | 200 |
| સદાચાર | 125 |
| યુવાધર્મ | 50 |
| પ્રસન્નતાની પાંખડીઓ | 80 |
| આકાશવાણીના સૌજન્યથી | 13 |
| રોમેરોમે | 13 |
| સેવાધર્મ | 90 |
| મુરલી | 100 |
| લગ્નસાગર | 251 |
| ગાંધીજી અને નવી પેઢી (પુરસ્કૃત) | 100 |

## વૃદ્ધાવસ્થાનો વૈભવ વ્યક્ત કરતાં વિવિધ લેખકોનાં પુસ્તકો

| | | |
|---|---|---|
| જિંદગી ના મિલેગી દોબારા (પુરસ્કૃત) | રોહિત શાહ | 150 |
| જીવનસંધ્યાનાં તિમિર અને તેજ | ઊર્મિલા શાહ | 200 |
| અકાળે અસ્ત શા માટે ? | મૃદુલા માત્રાવાડિયા, રાવજી સવાણી | 70 |
| વૃદ્ધત્વની સમસ્યા | હિતેશકુમાર પટેલ | 125 |
| વૃદ્ધજનો માટે ચાર 'વેઈકપ કૉલ'ને બાર સંકલ્પ | દોલતભાઈ દેસાઈ | 20 |
| ચાલો, વૃદ્ધાવસ્થાને આવકારીએ ને આનંદમય જીવનની... | દોલતભાઈ દેસાઈ | 125 |
| ઢળતી સંધ્યાનું સુખ | એ. જી. સવાણી | 70 |
| પાછલી વયે | મનહર ઓઝા | 50 |

## આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે,
સીમા હૉલની સામે, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

## બાળકોના ઘડતરનાં
## બેમિસાલ પુસ્તકો

| | | |
|---|---|---|
| અવર ચાઈલ્ડ, અવર ચૅલેન્જ | ઊર્મિલા શાહ | 180 |
| સંતાન સ્કૂલમાં અને ઘરમાં (ઇનામી) | ઊર્મિલા શાહ | 160 |
| બાળકને ઉછેરતાં શીખીએ | ઊર્મિલા શાહ | 150 |
| સંતાનને પણ કંઈક કહેવા દો | ઊર્મિલા શાહ | 150 |
| છોકરાં ભણાવવાં સહેલાં નથી | ઊર્મિલા શાહ | 160 |
| સંતાનનું ઘડતર – એક સાધના | ઊર્મિલા શાહ | 110 |
| બાળકને ઓળખીએ | ઊર્મિલા શાહ | 90 |
| બાળકને સમજીએ (ઇનામી) | ઊર્મિલા શાહ | 150 |
| મા-બાપ સાથે ગોષ્ઠી | ઊર્મિલા શાહ | 125 |
| સંતાનોની સમસ્યાઓ | ઊર્મિલા શાહ | 160 |
| બાળપુષ્પોને મહેકવા દો ઇનામી) | ઊર્મિલા શાહ | 170 |
| વડીલો સાથે વાતચીત | ઊર્મિલા શાહ | 150 |
| કિશોરોનું મનોરાજ્ય | ઊર્મિલા શાહ | 85 |
| સંતાનનો સર્વાંગી વિકાસ | ઊર્મિલા શાહ | 160 |
| બાળઉછેરની મૂંઝવણો... નિષ્ણાતોની નજરે... | ડૉ. આરતી મહેતા | 150 |
| કિડ્સ-કૅર | રોહિત શાહ | 100 |
| Kids-અપગ્રેડ | રોહિત શાહ | 50 |
| બાળઘડતરના અનુભવો | હસમુખ પટેલ | 100 |
| સંતાન ઘડતરના પડકારો | બેલા ઠાકર | 110 |
| મા-બાપોને | ગિજુભાઈ બધેકા | 110 |
| સલામત બાળપણની શોધમાં | હિમાંશી શેલત | 20 |




*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ००૬.
ફોન : (०७૯) २६५७ ८८૯२, २६५८ १५०१

**To,**